Extra No. 209

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, MAY 19, 2016/VAISAKHA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

છઠ્ઠો માળ, ગીફ્ટ-૧, રોડ-૫ સી

ઝોન-૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર,

ગુજરાત-૩૮૨૩૫૫

તા. ૨૪-૦૯-૨૦૧૫ના ગુજરાત રાજપત્ર (અસાધારણ) અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા નોટીફીકશન ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષાંગિક બાબતો) વિનિમયો-૨૦૧૫નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

રૂપવંતસિંઘ, આઈ.એ.એસ.
સચિવ
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
ગાંધીનગર

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષંગિક બાબતો, વિનિયમો
વિદ્યુત જાહેરનામા ક્રમાંક નં. ૪/૨૦૧૫

વિદ્યુત અધિનિયમ ૨૦૦૩(૨૦૦૩ નો અધિનિયમ-૩૬) હેઠળ વિભાગ ૫૦ને, વિભાગ ૧૮૧ (૨)(x) સાથે વાંચતા, તથા ગુજરાત વિદ્યુત ઉધોગ (પુનર્ગમન અને વિનિયમ) અધિનિયમ ૨૦૦૩ (૨૦૦૩ નો ગુજરાત અધિનિયમ-૨૪) વિભાગ ૪૨ (૧)(બી) અને તેના હેઠળ મળેલી સત્તાના આધારે ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ, આથી, “વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષંગિક બાબતો” નાં વિનિયમો બનાવે છે, જેને હવેથી પુરવઠા સંહિતા તરીકે ઓળખવામાં આવશે.

ટૂંકું શિર્ષક, ક્ષેત્ર-વ્યાપ અને પ્રારંભ

૧ આ વિનિયમોને ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ (વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષંગિક બાબતો) વિનિયમો, ૨૦૧૫ (અહી હવે પછી પુરવઠા સંહિતા” તરીકે ઉલ્લેખ કરાયો છે) તરીકે ઓળખવામાં આવશે.

૨ સંહિતામાં પરવાનેદારની, ગ્રાહકોની તથા એકબીજાનાં અરસપરસની જવાબદારીઓની વિગતો આપી છે અને ગ્રાહકોને કાર્યક્ષમ, ખર્ચ-અસરકારક અને ગ્રાહક અનુકૂળ સેવા પૂરી પાડવા પરવાનેદારે અપનાવવાની પધ્ધતિ ઓનો સેટ નિર્દિષ્ટ કર્યો છે.

૩ પુરવઠા સંહિતા સાથે જોડેલ તમામ પત્રક (ફોર્મ) અને ફોર્મેટ માર્ગદર્શન માટે છે. પરવાનેદાર, આયોગની પૂર્વ મંજૂરી લઈને પત્રક (ફોર્મ)/ ફોર્મેટમાં યોગ્ય સુધારા કરી શકશે અને આવાં સુધારેલ પત્રક (ફોર્મ)/ ફોર્મેટ, ગ્રાહકોના ઉપયોગ માટે સંબંધિત પરવાનેદારની વેબસાઈટ પર મૂકાશે.

૪ આ સંહિતા નીચેનાને લાગુ પડશે:

(૧) ગુજરાત રાજ્યમાં માનવામાં આવેલ (ડીમ્ડ) પરવાનેદારો સહિત તમામ વિતરણ પરવાનેદારો અને તમામ ગ્રાહકો;

(૨) અધિનિયમની કલમ-૧૩ અન્વયે મુક્તિ અપાયેલ તમામ વ્યક્તિઓ;

(૩) અનધિકૃત પુરવઠો, અનધિકૃત ઉપયોગ, માર્ગપલટો અને અનધિકૃત ઉપયોગ/સંક્ષેપીકરણ/વીજ ચોરીના અન્ય ઉપાયો.

૫ આ સંહિતા, ગુજરાત સરકારનાં ગેઝેટમાં છપાશે તે તારીખથી અમલમાં આવ્યા ગણવામાં આવશે.

૬ પુરવઠા સંહિતાની સંરચના

આ પુરવઠા સંહિતા નીચે જણાવ્યા મુજબના ૯ વિભાગમાં વહેંચવામાં આવી છે.

વિભાગ-૧: પ્રાસ્તાવિક

વિભાગ-૨: વ્યાખ્યાઓ

વિભાગ-૩: પુરવઠાની પધ્ધતિ અને ગ્રાહકોનું વર્ગીકરણ

વિભાગ-૪: નવાં જોડાણો આપવાની કાર્યપધ્ધતિ અને ચાલુ જોડાણોમાં સુધારા

વિભાગ-૫: ગ્રાહકની જગ્યામાં રાખવામાં આવેલા ઉપકરણો

વિભાગ-૬: મીટર અને બિલ-વ્યવસ્થા

વિભાગ-૭: મર્યાદાઓ

વિભાગ-૮: જોડાણ કાપવું અને પુન:જોડાણ કરવું

વિભાગ-૯: સામાન્ય જોગવાઈઓ

વિષય-સૂચિ

અનુ. નં	શિર્ષક	પાના નં.
	ટૂંકું, શિર્ષક, ક્ષેત્ર-વ્યાપ અને પ્રારંભ	૨
૧.	**વિભાગ-૧**	૬
	વિદ્યુત પુરવઠા સંહિતાના પુર્નવાલોકન સમિતિ	૬
	પુર્નવાલોકન અને સુધારાઓ	૭
	પુરવઠા સંહિતાની મર્યાદાઓ	૮
	ગોપનિયતા	૮
	વિવાદોનો નિકાલ કરવાની પધ્ધતિ	૮
	અન્ય વિનિયમો	૮
૨.	**વિભાગ-૨ : વ્યાખ્યાઓ અને અર્થઘટનો**	૯
૩.	**વિભાગ-૩ : વીજ પુરવઠા પધ્ધતિ અને ગ્રાહકોનું વર્ગીકરણ**	૧૫
	વીજ પુરવઠા પધ્ધતિ	૧૫
	પાવર ફેક્ટર	૧૬
	વિતરણ પરવાનેદારની વ્યવસ્થાને સમાંતર કાર્યવાહી	૧૬
	ગ્રાહકોનું વર્ગીકરણ	૧૬
૪.	**વિભાગ-૪ : નવું વીજ જોડાણ આપવાની કાર્યપધ્ધતિ અને ચાલુ જોડાણમાં સુધારા**	૧૭
	વીજ પુરવઠો પૂરો પાડવાની પરવાનેદારની જવાબદારી	૧૭
	વિતરણ પધ્ધતિ નાં વિસ્તરણના સંદર્ભે પરવાનેદારની જવાબદારી અને થનાર ખર્ચમાં ગ્રાહકનો હિસ્સો	૧૭
	જોડાણ મંજુર કરવાની શરતો	૧૭
	હયાત (હાલની/મોજૂદ) મિલકતની ખરીદી	૧૭
	હયાત (હાલની/મોજૂદ) મિલકતનું પુનર્નિર્માણ	૧૮
	નવું વીજ જોડાણ માટે અરજી પત્રક પુરૂં પાડવાની કાર્યપધ્ધતિ	૧૮
	અરજી પત્રકની પ્રક્રિયા કરવી	૨૦
	હંગામી વીજ પુરવઠો પૂરો પાડવાની કાર્યપધ્ધતિ	૨૪
	હયાત (હાલનાં/મોજૂદ) જોડાણોમાં સુધારા માટેની કાર્યપધ્ધતિ	૨૫
	અરજી પત્રકની પ્રક્રિયા કરવી	૨૫
	સર્વિસ જોડાણની તબદીલી	૨૬
	સર્વિસીસનું પરિવર્તન	૨૭
	મીટર/ હાલના જોડાણનું સ્થળાંતર	૨૭
	ગ્રાહક વર્ગનું પુન:વર્ગીકરણ	૨૭
	વીજભાર વધારો	૨૮
	વીજભાર ઘટાડો	૨૯
	કરાર વીજભાર/મંજુર વીજભાર/કરાર માંગની સમીક્ષા	૩૦
	કરાર કરવો	૩૦
	પુરવઠાની સામાન્ય શરતો	૩૧
	માંગ નોંધ	૩૧
	પુરવઠા બિંદુ(પોઈન્ટ ઓફ સપ્લાય)	૩૧
	માંગ નોંધની ચુકવણીની પધ્ધતિ	૩૨

અનુ. નં	શિર્ષક	પાના નં.
	વીજળીનું પુનર્વેચાણ	૩૨
	ગ્રાહકની જગ્યામાં પ્રવેશ કરવાનો માર્ગ	૩૨
	ફ્યૂઝ નિષ્ફળતાને કારણે પુરવઠાનું અટકી જવું	૩૨
૫.	**વિભાગ-૫ : ગ્રાહકની જગ્યાનાં ઉપકરણો**	૩૩
	ગ્રાહકની જગ્યામાં વાયરીંગ	૩૩
	ગ્રાહકના સાજસરંજામ અને ઉપકરણોનું સ્થાપન	૩૩
	એ.સી.મોટરનું સ્થાપન	૩૪
	સિંચાઇ/કૃષિ પંપ સેટનું સ્થાપન	૩૪
	વિતરણ પરવાનેદારનાં પુરવઠા મેઈન્સ અને સાધનો	૩૫
૬.	**વિભાગ-૬ : મીટર અને બિલ-વ્યવસ્થા**	૩૬
	મીટરોની જરૂરિયાત	૩૬
	મીટરો અને MCBs/CBs નો પુરવઠો અને સ્થાપન	૩૭
	મીટર-વાંચન	૩૮
	મીટરોનું પરિક્ષણ	૩૮
	મીટરો બદલવા	૩૯
	ખામીભર્યા મીટરોનું પરિક્ષણ	૩૯
	ખામીપૂર્ણ/બળેલા/ ખોવાયેલ મીટરોની ફેરબદલીનું ખર્ચ	૩૯
	રેકોર્ડીંગ ન કરતા મીટરો (MDI સહિત) બદલવા	૪૦
	બળેલાં મીટરો બદલવાં	૪૦
	ગૂમ થયેલાં મીટરો બદલવાં	૪૦
	મીટર સહિત પુરવઠા મેઈન્સ અને સાધનો બાબત ગ્રાહકે દખલગીરી ન કરવી	૪૦
	બિલ-વ્યવસ્થા	૪૧
	સામાન્ય	૪૧
	ખાસ સંજોગોમા બીલ તૈયાર કરવાની કાર્યપધ્ધતિ	૪૩
	મીટર સુલભ ન હોય ત્યારે બીલ તૈયાર કરવું	૪૩
	ખામીપૂર્ણ/ ચોંટી ગયેલ/ બંધ /બળી ગયેલ મીટરોના કેસમાં બીલ તૈયાર કરવા	૪૩
	ગૂમ થયેલાં મીટરોના કેસમાં બીલ તૈયાર કરવા	૪૪
	ઘરેલું ગ્રાહકો માટે કબ્જાના ફેરફાર કે મકાન ખાલી થવાના કેસમાં મીટરોનું ખાસ વાંચન અને બીલ તૈયાર કરવા,	૪૪
	ગ્રાહક દ્વારા કરાયેલ સ્વ-આકારણીને આધારે ચુકવણી	૪૪
	બિલોની આગોતરી ચુકવણી	૪૪
	તકરારી બિલોના કેસમાં બિલ તૈયાર કરવા	૪૫
	બિલોની ચુકવણી	૪૫
	બિલ ચુકવણીની પહોંચ	૪૬
	મળેલી રકમનો ઉપયોગ	૪૬
	વિલંબિત ચુકવણી ખર્ચ	૪૬
	હપ્તાની સુવિધા	૪૬
	બાકી રકમની વસૂલાત	૪૬

અનુ. નં	શિર્ષક	પાના નં.
૭.	**વિભાગ-૭ : નિયંત્રણો**	૪૭
	વીજળીની ચોરી	૪૭
	વીજળી ચોરીના કેસની ફરિયાદ નોંધણીની કાર્યપધ્ધતિ	૪૭
	આકારણી	૪૮
	ગુનાની માંડવાળ	૪૮
	ચેડાં કરેલ મીટર અંગે સ્વૈચ્છિક જાહેરાત (ઘરેલું ગ્રાહક માટે)	૪૯
	વીજળીનો અનધિકૃત ઉપયોગ	૫૦
	વીજળીનો અનધિકૃત ઉપયોગ માટેની ફરિયાદ નોંધણીની કાર્યપધ્ધતિ	૫૦
	ગ્રાહકને નોટિસ	૫૦
	ગ્રાહકના જવાબની રજૂઆત	૫૧
	વીજળીના શંકાસ્પદ અનધિકૃત ઉપયોગના કેસમાં સુનાવણી	૫૧
	આકારણી	૫૧
	અપીલ અધિકારીને અપીલ	૫૩
	કસૂરનાં પરિણામો	૫૩
૮.	**વિભાગ-૮ : જોડાણ છૂટું કરવું અને પુન: જોડાણ**	૫૪
	કામચલાઉ જોડાણ કપાત કરવું	૫૪
	જોડાણ કાયમી ધોરણે કપાત કરવું	૫૫
	ગ્રાહકની વિનંતીથી જોડાણ કપાત કરવું	૫૫
	પુર્નજોડાણ	૫૫
૯.	**વિભાગ-૯ : સામાન્ય**	૫૬
	પુરવઠામાં નિષ્ફળતા અને અવરોધ	૫૬
	વીજભાર શેડિંગ માટે જોગવાઇ	૫૬
	વીજપુરવઠાનો પ્રતિકુળ ઉપયોગ	૫૬
	માંગ તરફનું વ્યવસ્થાપન	૫૭
	કામગીરીના ધોરણો અને ગ્રાહક ફરિયાદ નિવારણ કાર્યપધ્ધતિ	૫૭
	નોટિસ બજવણી	૫૭
	બહુવિધ ઉલ્લંઘન	૫૮
	રદ કરવું અને અપવાદ	૫૮
	અર્થઘટન	૫૮
	છૂટછાટની સત્તા અને મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા	૫૮
	આયોગની અંતર્ગત સતાનો બચાવ	૫૮

જોડાણો

જોડાણ નં.	શિર્ષક	પાના નં
૧.	અરજી પત્રક-નવું જોડાણ/વીજભાર વધારો/વીજભાર ઘટાડો / પુન: જોડાણ/ (ખેતીવાડી)/નામ ફેરફાર/ સ્થળ ફેરફાર/હંગામી વીજજોડાણ/ વીજજોડાણમાં ફેરફાર / ગ્રાહકની વીજકક્ષામાં ફેરફાર (હળવા દબાણના વીજ જોડાણો માટે) (ફોર્મ-એ-૧)	૫૯
૨.	અરજી પત્રક-નવું જોડાણ/ વીજભાર વધારો/ વીજભાર ઘટાડો / નામમાં ફેરફાર (ભારે દબાણ / અતિ ભારે દબાણનાં વીજ જોડાણો માટે) (ફોર્મ-એ-૨)	૬૫
૩.	પ્રશુલ્ક વિગતો	૬૮
૪.	ચોરીના કેસોમાં વીજળીની આકારણી	૬૯

વિભાગ-૧

વિદ્યુત પુરવઠા સંહિતાના પુર્નવાલોકનની સમિતિ:

૧.૧ પુર્નવાલોકન સમિતીમાં નીચે જણાવેલા સભ્યો રહેશે જેઓ વિદ્યુત પુરવઠા અંગેની વિતરણ પરવાનેદારની બધી ટેકનિકલ બાબતોના પૂરતા જાણકાર હશે. આ પુનરાવલોકન સમિતિના પ્રમુખપદે આયોગ એસટીયુના પ્રતિનિધિને નીમશે. આયોગ વિતરણ પરવાનેદારોના પ્રતિનિધીઓમાંથી એકને પુરવઠા સંહિતાના પુર્નવાલોકન સમિતિના સભ્ય-સચિવ તરીકે નિયુક્ત કરશે, જે પુર્નવાલોકન સમિતિને જરૂરી વહીવટી માળખુ અને સાજસરંજામ પુરું પાડશે અને આ સંહિતાના ખંડ ૧.૨ અનુસાર, ગ્રાહક સંસ્થાઓના સભ્યો કે આયોગે નિયુક્ત કરેલ કોઇ પણ સભ્યના પ્રવાસ ખર્ચ વગેરેનો ખર્ચ ભોગવશે. સભ્ય-સચિવ, પુર્નવાલોકન સમિતિને જરૂરી બધી ઓફીસ સહાય પૂરી પાડવા સંપૂર્ણપણે જવાબદાર રહેશે.

પુનરાવલોકનની સમિતીનાં પ્રમુખપદે STU ના અધિકારી મુખ્ય ઈજનેરથી નિમ્નકક્ષાના ન હોવા જોઇશે.

પ્રમુખ ઉપરાંત પુનરાવલોકન સમિતિમાં નીચે મુજબના અન્ય સભ્યો રહેશે:

(એ) દરેક વિતરણ પરવાનેદારના એક પ્રતિનિધિ

(બી) આયોગ દ્વારા નિયુક્ત કરેલ બધી ઉત્પાદક કંપનીઓના એક પ્રતિનિધિ

(સી) ગુજરાત રાજયના મુખ્ય વિદ્યુત નિરીક્ષક આ પુરવઠા સંહિતા પુર્નવાલોકન સમિતિના હોદ્દાની રૂએ સભ્ય રહેશે.

(ડી) ઔદ્યોગિક ગ્રાહકોના પ્રતિનિધિઓ તરીકે ચાર પ્રતિનિધિઓ, કે જેઓ યોગ્ય રીતે નોંધાયેલી સંસ્થા કે ઔદ્યોગિક મંડળ / વ્યાપારી મંડળના સભ્યો પૈકીના હશે, તેને આયોગ દ્વારા નિમવામાં આવશે. આ ચાર પ્રતિનિધિઓ પૈકી બે એલ.ટી. ઔધોગિક ગ્રાહકો અને બે એચ.ટી./ઇ.એચ.ટી. ગ્રાહકો પૈકીના હશે.

(ઈ) નોંધાયેલ ગ્રાહક મંડળોમાંથી બે પ્રતિનિધિઓને ઘરવપરાશકાર અને વ્યાપારીક વપરાશકાર ગ્રાહકોનું પ્રતિનિધિત્વ કરવા આયોગ નિયુક્ત કરશે.

(એફ) આયોગ એક સભ્યની નિમાણુંક નોંધાયેલ મંડળોમાંથી ખેતીવાડી ગ્રાહકોનું પ્રતિનિધિત્વ કરવા કરશે.

૧.૨ આયોગ યોગ્ય લાગે તે મુજબ, કોઈપણ ક્ષેત્ર/ વ્યવસાયમાંથી પુર્નવાલોકન સમિતિમાં સભ્યો ઉમેરી શકશે.

૧.૩ આ પુર્નવાલોકન સમિતિના બધા સભ્યોની સામાન્ય મુદત, બે વર્ષની રહેશે, સિવાય કે, કોઈ કારણથી તેઓ સભ્ય રહે નહીં. આ ખાલી પડેલી જગ્યા માટે સભ્યની જેતે ક્ષેત્રમાંથી જ પસંદગી કરવામાં આવશે અને તે, જે તે બાકી રહેતી મુદત માટે જ રહેશે.

૧.૪ પુર્નવાલોકન સમિતિ પોતાના વહીવટની કાર્યપધ્ધતિ નક્કી કરી શકશે.

૧.૫ પુર્નવાલોકન સમિતિના હાલના સભ્યો તેમની મુદત પૂરી ન થાય ત્યાં સુધી અથવા નવા સભ્યો નિમવામાં આવે તે બેમાંથી જે પછીનું હોય, ત્યાં સુધી ચાલુ રહેશે.

૧.૬ પુર્નવાલોકનની સમિતિના કાર્યો:

પુર્નવાલોકન સમિતીના કાર્યો નીચે મુજબ રહેશે.

(એ) જયારે અને જ્યાં જરુર પડે ત્યારે પુરવઠા સંહિતાનું પુર્નવાલોકન કરવું.

(બી) પુર્નવાલોકન માટેની અરજીઓ વિચારવી અને આયોગ ને તે માટે જરૂરી કારણો આપીને ભલામણો કરવી.

(સી) પુરવઠા સંહિતાના અર્થઘટન અને અમલ માટે માર્ગદર્શક સૂચનાઓ આપવી.

(ડી) વિદ્યુત અકસ્માતોના કારણોનું પુર્નવાલોકન કરવું અને વિદ્યુત ધારા ૨૦૦૩ના વિભાગ ૧૬૧ અન્વયે વિદ્યુત નિરીક્ષક તરફથી મળેલા અહેવાલો અન્વયે જરૂરી ઊણપો અંગે ભલામણો કરવી જેથી આવા અક્સ્માતો પુન: થતાં અટકાવી શકાય.

(ઇ) પુરવઠા સંહિતામાં સૂચવાયેલા ફેરફારો/સુધારાઓ અન્ય સંહિતાઓ, કાયદાઓ, ધારાઓ, નિયમો કે જે, જેતે સમયે ચાલુ હોય તેની સાથે સુસંગત હોય તેની ચોકસાઇ જાળવવી.

(એફ) પુરવઠા સંહિતાના સંદર્ભમાં જરુરી વિગતવાર અભ્યાસો કરાવવા અને તેના તારણો અને ભલામણોને પુર્નવાલોકન સમિતિના સભ્યોને જાણ કરવી અને અન્ય સંબંધિત પક્ષકારોને પરિપત્ર દ્વારા જાણ કરવી.

(જી) જરુર પડે તે મુજબ અને ઓછામાં ઓછું છ મહિનામાં એક વખત, નિયમિત મિટિંગ ભરવી.

(એચ)કોઈપણ લાભાર્થી જૂથ દ્વારા રજૂ થયેલી કોઇ ચોક્કસ બાબતોને લઈને પુર્નવાલોકન સમિતિની કોઇ પેટા સમિતિની મિટિંગ રાખવી.

પુર્નવાલોકન અને સુધારાઓ :

૧.૭ વ્યકિતઓ /વપરાશકારો આ પુરવઠા સંહિતામાં ફેરફારો ઇચ્છતા હોય તો લેખિતમાં મંત્રીને આ બાબતની જાણ કરે તો તેની નકલ જીઇઆરસીને મોકલવાની રહેશે. જો આવી વિનંતી જીઇઆરસીને સીધી મોકલવામાં આવશે તો તેને પુર્નવાલોકન સમિતિના મંત્રીને મોકલવામાં આવશે, જે પછી, સંબંધિત વ્યકિતઓને અને જીઇઆરસી સૂચવે તેવા અન્ય વ્યકિતઓને સાથે રાખીને, પુરવઠા સંહિતાની જોગવાઈઓનું પુર્નવાલોકન કરશે. મંત્રી આવા સૂચિત ફેરફારો/સુધારાઓને સમિતિના બધા સભ્યોને તેમના લેખિત ટીકા ટીપ્પણ માટે યોગ્ય સમયમાં પરિપત્ર દ્વારા મોકલશે. જો જરૂરી લાગેતો, પ્રમુખ આ પુર્નવાલોકન સમિતિની મિટિંગ બોલાવશે અને આવા સૂચિત સુધારાઓ અંગે ચર્ચા કરશે. જયારે આવી પુર્નવાલોકન સમિતિને યોગ્ય લાગશે ત્યારે તે આવા સૂચનો/ભલામણો જીઇઆરસીને સૂચિત સુધારા માટે મોકલશે.

૧.૮ પુર્નવાલોકન સમિતિની દરેક મિટિંગ પછી સભ્ય સચિવશ્રી આયોગને નીચે મુજબના અહેવાલો મોકલશે.

(એ) આવા પુર્નવાલોકનના નિષ્કર્ષોનો અહેવાલ

(બી) પુરવઠા સંહિતામાં સૂચવાયેલા સુધારાઓ

(સી) ગ્રાહક / વપરાશકારો દ્વારા કરવામાં આવેલી તમામ લેખિત રજૂઆતો અને વાંધા અરજીઓ

૧.૯ સભ્ય-સચિવશ્રી આયોગને એજન્ડા અને પુર્નવાલોકન સમિતિની મિટિંગોની કાર્યનોંધ પણ મોકલશે.

૧.૧૦ આયોગના સચિવશ્રી પાસે રાખવાની રહેતી પૂરવઠા સંહિતાની સ્ટાન્ડર્ડ કોપીમાં બધા જ સુધારાઓ યોગ્ય રીતે સાંકળી લેવાના રહેશે. આવી સ્ટાન્ડર્ડ નકલમાં પુરવઠા સંહિતામાં કરવામાં આવેલા તમામ સુધારાઓની ક્રમવાર યાદી પણ બીડેલી રહેશે. આવા ગેઝેટ નોટીફીકેશનો, કે જેમાં કરાયેલા સુધારોનો સમાવેશ કરાયેલ હોય તેની, ક્રમવાર નકલો જાળવવાની રહેશે.

૧.૧૧ આયોગની વેબસાઈટ પર પુરવઠા સંહિતાની સુધારેલી નકલ પણ મુકવામાં આવશે. બધા વિતરણ પરવાનેદારો, આવી પુરવઠા સંહિતાની છેલ્લામાં છેલ્લી સુધારેલી નકલ તેમની ઓફિસમાં રાખશે અને તે વાજબી કિંમતે ખરીદી શકાય તેવી વ્યવસ્થા કરશે.

પુરવઠા સંહિતાની મર્યાદાઓ :

૧.૧૨ વિતરણ પરવાનેદારે, જયારે કોઈ અણ-ચિંતવ્યા સંજોગો ઉભા થાય કે આકસ્મિક સંજોગોમાં જરૂર જણાયે, પોતાની વિતરણ પરવાનેદાર તરીકેની ફરજો બજાવવા માટે ર્નિણયાત્મક રીતે વર્તવાનું રહેશે. આવા સંજોગોમાં ગ્રાહકોએ પણ વાજબી સહકાર અને સહાય વિતરણ પરવાનેદારને આપવાની રહેશે. આવી કામગીરીનો એક અહેવાલ વિતરણ પરવાનેદારે પુર્નવાલોકન સમિતિ અને આયોગને ૭૨ કલાકમાં આપવાનો રહેશે.

ગોપનિયતા :

૧.૧૩ વિતરણ પરવાનેદાર કોઈ પણ ગ્રાહક વિશે, જયાં સુધી કેન્દ્ર સરકાર / રાજય સરકારના વિભાગ કે અન્ય કોઇ સત્તાવાર એજન્સીને કાયદા હેઠળ જરૂરી ન બને ત્યાં સુધી, માહિતી આપશે નહીં.

વિવાદોનો નિકાલ કરવાની પધ્ધતિ :

૧.૧૪ પુરવઠા સંહિતાની કોઈ જોગવાઈ બાબતે કોઈ ગ્રાહક કે વિતરણ પરવાનેદાર વચ્ચે કોઈ વિવાદ ઉભો થાય, ત્યારે આ બાબત આયોગ પાસે લઈ જવામાં આવશે અને તેમનો ર્નિણય આખરી ગણાશે.

અન્ય વિનિયમો :

૧.૧૫ આ પુરવઠા સંહિતાની જોગવાઈઓ વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો,૨૦૦૫ અને તેમાં વખતોવખત કરાયેલા સુધારા સાથે તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પુરવઠો પુરો પાડવા કરેલું ખર્ચ અને બીજું પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો, ૨૦૦૫, તેમાં વખતોવખત કરેલા સુધારા સાથે, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જામીન અનામત) વિનિયમો, ૨૦૦૫, વખતોવખત કરેલા સુધારા સાથે અને અન્ય સંબંધિત વિનિયમો અને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે જાહેર કરેલી સંહિતાઓની સાથે વાંચવાની રહેશે.

૧.૧૬ વિતરણ પરવાનેદાર આયોગને અરજી કરીને, વિનિયમોના અમલ કરવામાં પડી રહેલી કોઇપણ મુશ્કેલી નિવારવા માટે યોગ્ય હુકમ માંગી શકશે.

વિભાગ-૨

વ્યાખ્યાઓ અને અર્થઘટનો

૨.૧ જે શબ્દો, પરિભાષા અને શબ્દપ્રયોગો વિદ્યુત અધિનિયમ-૨૦૦૩ અને તેના વખતોવખતનાં સુધારામાં વ્યાખ્યાયિત થઇ હોય અને આ સંહિતામાં વપરાઇ હોય તેનો અર્થ અધિનિયમમાં અપાયો હોય અને વ્યાખ્યાયિત થયો હોય તે રહેશે. જે શબ્દપ્રયોગો અહીં વપરાયા હોય પણ અધિનિયમમાં તેની વ્યાખ્યા કરાઈ ન હોય, પણ અન્ય કોઈ સક્ષમ ધારાસભા દ્વારા પસાર થયેલા કાયદામાં વ્યાખ્યાયિત કરાયા હોય, કે જે રાજ્યનાં વિદ્યુત ઉધોગને લાગુ પડતા હોય, તેનો અર્થ આવા કાયદામાં આપવામાં આવ્યો હોય તે કરવાનો રહેશે.

ઉપરની શરતોને આધિન, શબ્દપ્રયોગો અહીં વપરાયેલ હોય પરંતુ આ કાયદાઓ કે સક્ષમ ધારાસભા દ્વારા પસાર કરાયેલ અન્ય કોઇ કાયદાઓમાં સ્પષ્ટ રીતે વ્યાખ્યાયીત કરાયેલ ન હોય તેનો અર્થ સામાન્ય રીતે વિદ્યુત ઉદ્યોગને લાગુ પડતો હોય તેવો કરવાનો રહેશે.

૨.૨ સિવાય કે સંદર્ભની અન્યથા જરૂરિયાત હોય, આ સંહિતાના અર્થઘટનમાં;

(૧) એક વચન કે બહુવચનમાં વપરાયેલા શબ્દો જેમ લાગુ પડે તેમ, તે બહુવચન કે એકવચનને ક્રમશ: લાગુ પડશે.

(૨) કોઈપણ કાયદા, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓમાં તેમાં સમાવાયેલ બધા કાયદાઓની જોગવાઈઓમાં, સંઘટન, સુધારા, કે તેમાં ફેરબદલી કરવાના વિનિયમો કે માર્ગદર્શક સુચનાઓ, જે લાગુ પડે તે, તેનો સંદર્ભ અપાશે.

(૩) "સમાવવું"કે "સમાયેલું" શબ્દો "મર્યાદા વિના" કે "પણ મર્યાદીત નહી" તેવા શબ્દ સમુહ સાથે જ ગણવામાં આવશે, ભલે તે પછી આવા શબ્દસમૂહો આ શબ્દોની પાછળ આવ્યા હોય કે નહીં.

(૪) અહીં "સંહિતા" શબ્દએ વખતો વખત આયોગ દ્વારા સુધારેલા કે વધારેલા, અને જે તે સમયે લાગુ પડતા ધારાઓના સંદર્ભમાં આ સંહિતાના અર્થમાં જ વપરાશે.

(૫) શીર્ષકો માત્ર સગવડતા માટે મુકવામાં આવ્યા છે અને તેને સંહિતાના અર્થઘટન માટે ઉપયોગમાં લેવાના નથી.

૨.૩ આ સંહિતામાં, સંદર્ભથી વિરૂધ્ધ ન હોય તો,

(૧) **'અધિનિયમ' વિદ્યુત** અધિનિયમ ૨૦૦૩, અને ગુજરાત વિદ્યુત (પુનર્ગઠન અને વિનિયમ) અધિનિયમ ૨૦૦૩ અને વખતોવખત સુધારા મુજબ સાથે વંચાણમાં લેતાં, તેનો ઉલ્લેખ કરે છે.

(૨) **'કરાર'** વિતરણ પરવાનેદાર અને ગ્રાહક વચ્ચે કરવામાં આવેલો કરાર, તેનો ઉલ્લેખ કરે છે.

(૩) **'અરજદાર'** અધિનિયમ અને પુરવઠા સંહિતાની જોગવાઇઓ, નિયમો અને તેના હેઠળ બનાવેલ વિનિયમો અથવા અન્ય સેવાઓ મુજબ કોઈ જમીન/જગ્યા માલિક કે કબજેદાર કે જેણે વિદ્યુત પુરવઠા માટે, મંજુર વીજભાર/કરાર માંગમા વધારો કે ઘટાડો કરાવવો, નામમાં ફેરફાર, જોડાણ કાપવું અને પુન:જોડાણ કરવું અથવા કરારની સમાપ્તિ માટે વીજ પરવાનેદાર સક્ષમ અરજી પત્રક રજુ કરેલ હોય, તેનો ઉલ્લેખ કરે છે.

(૪) **'અરજી'** એ જરૂરી ખર્ચની ચુકવણી અને અન્ય પાલન કામગીરી દર્શાવતાં દસ્તાવેજો સાથે વિતરણ પરવાનેદારે માંગેલા યોગ્ય ફોર્મેટમાં બધી બાબતોમાં સંપૂર્ણ રીતે ભરેલ અરજી પત્રકનો, ઉલ્લેખ કરે છે.

(૫) **'અરજી પત્રક (ફોર્મ)'** એ, લાગુ પડતા ખર્ચની કોઇપણ ચુકવણી પૂર્વે વિતરણ પરવાનેદારે માંગ્યા મુજબ યોગ્ય ફોર્મેટમાં બધી બાબતોમા સંપૂર્ણ રીતે ભરેલ અરજી પત્રકનો, ઉલ્લેખ કરે છે.

(૬) **'પુરવઠાનો વિસ્તાર'** વિતરણ પરવાનેદારને તેના પરવાના દ્વારા જે વિસ્તારમાં વિદ્યુત પુરવઠો પૂરો પાડવાનો અધિકાર આપવામાં આવ્યો છે, તેનો ઉલ્લેખ કરે છે.

(૭) **'આકારણી અધિકારી'** અધિનિયમની કલમ-૧૨૬ની જોગવાઈઓ અન્વયે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા આકારણી અધિકારી તરીકે નિયુક્ત કરેલ હોય, તેવા અધિકારી, તેનો ઉલ્લેખ કરે છે.

(૮) **'અધિકૃત અધિકારી'** અધિનિયમની કલમ-૧૩૫ની જોગવાઈઓ અન્વયે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા જેને અધિકૃત અધિકારી તરીકે નિયુક્ત કરેલ હોય, તેવા અધિકારી, તેનો ઉલ્લેખ કરે છે.

(૯) **'અધિકૃત પ્રતિનિધિ'** કોઈપણ વ્યક્તિ/હ્યસ્તિના અધિકૃત પ્રતિનિધિ એટલે તેના તમામ અધિકારીઓ,કર્મચારીઓ, પ્રતિનિધિઓ કે વ્યક્તિઓ કે જે આવી વ્યક્તિઓ/હ્યસ્તિઓ દ્વારા અપાયેલ સામાન્ય કે ચોક્કસ સત્તા હેઠળ કામગીરી બજાવતા હોય, તેનો ઉલ્લેખ કરે છે.

(૧૦) **'બિલ કરવાનો સમયગાળો'** અનુક્રમિક મીટર વાંચવાના બે ગાળા વચ્ચેનો સામાન્ય સમય. તે ભલે મહિનાનો હોય કે વિતરણ પરવાનેદારે નિયત કર્યો હોય તેવો સમયગાળો હોય. છતાં, તે એકમાસ કરતાં ઓછો નહીં અને બે માસ કરતાં વધુ ન હોઈ શકે, તેનો ઉલ્લેખ કરે છે.

(૧૧) **'કેલેન્ડર વર્ષ'** વર્ષનાં જાન્યુઆરીનાં પહેલા દિવસથી તે જ વર્ષનાં ડીસેમ્બરનો એકત્રીસમો દિવસ સુધીના સમયનો, ઉલ્લેખ કરે છે.

(૧૨) **'ચકાસણી-મીટર'** એવું મીટર કે જે કરન્ટ ટ્રાન્સફોર્મર અને વોલ્ટેજ ટ્રાન્સફોર્મરની એક જ કોર સાથે જોડાયેલ હોય કે જેની સાથે મુખ્ય મીટર જોડાયેલું હોય અને જેનો ઉપયોગ મુખ્ય મીટર નિષ્ફળ જાય તે કેસમાં હિસાબ અને બિલ તૈયાર કરવા થાય, તેનો ઉલ્લેખ કરે છે.

(૧૩) **'વર્ગ-૧ના શહેરો'** ભારતની છેલ્લી વસતિ ગણતરીમાં વ્યાખ્યા કર્યા મુજબનાં શહેરો (૧ લાખ કરતાં વધુ વસતિવાળા વિસ્તાર), તેનો ઉલ્લેખ કરે છે.

(૧૪) **'આયોગ'** એટલે અધિનિયમ હેઠળ રચાયેલ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ.

(૧૫) **'કન્ડકટર'** એટલે વીજળી વહન કરવા માટે વપરાતાં કોઈપણ વાયર, કેબલ, બાર, ટ્યુબ, રેલ કે પ્લેટ અને તેની ગોઠવણ એવી રીતે કરાયેલ હોય કે જેનું તંત્ર સાથે વિદ્યુતકીય જોડાણ હોય, તેનો ઉલ્લેખ કરે છે.

(૧૬) **'જોડેલો વિદ્યુતભાર'** કિ.વો., કે.વી.એ., એચ.પી.માં દર્શાવાય છે. વિજ વિતરણ પરવાનેદારની ગ્રાહકની જગ્યા સાથે જોડાયેલ સર્વિસ સાથે જોડાયેલ અને એક સાથે વપરાશમાં લઈ શકાય તેમ હોય તેવા વિજવપરાશ કરતા તમામ સાધનો કે ઉપકરણોની તેના ઉત્પાદકકર્તા દ્વારા દર્શાવાયેલ, રેટેડ ક્ષમતાનો સરવાળો. આને કિ.વો. અથવા કે.વી.એ. એકમમાં દર્શાવવામાં આવશે. જો આ દર કે.વી.એ.માં દર્શાવ્યો હોય તો તેને ૦.૯ના પાવર ફેક્ટર સાથે ગુણતાં કિ.વો. એકમમાં ફેરવી શકાશે. જો આ અથવા તો અન્ય ઉપકરણ તેના ઉત્પાદક દ્વારા એચ.પી.માં દર્શાવેલ હોય તો, એચ.પી. ને ૦.૭૪૬ દ્વારા ગુણીને તેને કિ.વો. એકમમાં ફેરવવામાં આવશે, તેનો ઉલ્લેખ કરે છે.

(૧૭) **'જોડાણ બિન્દુ'** એવું બિંદુ કે જ્યાં ગ્રાહકનાં સ્થાપન અને/અથવા ઉપકરણો વિતરણ પરવાનેદારની વિતરણ વ્યવસ્થા સાથે જોડવામાં આવેલ હોય, તેનો ઉલ્લેખ કરે છે.

(૧૮) **'ગ્રાહક'** કોઈ પણ વ્યકિત કે, જેને વિદ્યુત અધિનિયમ-૨૦૦૩ હેઠળ, પરવાનેદાર અથવા સરકાર અથવા સમયગાળા માટે અમલી એવા અન્ય કાયદા હેઠળ, પોતાના ઉપયોગ માટે અથવા પ્રજાને વિદ્યુત પૂરી પાડવાના ધંધામાં રોકાયેલી હોય તેવી વ્યકિત દ્વારા, વિદ્યુત પૂરી પાડવામાં આવતી હોય, અને તેવી વ્યકિતઓનો પણ સમાવેશ કરવામાં આવે છે જેઓની જગ્યામાં સમયગાળા માટે પરવાનેદાર અથવા સરકાર અથવા તો તેવી અન્ય વ્યકિત દ્વારા વિદ્યુત જોડાણ આપવામાં આવ્યું હોય, તેનો ઉલ્લેખ કરે છે.

ગ્રાહક નીચે મુજબ નિર્દિષ્ટ કરેલ છે.

I. **'હળવા (નીચા) દબાણવાળા ગ્રાહક' (એલ.ટી. ગ્રાહક)** નિચા કે મધ્યમ વીજદબાણે (વોલ્ટેજે) પરવાનેદાર પાસેથી વીજ પુરવઠો મેળવતો હોય તે.

II. **'ભારે (ઉચ્ચ) દબાણવાળા ગ્રાહક' (એચ.ટી. ગ્રાહક)** ઉંચા વીજદબાણે (વોલ્ટેજે) પરવાનેદાર પાસેથી વીજ પુરવઠો મેળવતો હોય તે.

III. **'અતિભારે (અતિ ઉચ્ચ) દબાણવાળા ગ્રાહક' (ઇ.એચ.ટી. ગ્રાહક)** જે અતિ ઉંચા વીજદબાણે (વોલ્ટેજે) પરવાનેદાર પાસેથી વીજપુરવઠો મેળવતો હોય તે.

(૧૯) **"ગ્રાહક સ્થાપન" કે "ગ્રાહકનું સ્થાપન"**: વીજ પુરવઠાના બિન્દુથી શરૂ કરીને ગ્રાહકની જગ્યા પર ઉપલબ્ધ ઉપકરણો સહિત, ગ્રાહક દ્વારા અથવા તેમના વતી વાયરો, ફિટીંગ્સ, મોટર્સ અને ઉપકરણો ઉભા કર્યા હોય અને વાયરીંગ કર્યા હોય તેવા અસ્થાયી/સ્થાયી સમિશ્ર વીજળી એકમોનો ઉલ્લેખ કરે છે અને જે સ્થાપન સાથે જોડાયેલ હોય અથવા જોડાણ કરવા વિચારાયેલ હોય પરંતુ હાલમાં જોડાણ ન કરાયેલ હોય, તેનો સમાવેશ કરે છે.

(૨૦) **'કરારીત માંગ/ મંજૂર વીજભાર/ કરારીત વીજભાર'** એવી મહત્તમ માંગ કે જે કિ.વો./કે.વી.એ./એચ.પી. માં પરવાનેદાર પુરી પાડવા સંમત હોય અને પરવાનેદાર અને ગ્રાહક વચ્ચેનાં કરારમાં તે નક્કી કરેલ હોય, જયાં કરારમાં કે.વી.એ. લખ્યાં હોય ત્યાં તેના કિ.વો. કરવા માટે પાવર ફેક્ટરના ૦.૯ ગુણાંક સાથે ગુણવાના રહેશે. કરારમાં પૂરવઠો એચ.પી.માં નિયત કરેલ હોય તો, એચ.પી. ને ૦.૭૪૬ દ્વારા ગુણાકાર કરીને કિ.વો. માં રૂપાંતરીત કરાશે, તેનો ઉલ્લેખ કરે છે.

(૨૧) **'કટ આઉટ'** કોઇ પણ એવા ઉપકરણ કે સાધન કે જે વીજ પ્રવાહ પૂર્વ નિર્ધારિત જથ્થા કરતાં વધી જાય ત્યારે કોઇપણ કન્ડકટર મારફત વીજપ્રવાહના વહનમાં આપોઆપ અવરોધ ઉભો કરે અને તેમાં ફ્યુઝપાત્ર ઉપકરણોનો પણ સમાવેશ થશે, તેનો ઉલ્લેખ કરે છે.

(૨૨) **"વીજપૂરવઠો શરૂ કરવાની તારીખ"**: એવી તારીખે કે પરવાનેદાર ગ્રાહકના સ્થાપનને વિતરણનાં મેઇન્સ સાથે જોડાણ કરીને વિજયુક્ત કરવામાં આવે,તેનો ઉલ્લેખ કરે છે.

(૨૩) **બિલના ગાળા માટેની માંગણી કિંમત:** એવી કિંમત કે જે કરાર/મંજૂર/જોડાણ કરેલ વીજભાર કે અધિકતમ માંગ (આ સંહિતાની વ્યાખ્યા નં.(૪૬) ના સંદર્ભ) ને આધારે ગ્રાહક પાસેથી વસૂલ કરાતી હોય અને તે આયોગ દ્વારા મંજૂર કરાયેલ પ્રશુલ્ક આદેશમાં ઠરાવેલ પધ્ધતિ અનુસાર ગણવામાં આવશે, તેનો ઉલ્લેખ કરે છે.

(૨૪) **'જોડાણ કાપવું'** વપરાશકાર કે ગ્રાહકને વિજતંત્રથી વાસ્તવિક રીતે અલગ કરવું.

(૨૫) **'વિતરણ મેઇન્સ'** કોઇ મેઇનનો એવો ભાગ કે જેની સાથે સર્વિસ લાઇન તરત જ જોડવામાં આવેલ હોય કે તે પ્રમાણે ઇચ્છેલ હોય, તેનો ઉલ્લેખ કરેલ છે.

(૨૬) **'વિતરણ પરવાનેદાર'** અધિનિયમની કલમ-૧૪ અન્વયે એવી વ્યક્તિનો ઉલ્લેખ કરે છે જેને પોતાના પૂરવઠા વિસ્તારમાં ગ્રાહકોને વીજળી પૂરી પાડવા વિતરણ વ્યવસ્થાના સંચાલન અને જાળવણી કરવા માટે અધિકૃત પરવાનો આપવામાં આવ્યો હોય.

(૨૭) **'વિતરણ વ્યવસ્થા'** પ્રવહન લાઇનો અથવા વીજ ઉત્પાદન મથકના જોડાણો પરનાં ડિલિવરી બિંદુઓ અને ગ્રાહકોના વીજસ્થાપન સાથેના જોડાણ બિંદુ વચ્ચે વાયરો અને સંયોજીત સુવિધાઓની વ્યવસ્થાનો ઉલ્લેખ કરે છે. **સ્પષ્ટીકરણ:** ૩૩(કે.વી.) અને તેથી નીચેની ડિઝાઇનના વીજદબાણ ધરાવતી લાઇનો, ભૂગર્ભ કેબલો, સર્વિસ લાઇનો, વીજળી પ્લાન્ટ, કંટ્રોલ સ્વિચ ગિયર અને મીટરોનો સમાવેશ કરતી કોઇપણ વ્યવસ્થા અને તેમાં આયોગ ખાસ કરીને માન્ય કરે તે પ્રમાણે ઉંચા વીજદબાણની અન્ય વ્યવસ્થાનો સમાવેશ થાય છે. વિતરણ સિસ્ટમમાં ગ્રાહકના છેડે જોડાણ કરેલ અને અતિ ઉચ્ચ વીજદબાણના (૬૬ કે.વી. અને તેથી વધુ) ગ્રાહકોને વીજળી પૂરી પાડવા વપરાતા ટર્મિનલ ઉપકરણો (મીટરીંગ સિસ્ટમ, CT, PT) સિવાયની પ્રવહન વ્યવસ્થાના કોઇપણ ભાગનો સમાવેશ થતો નથી.

(૨૮) **'અર્થ કરેલું"** માટીના સામાન્ય જથ્થા સાથે એવી રીતે જોડાયેલ હોય કે તુરંત વીજળીનો ભયરહિત નિકાલ હરહંમેશ સુનિશ્ચિત કરાય, તેનો ઉલ્લેખ કરે છે.

(૨૯) **'વીજળિક લાઇન'** કોઈપણ હેતુસર વીજળી વહન માટે વપરાતી કોઈપણ લાઇન, જેમાં સમાવિષ્ટ છે:

I. આવી કોઇ લાઇન માટે કોઇ આધાર, એટલે કે, અંદર ઉપર થકી કે બાજુએથી કોઈપણ સંરચના, ટાવર, થાંભલો કે અન્ય વસ્તુ થકી આવી કોઇ લાઇનને ટેકવી હોય, આગળ લઈ જવાઇ હોય કે લટકાવેલ હોય અને

II. વીજળી વહનના હેતુસર આવી કોઇ લાઇન સાથે જોડેલ કોઈપણ ઉપકરણ

(૩૦) **'વિદ્યુત નિરીક્ષક'** અધિનિયમ ૨૦૦૩ના વિભાગ ૧૬૨ના પેટા વિભાગ (૧) હેઠળ યોગ્ય સરકાર દ્વારા નિમાયેલી વ્યકિત, જેમાં મુખ્ય વિદ્યુત નિરીક્ષકનો પણ સમાવેશ થાય છે, તેનો ઉલ્લેખ કરે છે.

(૩૧) **'વીજ-ખર્ચ (એનર્જી ચાર્જ')** પૂરી પાડેલી વીજળીના જથ્થાને આધારે ગ્રાહક પર નાખેલ ખર્ચ પ્રશુલ્ક અનુસૂચિ મુજબ કી.વો.એચ. કે કે.વી.એ.એચ. એકમમાં દર્શાવેલ કે જેમાં બળતણ સરચાર્જ અને વપરાશ સમય આધારિત ચાર્જનો સમાવેશ થાય છે.

(૩૨) **'અતિ ભારે (ઉચ્ચ) દબાણ'** ૬૬ કે.વી. સમતુલ્ય અને તે કરતાં વધુ એવું વીજદબાણ, તેનો ઉલ્લેખ કરે છે.

(૩૩) **'નાણાકીય વર્ષ'** અંગ્રેજી કેલેન્ડર વર્ષમાં પહેલી એપ્રિલથી શરૂ કરીને આગામી વર્ષના માર્ચની એકત્રીસ તારીખે પુરો થતો સમય, તેનો ઉલ્લેખ કરે છે.

(૩૪) **'ફીડર'** જેની સાથે વિતરણ પેટા મથક કે એલ.ટી., એચ.ટી. અને ઈ.એચ.ટી. ગ્રાહકોનું જોડાણ કરાયું હોય અને તે પેટા-મથકથી નીકળતી હોય તેવી એલ.ટી., એચ.ટી. અને ઈ.એચ.ટી. લાઇનોનો ઉલ્લેખ કરે છે.

(૩૫) **'ઉત્પાદક કંપનીઓ'** કોઈ પણ કંપની કે કોર્પોરેટ સંસ્થા કે મંડળી કે વ્યકિતઓનું જુથ, તે નોંધાયેલ હોય કે નહીં, કે કાયદેસરની વ્યકિત જે માલિક હોય કે ઉત્પાદક સ્ટેશન ધરાવતો હોય, ચલાવતો હોય, તેનો ઉલ્લેખ કરે છે.

(૩૬) **જીઇઆરસી** 'ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ', નો ઉલ્લેખ કરે છે.

(૩૭) **'ભારે (ઉચ્ચ) દબાણ'** ૪૪૦ વોલ્ટ કરતાં વધુ અને ૬૬ કે.વી. કરતાં ઓછું હોય તેવું વીજ દબાણ, તેનો ઉલ્લેખ કરે છે.

(૩૮) **'ભારતીય માનક'** ભારતીય માનક સંસ્થા દ્વારા માન્ય પ્રમાણો અને વિશેષ વિગતો, નો ઉલ્લેખ કરે છે.

(૩૯) **'સ્વતંત્ર ફીડર'** એક જ ગ્રાહકને વીજ પુરવઠો પૂરો પાડતા ફીડરનો ઉલ્લેખ કરે છે.

(૪૦) **'આંતર જોડાણ'**: આનો અર્થ પેટા ખંડ ૨.૩(૧૭) માં 'જોડાણ બિન્દુ' માટે આપેલી વ્યાખ્યા મુજબનો જ થાય છે.

(૪૧) **'પરવાનો'** એટલે અધિનિયમની કલમ-૧૪ જોગવાઈઓ હેઠળ માન્ય કરવામાં આવેલો પરવાનો.

(૪૨) **'પરવાનો આપેલ વીજળી-કોન્ટ્રાકટર'** એટલે કેન્દ્રીય વિદ્યુત પ્રાધિકરણ (સલામતી અને વીજ પુરવઠાને લગતાં પગલાં) વિનિયમો, ૨૦૧૦ની કલમ-૨૯ અન્વયે પરવાનો અપાયેલ વીજળી-કોન્ટ્રાકટર.

(૪૩) **'લોડ ફેક્ટર'**એ નિયત કરેલ સમયગાળામાં વપરાયેલ યુનિટની કૂલ સંખ્યાનો તે જ સમયગાળા માટે વીજભાર જાળવ્યો હોય તે સ્થિતિમાં વપરાયેલ યુનિટની કુલ સંખ્યા સાથેનો ગુણોત્તર છે અને તે સામાન્ય રીતે નીચે મુજબ ટકાવારીમાં વ્યક્ત કરાશે. લોડ ફેક્ટર %= (નિયત સમયગાળામાં વપરાયેલ ખરેખર યુનિટ x ૧૦૦)/(કિ.વો. માં કરાર વીજભાર x સમયગાળામાં કલાકની સંખ્યા)

(૪૪) **'નીચું (નિમ્ન) દબાણ કે લોવોલ્ટેજ'** જે વીજદબાણ ૪૪૦ વોલ્ટ કરતાં ઓછું હોય, તેનો ઉલ્લેખ કરે છે.

(૪૫) **'મેઈન્સ'** એટલે કોઇ વિદ્યુત પુરવઠા લાઈન જે દ્વારા વિદ્યુત પૂરી પાડવાની કે તે હેતુ માટેની લાઈન.

(૪૬) **'મહત્તમ માંગ'** કિ.વો. કે કે.વી.એ.માં દર્શાવેલી મહત્તમ માંગ, જે લાગુ પડતું હોય, તેનો અર્થ ક્રમિક ૩૦-૧૫ મિનિટ (જે પ્રકારનું મીટર વાપરવામાં આવ્યું હોય તેના આધારે) ગાળા દરમ્યાન મહત્તમ વપરાશ થયેલા કી.વો/કે.વી.એ.ની સરેરાશ કે જ્યાં મહત્તમ માંગનું વાંચન કી.વો/કે.વી.એ. માં સીધુ જ થઈ શકે તેવી લાક્ષણિકતાવાળૂ મીટર મુકવામાં આવેલ હોય.

(૪૭) **'મીટર'** એવું સાધન કે જે વીજળીનો જથ્થો માપવા, દર્શાવવા અને નોંધવા, વીજળી કિ.વો.એચ. કે કે.વી.એ.એચ.માં, અધિકતમ માંગ કિ.વો. કે કે.વી.એ.માં, રિએકટિવ વીજળી કે.વી.એ.આર.એચ.માં વગેરે અને જેમાં કરંટ ટ્રાન્સફોર્મર, વોલ્ટેજ ટ્રાન્સફોર્મર/પોટેન્શિયલ ટ્રાન્સફોર્મર/ કેપેસીટર વોલ્ટેજ ટ્રાન્સફોર્મર વગેરે આવા મીટર સાથેના જોડાણમાં વપરાયેલ હોય તેનો સમાવેશ થાય છે તેનો ઉલ્લેખ કરે છે.

(૪૮) **'માસ'** કેલેન્ડરમાં દર્શાવેલ મહિનો, સિવાય કે કોઈ બીજી રીતે દર્શાવવામાં આવ્યો હોય, એ સમયગાળો કે જે કોઇ એક માસની કોઈ એક નિયત કરેલી તારીખથી બીજા મહિનાની તે તારીખ સુધીનો ગાળો (એવો સમયગાળો કે જે આશરે ૩૦ દિવસને સમાન હોય).

(૪૯) **'કબજેદાર'** એટલે જ્યાં વીજળી વપરાતી હોય અથવા વાપરવા વિચારાયું હોય તે જગ્યાનો કબ્જો ધરાવનાર માલિક કે વ્યક્તિ, તેનો ઉલ્લેખ કરે છે.

(૫૦) **'ઓવરહેડ લાઈન'** એટલે કોઇપણ વીજળી પૂરવઠા લાઇન જે જમીન ઉપરથી અને ખુલ્લી હવામાં પસાર થતી હોય, પરંતુ તેમાં ટ્રેકશન સિસ્ટમની લાઇવ રેઇલનો સમાવેશ ન થતો હોય, તેનો ઉલ્લેખ કરે છે.

(૫૧) **'વ્યકિત'** કોઈ વ્યકિત, કંપની, કે સંસ્થા કે મંડળી કે વ્યકિતઓનું જુથ જે નોંધાયેલું હોય કે નોંધાયેલું ન હોય, અથવા કાયદેસરની અધિકૃત વ્યકિત, તેનો ઉલ્લેખ કરે છે.

(૫૨) **'પુરવઠા બિન્દુ'** પરસ્પર સમજુતીથી નક્કી થયેલ ન હોય તેવા કિસ્સામાં ગ્રાહકના ફ્યૂઝ કટ આઉટના આવક બિન્દુ, એટલે કે એલ.ટી. ગ્રાહકોના કિસ્સામાં ગ્રાહકની જગ્યા પર લગાવાયેલા મીટર/સ્વીચ; ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર પર મીટર મૂકેલ હોય તેવા કિસ્સામાં ટ્રાન્સફોર્મર સેન્ટર/પેટા-મથક પર લગાવેલ ડીસ્ટ્રીબ્યુશન બોક્સ. એચ.ટી/ઇ.એચ.ટી ગ્રાહકોના કિસ્સામાં આ સંહિતાના જોગવાઇઓ અનુસાર ગ્રાહકની જગ્યા પરના સ્થાપન પર લગાવેલ કંટ્રોલ સ્વીચ ગીયર

(૫૩) **'પાવર ફેક્ટર'** એટલે AC વીજ સર્કીટમાં (વીજદબાણ) વોલ્ટેજ અને કરંટ વેકટરો વચ્ચે વીજળિક ખૂણાનો કોસાઇન, તેનો ઉલ્લેખ કરે છે.

(૫૪) **'જગ્યા'** જેમાં જમીન, મકાન કે બાંધકામ અથવા ભાગ કે તેનાં સંયોજનો, જેના માટે વીજપુરવઠા પુરો પાડવા માટે પરવાનેદારે કરેલ અલગ મીટર કે મીટર વ્યવસ્થા કરેલ હોય તેનો સમાવેશ થાય છે. ખેતીવાડી જોડાણની બાબતમાં, જગ્યા એટલે પાણીના સ્ત્રોત કે જેના માટે પરવાનેદારે વિજપૂરવઠો અથવા જોડાણ આપેલ હોય અથવા આપવાનો ઈરાદો રાખેલ હોય.

(૫૫) **'ગ્રામીણ વિસ્તારો'** એટલે ગુજરાત ગ્રામ પંચાયત અધિનિયમમાં વ્યાખ્યા કરાયા પ્રમાણે ગ્રામ પંચાયતોની અંદર આવરી લીધેલા વિસ્તારો.

(૫૬) **'સર્વિસ લાઈન'** એટલે વિદ્યુત પૂરી પાડવાના હેતુસર લગાવવામાં આવેલી પુરવઠા લાઈન કે જેમાંથી ;

(એ) એક ગ્રાહકને ડિસ્ટ્રીબ્યુશન મેઈનમાંથી કે વિતરણ પરવાનેદારની જગ્યામાંથી તરત જ જોડાણ આપેલું હોય, અથવા

(બી) ગ્રાહકોના જૂથને એક જ જગ્યા એ કે લગતની જગ્યાએ વિતરણ મેઈનના એક જ બિન્દુમાંથી જોડાણ આપવામાં આવ્યું હોય.

(૫૭) **'શેરી'** એટલે કોઈ પણ રસ્તો, પથ, ગલી, નેળિયું, ચોક, ચાર રસ્તા, પછી તે હલનચલનનો માર્ગ કે ખુલ્લી જગ્યા જે આરપાર જતી હોય કે ન જતી હોય, જેના પર જાહેર જનતાને જવા-આવવાનો હક હોય અને રસ્તાઓ કે ફુટપાથ કે જાહેરપુલ કે કોઝવે, તેનો ઉલ્લેખ કરે છે.

(૫૮) **'પેટામથક'** એટલે પરિવર્તન માટે કે ફેરબદલી માટે, વિદ્યુતને વિતરણ માટે કે પરિવર્તન માટે સ્થાપેલું મથક, જેમાં પરિવર્તક (ટ્રાન્સફોર્મર) કન્વર્ટર્સ, સ્વિચગિયર્સ, કેપેસીટર્સ, સીન્ક્રોનસ કન્ડેનસર્સ, રચનાત્મક કેબલ અને અન્ય આનુષંગિક સાધનસામગ્રી અને કોઈપણ મકાનો કે જે આ હેતુ માટે વપરાતા હોય તે અને તેની જગ્યા.

(૫૯) **'પુરવઠો'** વિદ્યુતના સંદર્ભમાં પરવાનેદાર કે ગ્રાહકને વેચાતી આપવામાં આવતી વિદ્યુત, તેનો ઉલ્લેખ કરે છે.

(૬૦) **'પુરવઠા સંહિતા પુર્નવાલોકન સમિતિ'** કલમ ૧.૧ હેઠળ નિમાયેલી સમિતિ

(૬૧) **'પ્રશુલ્ક આદેશ'** પરવાનેદારના સંબંધમાં વીજળી અને સેવાઓ પૂરી પાડવા પરવાનેદારે વિવિધ વર્ગના ગ્રાહકો પાસેથી વસૂલ કરવાનો દર દર્શાવતા આયોગે પ્રસિધ્ધ કરેલ સૌથી તાજેતરનાં આદેશનો ઉલ્લેખ કરે છે.

(૬૨) **'પ્રશુલ્ક અનુસૂચિ'** તે પરવાનેદાર માટે પ્રશુલ્ક આદેશની જોગવાઈઓ અનુસાર પરવાનેદારે ઈશ્યૂ કરેલ વીજળી અને સેવાઓ પૂરી પાડવાની સૌથી તાજેતરની ખર્ચની અનુસૂચિનો, ઉલ્લેખ કરે છે.

(૬૩) **'ચોરી'** એટલે અધિનિયમની કલમ-૧૩૫ માં વ્યાખ્યા કર્યા પ્રમાણે વીજળીની ચોરી.

(૬૪) **'પ્રવહન (ટ્રાન્સમિશન) પરવાનેદાર'** પરવાનેદાર જેને અધિનિયમની કલમ-૧૪ હેઠળ પ્રવહન લાઈન સ્થાપવા કે ચલાવવાનો અધિકાર આપવામાં આવ્યો હોય.

(૬૫) **'પ્રવહન વ્યવસ્થા (ટ્રાન્સમિશન સિસ્ટમ)'** એટલે એક વીજમથકથી પેટા-મથક અથવા અન્ય વીજમથક સુધી અથવા પેટા-મથકો વચ્ચે અથવા કોઈપણ બહારની આંતર-જોડાણ સાધન સામગ્રીથી વિતરણ વ્યવસ્થા સાથેના આંતર-જોડાણ સુધી વીજળી પ્રવહનના હેતુ માટે પ્રવહન પરવાનેદારની માલિકીની અને/અથવા તેના દ્વારા સંચાલિત (જનરેટર આંતર-જોડાણ સુવિધાઓ સિવાયની) અતિ ઉચ્ચ વીજદબાણની વીજળી લાઈનોનો સમાવેશ કરતી વ્યવસ્થા, જેમાં પ્રવહન પરવાનેદારની માલિકીના કે તેમના દ્વારા વપરાતાં પ્લાન્ટ અને ઉપકરણો અને મીટરોનો સમાવેશ થાય છે, પરંતુ તેમાં પરવાનેદાર/પરવાનેદારની વિતરણ વ્યવસ્થામાં કોઈપણ વિતરણ વ્યવસ્થાનાં કોઈપણ ભાગનો સમાવેશ થતો નથી.

(૬૬) **'શહેરી વિસ્તારો'** એટલે વિવિધ શહેરી વિકાસ સત્તામંડળો, કેન્ટોનમેન્ટ સતામંડળો અને ઔદ્યોગિક વસાહતો કે નગર વસાહતો હેઠળ આવતાં વિસ્તારો સહિત મહાનગરપાલિકા અને અન્ય નગરપાલિકાઓ દ્વારા આવરી લીધેલ વિસ્તાર, પરંતુ તેમાં વર્ગ-૧નાં શહેરો હેઠળ આવરી લીધેલ વિસ્તારોનો સમાવેશ થતો નથી.

(૬૭) **'વપરાશકાર'** એટલે કોઇ વ્યક્તિ જેની પાસે વિદ્યુત ઈન્ટરફેસ હોય અથવા કે જેને આ સંહિતા લાગુ પડે છે તેવી વિતરણ પરવાનેદારની વિતરણ વ્યવસ્થા વાપરતો હોય, તેનો ઉલ્લેખ કરે છે.

વિભાગ-૩

પુરવઠા પધ્ધતિ અને ગ્રાહકોનુ વર્ગીકરણ

પુરવઠાની પધ્ધતિ :

૩.૧ વિતરણ પરવાનેદારે, કેન્દ્રિય વીજળી નિયંત્રણ આયોગ (ભારતીય વીજળી ગ્રિડ સંહિતા) વિનિયમો, ૨૦૧૦ અને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગુજરાત વીજળી ગ્રિડ સંહિતા), વિનિયમો, ૨૦૧૩ અને તેના સુધારા પ્રમાણે, નિર્દિષ્ટ આવર્તન (ફ્રીકવન્સી) બેન્ડની અંદર વિદ્યુત પ્રવાહ પૂરો પાડવાનો રહેશે. પૂરવઠાના પ્રારંભ સમયે, ગ્રાહકની લેખિત સંમતિ કે આયોગની પૂર્વ મંજૂરી વિના પૂરવઠાકાર, કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણે વખતોવખત નિર્દિષ્ટ કરેલી મર્યાદા કરતાં જાહેર કરેલ વીજદબાણમાં વધુ ફેરફાર કરવાની પરવાનગી આપશે નહીં.

૩.૨ એ.સી.પુરવઠાનો પ્રમાણિત વીજદબાણ (વોલ્ટેજ) નીચે મૂજબ રહેશે:

વર્ગ	પુરવઠા પધ્ધતિ
એકંદરે ૨ એચ.પી. કરતાં વધુ નહીં તેવા સિંચાઈ પંપ સિવાયના ચાલક વીજભારને આધીન રહીને, ૬ કિ.વો. સુધીના જોડાણ વીજભાર સુધી તમામ સ્થાપનો માટે	૨૩૦-વોલ્ટ-સિંગલ ફેઝ
૬ કિ.વો. જોડાણ વીજભારથી વધુ (૨ એચ.પી.થી વધુ અને ૧૫૦ એચ.પી. સુધીનો એકંદર ચાલક વીજભાર) અને કરાર માંગના ૧૦૦ કે.વી.એ./કિ.વો. સુધીના તમામ સ્થાપનો માટે.	૪૦૦-વોલ્ટ-થ્રી ફેઝ
૧૦૦ કે.વી.એ./કિ.વો. કરતાં વધુ અને ૪૦૦૦ કે.વી.એ./કિ.વો. સુધી કરાર માંગનાં સ્થાપનો, માટે. આમ છતાં, ૨૨ કે.વી.ના હાલના ગ્રાહક માટે, કરાર માંગ મર્યાદા ૮૦૦૦ કે.વી.એ./કિ.વો. સુધી વધારાશે. પરંતુ જો વ્યવસ્થા ૧૧ કેવી માં રૂપાંતરીત કરવામાં આવે તો ગ્રાહકે ૪૦૦૦ કે.વી.એ./કી.વો.માં પરત ફરવાની બાંહેધરી આપવી પડશે.	૧૧ કે.વી./૨૨કે.વી. થ્રી-ફેઝ
૪૦૦૦ કે.વી.એ./કિ.વો. કરતાં વધુ કરાર માંગ સાથેના તમામ સ્થાપનો માટે.	૩૩ કે.વી. અને તેથી વધુ- થ્રી-ફેઝ

ગ્રાહક જો ઇચ્છે તો કરારીત વિજભાર નિર્દિષ્ટ મર્યાદા કરતા ઓછો હોય તો પણ, ઉંચા ધોરણોનો પણ પૂરવઠો મેળવવાનું પસંદ કરી શકે છે.

હાલના ગ્રાહકો, જે નીચા દબાણે ઊર્જા મેળવતા હોય, જો તે વધારાની જરૂરિયાતના કારણે વીજભારની મર્યાદા વટાવી જતાં હોય, તેવા કિસ્સાઓમાં, પરવાનેદાર શકય હોય ત્યાં સુધી, ગ્રાહકોને વ્યાવસાયિક રીતે પોષણક્ષમ દરખાસ્ત આપી શકશે જેથી ગ્રાહક પોતાની જરૂરિયાતના પછીના ક્રમમાં આવતા ભારે વીજદબાણનો વિકલ્પ લઈ શકે. આવી વાણિજ્યક દરખાસ્ત નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને બનાવવાની રહેશે.

(એ) પ્રવહન અને વિતરણની ખોટમાં આવનારી ઘટ

(બી) પરવાનેદારની વ્યવસ્થાનાં ટ્રાન્સફોર્મર્સમાં વીજભાર ઘટાડો અને નવી જરૂરિયાતોને પહોંચી વળવા માટેની તેઓની ઉપલબ્ધતા.

અલબત્ત, હાલના ગ્રાહકોને જે ઉપર દર્શાવેલ મર્યાદા કરતાં નીચેના વીજદબાણથી પુરવઠો અપાઇ રહ્યો હોય તેમને હાલની પુરવઠા વ્યવસ્થા ચાલુ રાખવાની છૂટ છે અને જો તેમની વીજભારની જરૂરિયાત વધે તે કેસમાં ઉપર જણાવેલી વીજભાર મર્યાદા લાગુ પડશે.

૩.૩ પરવાનેદાર, વિતરણ વ્યવસ્થાની ટેકનિકલ સ્થિતિ પર આધાર રાખીને આ સંહિતાના ખંડ ૩.૨માં પૂરવઠા વર્ગીકરણનાં વોલ્ટેજે અને ફેઝ સિવાયના માટે આયોગની મંજૂરીને આધીન રહીને પૂરવઠો પૂરો પાડી શકશે.

પાવર ફેક્ટર

૩.૪ જે ગ્રાહકો થ્રી-ફેઝ દ્વારા પુરવઠો મેળવતા હોય તેમણે પોતાના સ્થાપનોનો પાવર ફેક્ટર ૯૦% થી ઓછો ન હોય તે જોવાની કાળજી લેવાની રહેશે. વિતરણ પરવાનેદાર જે ગ્રાહકોને ૨ કિ.વો. કે તેથી વધુના ચાલકબળ વિજભારની જરૂર હોય તેના સ્થાપનોમાં જરૂરી અને પૂરતો પાવર ફેક્ટર જળવાઈ રહે તે માટેનું સાધન જેવું કે શંટ કેપેસીટર નાંખ્યું ન હોય, તો, તેનો પુરવઠો ચાલુ કરશે નહીં.

૩.૫ જે ગ્રાહકોને પોતાના ચાલકબળ માટે પુરવઠો જોઈતો હોય તેમણે પોતાનું શંટ કેપેસીટર (ભારતીય માનક પ્રમાણેનું) પુરતા રેટીંગવાળું અને સ્વખર્ચે લગાવવાનું રહેશે. તે આ સાધન વિતરણ પરવાનેદાર દ્વારા તપાસાયા પછી સ્થાપન કરશે અને તે માટે વિતરણ પરવાનેદારને જરૂરી તપાસ ફી ચૂકવશે. ગ્રાહક, વિતરણ પરવાનેદારને પોતાના સ્થાપનો માટે જરૂરી ક્ષમતાવાળુ શંટ કેપેસીટર લગાડવા વૈકલ્પિક વિનંતી કરી શકશે અને જરૂરી ખર્ચ વિતરણ પરવાનેદારને આપે, તો વિતરણ પરવાનેદાર જો પોતાની પાસે હોય તો એવું શંટ કેપેસીટર લગાવી આપશે.વિતરણ પરવાનેદાર, ગ્રાહક પાસેથી માંગણી આવે તો, શંટ કેપેસીટરનું રેટિંગ, અને વિતરણ પરવાનેદારે બનાવેલી વિક્રેતાઓની પસંદગીની યાદી પણ આપી શકશે.

૩.૬ જરૂર મુજબની ક્ષમતાવાળું કેપેસીટર ન મૂકવાના કારણે જો તેનો વીજપૂરવઠો બંધ કરી દેવામાં આવે અને જો વિતરણ પરવાનેદારે ગ્રાહકને જરૂરી નોટિસ આપી હોય અને અન્યથા તે ગ્રાહકને વીજજોડાણ આપવા તૈયાર હોય તો ગ્રાહક લઘુત્તમ ખર્ચ આપવાની તેની જવાબદારીમાંથી છટકી શકશે નહીં,

૩.૭ વિતરણ પરવાનેદારે ગ્રાહક/અરજદારના ખર્ચે લગાવી આપેલું શંટ કેપેસીટરએ ગ્રાહક કે અરજદારની માલિકીનું બની જાય છે અને તેના નિભાવ મરામતની જવાબદારી તેમની રહેશે. જો આવુ કેપેસીટર લગાવ્યા પછી બગડી જાય કે ગુમ થઈ જાય તો ગ્રાહકને તે સ્વખર્ચે બદલી આપવાનું રહેશે અથવા વિતરણ પરવાનેદાર પોતાની પાસે ઉપલબ્ધ હોયતો, ગ્રાહકના ખર્ચે પુરૂં પાડશે. આ બાબત એવા ગ્રાહકોને પણ લાગુ પડશે જેને વધારાનો વીજપુરવઠો જોઈતો હોય અને જયાં તેમનો ચાલક વીજબળ ૨ કિ.વો. કે તેથી વધતો હોય.

૩.૮ જયાં થ્રી–ફેઝ સ્થાપનો હોય અને ચાલકબળ સ્થાપનો ૨ કિ.વો. કે તેથી વધુ હોય, અને જયાં સરેરાશ પાવર ફેક્ટર ૯૦% કરતાં ઓછો માલુમ પડે ત્યાં, વિતરણ પરવાનેદાર કેપેસીટરને સુધારવા માટે પ્રવર્તમાન ધારા, નિયમો અને વિનિયમોને આધિન ૧૦ દિવસની મુદતની નોટિસ આપીને વિદ્યુત પુરવઠો આપવા અસંમત થશે કે જોડાણ કાંપી નાખી શકશે.

વિતરણ પરવાનેદારની વ્યવસ્થાને સમાન્તર કાર્યવાહી

૩.૯ જો ગ્રાહક પોતાની જગ્યામાં કોઈ જનરેટિંગ સેટ લગાવવા ઈચ્છતા હોય, અને તે વિતરણ પરવાનેદારની પૂરવઠા લાઈન સાથે જોડાણ આપવાનો હોય તો તેમણે આવા સેટની ટેકનિકલ અને કામગીરીની વિગતો સાથે વિતરણ પરવાનેદાર સાથે સંકલન કરવાનું રહેશે ઉપરાંત આવા ગાહકે મુખ્ય વિદ્યુત નિરીક્ષક સહિત અન્ય સંબંધિત સત્તાઓની પરવાનગી લેવી જરૂરી રહેશે જે આવા જનરેટીંગ સેટ ઉભા કરતા પહેલાં કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ (સલામતી અને વીજળી પુરવઠા અંગેના પગલાં), વિનિયમો, ૨૦૧૦ અને તેના વખતોવખતનાં સુધારા મુજબના, અને ગુજરાત સરકારના જાહેરનામા નં.GU/૮૫/CEI/૧૧-૨૦૧૨/૪૧૪૦/K, તા. ૧૦/૦૭/૨૦૧૨ અને જે વખતોવખત અમલમાં હોય તે મુજબની હોવી જોઈશે.

ગ્રાહકોનું વર્ગીકરણ

૩.૧૦આયોગ વખતો વખત મંજુર રાખે તે મુજબ પ્રશુલ્ક વર્ગીકરણ બનાવીને ગ્રાહકોની યાદીઓનું વર્ગીકરણ અને પુન:વર્ગીકરણ કરશે, અને તેવા અલગ અલગ પ્રકારના દરની જાહેરાત કરશે, જે પહેલા આયોગ પાસે મંજુર કરાવેલી હશે. આયોગે મંજુર ન રાખી હોય તેવા કોઈ વધારાના વર્ગો પરવાનેદાર ઉભા કરશે નહીં.

વિભાગ-૪

નવું જોડાણ આપવાની કાર્યપધ્ધતિ અને ચાલુ જોડાણમાં સુધારા

પુરવઠો પૂરો પાડવાની પરવાનેદારની જવાબદારી :

૪.૧ પરવાનેદાર, તેના પૂરવઠા વિસ્તારમાં આવેલ કોઈપણ જગ્યાના માલિક કે કબજેદારને અરજીના આધારે, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો,૨૦૦૫ અને તેમાં કરેલ વખતોવખત સુધારા મુજબ, નિર્દિષ્ટ સમય મર્યાદાની અંદર વીજળી પૂરી પાડશે, શરત કે;

(૧) વીજપૂરવઠો ટેકનિકલ દ્રષ્ટિએ શક્ય હોવો જોઈએ;

(૨) અરજદારે આ સંહિતામાં નિર્દિષ્ટ કરેલ પ્રક્રિયાનું પાલન કર્યું હોવું જોઇએ; અને

(૩) અરજદાર, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વીજળી પૂરવઠો પૂરો પાડવા થયેલું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો, ૨૦૦૫ અને તેના સુધારામાં નિદિષ્ટ કર્યા પ્રમાણે પૂરવઠા અને સેવાનું ખર્ચ ભોગવવા સહમત હોવો જોઇએ.

૪.૨ પૂરવઠા અને વોલ્ટેજની વ્યવસ્થા આ સંહિતાના ખંડ ૩.૨ અને ૩.૩ માં આપેલી વિગતો અનુસાર ગ્રાહકનાં વર્ગ અને વીજભાર પર આધારિત રહેશે.

વિતરણ વ્યવસ્થાનાં વિસ્તરણનાં સંદર્ભે પરવાનેદારની જવાબદારી અને થનાર ખર્ચમાં ગ્રાહકનો હિસ્સો:

૪.૩ પરવાનેદાર, તેના પુરવઠા વિસ્તારમાં વીજળીની માંગ પહોંચી વળવા, તેની વિતરણ વ્યવસ્થામાં સુધારો, વિસ્તૃતિકરણ અને મજબૂતી સુનિશ્ચિત કરવા જવાબદાર છે. નવા ગ્રાહકોની માંગ પૂરી કરવા વિતરણ મેઇન અને વ્યવસ્થાના પૂરવઠા પોઇન્ટ સુધીના વિસ્તરણ અને સુધારા માટેનો ખર્ચ અને વિતરણ મેઇનમાંથી પૂરવઠાના પોઇન્ટ સુધી સર્વિસ જોડાણનાં વિસ્તરણનો ખર્ચ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પૂરવઠો પૂરો પાડવા કરેલું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો, ૨૦૦૫ અને તેના સુધારા અનુસાર વસૂલ કરાશે.

જોડાણ આપવાની શરતો :

૪.૪ પરવાનેદાર, તેની વેબસાઇટ પર અને શક્ય હોય ત્યાં તેની કચેરીઓમાં જોઇ શકાય તે રીતે, તે વિસ્તાર/સર્કલમાં નવા જોડાણો માટેની અરજીઓની અદ્યતન સ્થિતિ, નવા જોડાણ આપવા માટેની વિગતવાર કાર્યપધ્ધતિ અને આવી અરજીઓ સાથે રજૂ કરવાના જરૂરી દસ્તાવેજોની સંપૂર્ણ યાદી પ્રદર્શિત કરશે. સામાન્ય રીતે આ રીતે યાદીમાં ન હોય તેવા કોઇ દસ્તાવેજ, નવા જોડાણ માટેની અરજી પત્રકની પ્રક્રિયા માટે જરૂરી બનશે નહીં. અરજદાર દ્વારા જમા કરાવવાની થતી જામીન અનામતની રકમ અને સર્વિસ લાઇનનાં ખર્ચની વિગતો, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પૂરવઠો પૂરો પાડવા કરેલું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો,૨૦૦૫ અને તેમાં વખતોવખત કરેલા સુધારા મુજબ અને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જામીન અનામત) વિનિયમો, ૨૦૦૫ અને તેમાં વખતોવખત કરેલા સુધારા મુજબ જમા કરાવવાની રહેશે.

૪.૫ સરકાર કે સક્ષમ સત્તાધિકારીના નિયંત્રિત/પ્રતિબંધ ફરમાવતા આદેશના કેસમાં બિનઅધિકૃત વસાહતો/વિસ્તારોમાં વીજજોડાણ મંજુર થઇ શકશે નહીં.

હયાત (હાલની/મોજૂદ) મિલકતની ખરીદી :

૪.૬ અરજદાર એવી હયાત મિલકતની ખરીદી કરે કે ખરીદવાનો ઇરાદો રાખે કે જેનું વીજજોડાણ કપાઇ ગયું હોય તો તેની, આગલા માલિકે પરવાનેદારની તમામ બાકી રકમ ચૂકવી છે તેની ખરાઇ કરાવવાની અને તેની પાસેથી 'કોઇ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' મેળવવું એ અરજદારની ફરજ છે. મિલકતની માલિકીની ફેરબદલી પહેલાં આગલા માલિકે 'કોઇ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' મેળવ્યું ન હોય તો નવા માલિકે આવું પ્રમાણપત્ર મેળવવા આગલા જોડાણની વિગતો સાથે પરવાનેદારનો સંપર્ક કરવો.

પરવાનેદારે આવી વિનંતીની પહોંચ આપવાની રહેશે અને જગ્યા પર કોઇ રકમ બાકી નીકળતી હોય તો લખાણમાં જાણ કરવાની અથવા 'કોઇ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' આવી અરજી મળ્યાની તારીખથી ૧ મહિનામાં આપવાનું રહેશે.

૪.૭ પરવાનેદાર, આ સમય મર્યાદામાં બાકી નીકળતી રકમની જાણ ન કરે કે, 'કોઇ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' રજુ ન કરે તો, આગલાં ગ્રાહક પાસેથી બાકી નીકળતી રકમનું કારણ રજૂ કરીને તે જગ્યાને નવું જોડાણ આપવાની ના પાડી શકશે નહીં. આવા કિસ્સામાં, પરવાનેદારે, કાયદાની જોગવાઇઓ અનુસાર આગલા ગ્રાહક પાસેથી તેની લેણી રકમ વસૂલ કરવાની રહેશે.

હયાત (હાલની/મોજૂદ) મિલ્કતનું પુન:ર્નિર્માણ:

૪.૮ સમગ્ર જગ્યા કે મકાન તોડવા કે તેના પુનર્નિર્માણના કેસમાં, હાલના ગ્રાહકનાં સ્થાપનની સોંપણી કરાશે, મીટર અને સર્વિસ લાઈન દૂર કરાશે અને કરાર સમાપ્ત થશે. પરવાનેદારે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જામીન અનામત), વિનિયમો, ૨૦૦૫ અને તેમાં વખતોવખત કરેલા સુધારા મુજબ ગ્રાહકની જામીન અનામતની રકમ યોગ્ય રીતે પરત કરવાની રહેશે. જૂનાં મકાનો પરની બાકી નીકળતી તમામ રકમો ચૂકવ્યા પછી પુનર્નિર્માણ કરાયેલ મકાન માટે નવું જોડાણ લઈ શકાશે. આવા કેસોમાં બાંધકામ હેતુસર હયાત જોડાણમાંથી વીજ પૂરવઠો લેવાની છૂટ લઇ શકશે નહીં.

નવું વીજ-જોડાણ માટે અરજી પત્રક પૂરૂં પાડવાની પધ્ધતિ :

૪.૯ અરજદારે, આ સંહિતાના જોડાણમાં આપેલા નીચેના ફોર્મેટમાં નવું જોડાણ મેળવવા અરજી કરવી-

(૧) નવું જોડાણ લેવા માટેનું અરજી પત્રક (હળવા દબાણ માટે)-જોડાણ-૧

(૨) નવું જોડાણ લેવા માટેનું અરજી પત્રક (ભારે દબાણ/ અતિ ભારે દબાણ) જોડાણ-૨

૪.૧૦ પરવાનેદારની સ્થાનિક કચેરીમાં વિનામૂલ્યે અરજી પત્રક મળશે. પરવાનેદાર તમામ અરજી પત્રક વિના મુલ્યે ડાઉનલોડ કરવા તેની વેબસાઇટ પર પણ મૂકશે. ગ્રાહક કોરા પત્રકની સુવાચ્ય ફોટો નકલો કરી શકશે અને પરવાનેદાર દ્વારા તેનો સ્વીકાર થશે. પરવાનેદાર, ભરેલાં અરજી પત્રક જ્યાં રજૂ કરવાનાં હોય તે સંબંધિત કચેરીનાં સરનામાં અને ટેલિફોનના નંબર પણ વેબસાઇટ પર પ્રદર્શિત કરશે. પરવાનેદાર દરેક કચેરીનાં સરનામાં અને સંબંધિત પુરવઠા વિસ્તારની કચેરીનાં ટેલિફોન નંબરો કે જ્યાં સંબંધિત વિસ્તાર માટે ભરેલા અરજીપત્રક રજુ કરી શકાય તેને પ્રદર્શિત કરવાનાં રહેશે. અરજદારને ફોર્મ ભરવા માટે જોઇતી માહિતી અથવા સહાય પરવાનેદારની સ્થાનિક કચેરીએથી આપવાની રહેશે.

૪.૧૧ પરવાનેદાર ગ્રાહકોને નવા જોડાણ કે હાલમાં જોડાણોમાં સુધારાઓ માટેની અરજી કરવા વેબસાઇટ તેમજ કોલ સેન્ટર વગેરે જેવી નવી પધ્ધતિઓ પણ પૂરી પાડશે, જેના પરિણામે કંપની સાથેની અરજદારની ક્રિયા પ્રતિક્રિયા (interface) ઘટી શકે.

૪.૧૨ નવા જોડાણ માટેના અરજીપત્રકની સાથે અરજદારે ફોટોગ્રાફ, અરજદારની ઓળખ-સાબિતી, અરજદારની માલિકીની સાબિતી કે જેના માટે નવું જોડાણ માગ્યું હોય તે જગ્યા પર કાયદેસરનો કબ્જો, અરજદારના હાલના સરનામાની સાબિતી અને ખાસ કેસોમાં, આ સંહિતાના ખંડ ૪.૧૫-૪.૨૦ માં આપેલી વિગત મુજબના કેટલાક બીજા દસ્તાવેજો જોડવાંના રહેશે.

૪.૧૩ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના (વીજળી પૂરી પાડવા થયેલું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા), વિનિયમો,૨૦૦૫ અને તેના વખતોવખતના સુધારા અનુસાર નવા જોડાણ માટેની અરજી કરતી વખતે નોંધણી સહિતની પ્રક્રિયા ફી વસૂલ કરવાની રહેશે.

૪.૧૪ જયારે ગ્રાહકના સાધનોની નક્કી કરેલ ક્ષમતા કે.વી.એ. કે કિ.વો.માં હોય ત્યારે તેના સમકક્ષ એચ.પી. નીચે પ્રમાણે નક્કી થશે.

સમકક્ષ એચ.પી. = કિ.વો. ÷ ૦.૭૪૬

વેલ્ડીંગ સાધનો સિવાય તમામ સાધનો માટે કિ.વો. ગણવા માટે કે.વી.એ.ને ૦.૯૦ના પાવર ફેક્ટર સાથે ગુણવામાં આવશે. વેલ્ડિંગ સાધનો માટે જેને કે.વી.એ.માં દર્શાવવામાં આવે છે, તેના સમકક્ષ એચ.પી. ગણવા માટે અને બિલ બનાવવા માટે, ૧ કે.વી.એ. ને ૧ એચ.પી. બરાબર ગણવામાં આવશે અને જો તે ૧ નો અપૂર્ણાંક હોય તો તેને નજીકના ૧/૨ એચ.પી.ના ગુણાંકમાં પરિવર્તિત કરવામાં આવશે.

૪.૧૫ નીચે પૈકીના કોઇપણ દસ્તાવેજો ઓળખની સાબિતી માટે સ્વીકારવામાં આવશે.

(૧) જો અરજદાર વ્યક્તિ હોય તો –

i. ચુંટણી ઓળખ પત્ર;

ii. પાસપોર્ટ;

iii. ડ્રાઇવીંગ લાઇસન્સ;

iv. રેશન કાર્ડ;

v. સરકારી સંસ્થા દ્વારા અપાયેલ ઓળખકાર્ડ;

vi. પાન કાર્ડ;

vii. આધાર કાર્ડ

(૨) જો અરજદાર, કંપની, ટ્રસ્ટ, શૈક્ષણિક સંસ્થા, સરકારી વિભાગ હોય તો તેવા કિસ્સામાં સક્ષમ સત્તાધિશે (જેમ કે બ્રાન્ચ મેનેજર, આચાર્ય, કાર્યપાલક ઈજનેર વગેરે) સંસ્થાનાં સુસંગત ઠરાવ/અધિકારપત્ર (ઓથોરીટી લેટર) અરજી પત્રક સાથે બીડી સહી કરવાની રહેશે.

૪.૧૬ જગ્યાની માલિકી કે કબ્જા હક માટે નીચેના દસ્તાવેજો સાબિતી તરીકે સ્વીકાર્ય ગણાશે.

(૧) નોંધણી કરાયેલ વેચાણખત કે પટ્ટાખતની નકલ અથવા ખેતીવાડી જોડાણના કેસમાં ૭/૧૨, ૮.એ અને હકક પત્રક (૬-એ) ની નકલ.

(૨) નગરપાલિકા વેરાની છેલ્લી પહોંચ અથવા માંગ નોટિસ અથવા બીજા કોઈ સંબંધિત દસ્તાવેજ.

(૩) ફાળવણી પત્ર,

(૪) ગ્રામ કક્ષાના સરકારી પદાધિકારીએ આપેલ માલિકી પ્રમાણપત્ર

(૫) અરજદાર, જે મકાનનો માલિક નહીં પણ કબજેદાર હોય, તેણે ઉપરના (૧) થી (૩) માં દર્શાવેલ કોઈપણ એક દસ્તાવેજની સાથે, જગ્યા માલિક પાસેથી 'ના વાંધા પ્રમાણપત્ર' પણ રજૂ કરવાનું રહેશે. સિવાયકે, તેને મકાન માટે લાંબા પટ્ટે ભાડુત તરીકે મંજૂરી મેળવી હોય. જગ્યા માલિક પાસેથી કોઈપણ કારણ(ણો)સર 'ના વાંધા પ્રમાણપત્ર' ન મળે ત્યાં, વિતરણ પરવાનેદારે નિયત કરેલ, નુકશાન સામેની ચૂકવણીનો કરાર રજૂ થયે કે જેમાં વિતરણ પરવાનેદાર તેને સર્વિસ જોડાણ આપવાને પરિણામે ઉભી થયેલ તકરારને કારણે થનારાં નુકશાન સામે રક્ષણ આપેલ હોય, ત્યારે નવું જોડાણ આપી શકાશે.

૪.૧૭ સંચાર-સંપર્ક વહેવાર (કોમ્યુનિકેશન) માટે નીચે પૈકી કોઈપણ દસ્તાવેજને ચાલુ સરનામાની સ્વીકાર્ય સાબીતી તરીકે ગણાશે.

(૧) ચુંટણી ઓળખ પત્ર;

(૨) પાસપોર્ટ;

(૩) ડ્રાઈવીંગ લાઈસન્સ;

(૪) રેશન કાર્ડ;

(૫) સરકારી સંસ્થા દ્વારા અપાયેલ ઓળખપત્ર;

(૬) હાલના બેંક ખાતાનું સ્ટેટમેન્ટ;

(૭) પાણી/ટેલિફોન/વીજળી/ગેસ જોડાણનું તાજેતરનું બિલ;

(૮) આવકવેરા આકારણી આદેશ;

(૯) આધાર કાર્ડ

૪.૧૮ મર્યાદિત ભગીદારીની જવાબદારી (LLP) સહિતની ભાગીદારીની પેઢીનાં કેસમાં અરજદારે યોગ્ય રીતે નોટરી કરાયેલ ભાગીદારી કે LLP દસ્તાવેજની સાથે અરજદારનાં નામનું મુખત્યારનામું માંગણીપત્રક અને કરારમાં સહી કરવા રજુ કરવાનાં રહેશે.

૪.૧૯ જાહેર અને/અથવા ખાનગી લિમિટેડ કંપનીના કેસમાં, અરજદારે મેમોરેન્ડમ અને આર્ટીકલ ઓફ એસોસીએશન તથા સર્ટીફીકેટ ઓફ ઈન્કોર્પોરેશનની સાથે અરજદારનાં નામનું મુખત્યારનામું માંગણીપત્રક અને કરારમાં સહી કરવા રજૂ કરવાના રહેશે.

૪.૨૦ **પસંદગીના ગ્રાહક વર્ગો માટે જ લાગુ પડતા અન્ય દસ્તાવેજો :**

(૧) ઔદ્યોગિક ગ્રાહકો : જો લાગુ પડતું હોય તો કાયદેસરનો ઔદ્યોગિક પરવાનો અને તેની સાથે બિન-ખેતી હેતુ માટે જમીનના ઉપયોગની મંજૂરી

(૨) ખેતીવિષયક ગ્રાહકો : જો જરૂરી હોય તો ટયુબવેલ માટેનું સક્ષમ સરકારી સતાધિશનું 'ના-વાંધા' પ્રમાણપત્ર

(૩) બિન રહેણાંક અને હંગામી માળખું: નગર નિગમ/નગરપાલિકા/ નગર પંચાયત/ ગ્રામ સભા/ ગ્રામપંચાયત/જમીન વિકાસ સત્તામંડળ જમીન માલિકીની કચેરીનું બિનરહેણાંક અને હંગામી માળખાં અંગેનું 'ના વાંધા' પ્રમાણપત્ર

(૪) નવાં ઔદ્યોગિક જોડાણ કે હાલનાં જોડાણનાં વીજભારમાં ઉમેરાં માટે પર્યાવરણ કે પ્રદૂષણ દ્રષ્ટિકોણથી મંજૂરી મેળવવી જરૂરી હોય ત્યાં અરજદારે સક્ષમ અધિકારીનું 'ના-વાંધા પ્રમાણપત્ર' વિતરણ પરવાનેદારને રજૂ કરવું.

અરજી પત્રકની પ્રક્રિયા કરવી :

૪.૨૧ પરવાનેદાર નવાં જોડાણો માટે પુરવઠો આપવા માટેના અરજી પત્રક અને સાથે જોડેલા દસ્તાવેજોની ખરાઈ કરશે અને ખામી જણાય તો અરજી પત્રકમાં રહેલી ખામીઓ અંગે તુરંત લેખિત નોંધ આપવાની રહેશે. જો અરજી પત્રક સંપૂર્ણ હોય તો, પરવાનેદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના (પુરવઠો પુરો પાડવા કરેલું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો, ૨૦૦૫ અને તેના સુધારા અનુસાર નોંધણી ખર્ચ સ્વીકારીને તેની પહોંચ આપશે.

૪.૨૨ પરવાનેદાર તમામ અરજી પત્રકનો કાયમી રેકોર્ડ અરજી રજિસ્ટર/ ડેટાબેઝ હેઠળ જાળવવાનો રહેશે. અરજી જે ક્રમમાં મળી હોય તે ક્રમમાં દરેક અરજીપત્રકને અરજી નંબર (ઓળખ માટે) આપવાનો રહેશે. જુદા જુદા વર્ગના ગ્રાહકો માટે અલગ રજીસ્ટરો/ડેટાબેઝ રાખી શકાશે. પરવાનેદાર, દરેક અરજી પત્રકના નિકાલની તબક્કાવાર સ્થિતિ પ્રમાણે રજીસ્ટરો/ડેટાબેઝને અદ્યતન રાખશે.

૪.૨૩ પરવાનેદાર, અરજી રજિસ્ટર/ડેટબેઝમાં ક્રમિક અગ્રતા પ્રમાણે 'વહેલા તે પહેલા'નાં વિસ્તૃત સિધ્ધાંતને ધોરણે દરેક પ્રશુલ્ક વર્ગના અરજી પત્રકની કામગીરી હાથ ધરશે. પરવાનેદાર નવાં જોડાણો માંગનાર અરજદારોની પ્રતિક્ષા યાદી જાળવશે, અપાયેલા નવા જોડાણો અંગેની વિસ્તારવાર માહિતી અને પ્રતિક્ષા યાદીની અદ્યતન સ્થિતિ પરવાનેદારની વેબસાઈટ પર અથવા પરવાનેદારની સ્થાનિક કચેરી ખાતે નોટિસ બોર્ડ કે બ્લેક બોર્ડ પર પ્રદર્શિત કરવાની રહેશે અને તેને દરરોજ અદ્યતન રાખવાની રહેશે.

૪.૨૪ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પુરવઠો પુરો પાડવા કરેલું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા), વિનિયમો, ૨૦૦૫ અને તેમાં કરેલ સુધારા અનુસાર, ઠરાવેલ નોંધણી ખર્ચની સાથેસાથ ઠરાવેલ ફોર્મેટમાં પ્રસ્તુત દસ્તાવેજો સાથે તમામ રીતે સંપૂર્ણ એવી ગ્રાહકની પૂરવઠા માટેની માંગણી મળે તે તારીખે **અરજી પત્રક** મળ્યું હોવાનું ગણાશે.

૪.૨૫ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના (પુરવઠો પુરો પાડવા થયેલ ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા), વિનિયમો, ૨૦૦૫ અને તેમાં કરેલ સુધારાની સાથે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના (જામીન અનામત), વિનિયમો, ૨૦૦૫ અને તેમાં કરેલ સુધારા પ્રમાણેના જામીન અનામત સહિતના તમામ લાગુ પડતા ખર્ચ મળ્યાના તારીખથી **અરજી** મળી હોવાનું ગણાશે.

૪.૨૬ પરવાનેદાર, અરજી પત્રક મળે તે સમયે લેખિત પહોંચ અન્વયે અરજદાર સાથે પારસ્પરિક ચર્ચા-વિચારણા કરીને અરજદારની જગ્યાના નિરીક્ષણની તારીખ નક્કી કરશે. નિરીક્ષણની તારીખ વર્ગ-૧ શહેરો અને શહેરી વિસ્તારોમાં અરજી પત્રક મળ્યાની તારીખથી ૭ કામકાજના દિવસમાં અને ગ્રામીણ વિસ્તારોમાં ૧૦ કામકાજના દિવસમાં નિયત કરવાની રહેશે. જો અરજદાર ઈચ્છે તો, રૂ, ૫૦૦ની ફી ભરીને તે પરવાનેદારને બિન-કામકાજના દિવસો (એટલે કે રવિવાર, રાજપત્રિત રજા વગેરે) એ નિરીક્ષણ કરાવવાનું નક્કી કરી શકશે.

૪.૨૭ નિરીક્ષણ દરમ્યાન, પરવાનેદાર :

(૧) ગ્રાહક સાથે પરામર્શ કરીને પુરવઠાનો પોઈન્ટ અને મીટર અને MCB વગેરે કયાં સ્થળે સ્થાપિત કરવા તે નક્કી કરશે:

એવી શરતે કે, સર્વિસ લાઈન સુલભ સ્થળોએ નાખવી જોઈશે અને મીટર મકાનની બહાર અથવા જગ્યા પ્રવેશનાં સ્થળ આગળ એવી રીતે સ્થાપિત કરવું જોઈએ કે જેથી વરસાદ વગેરે જેવા તત્વોથી તેનું રક્ષણ થઈ શકે અને તે માટે મકાનનું તાળું કે મકાન ખોલ્યા વિના તે સુલભ બની શકે;

કોઈપણ કેસમાં, વિતરણ પરવાનેદાર, તેના ઉપકરણો, મીટર કે તેની મિલકત એવા સ્થળે સ્થાપિત નહીં કરે કે જેથી તેના કર્મચારીને ખાનગી મિલકતમાં પ્રવેશ કરવાની જરૂર પડે;

(૨) અરજી પત્રકમાં જગ્યાનું પૂરૂં સાચું સરનામું ન પુરૂ પાડેલ હોય તો તે રેકર્ડ કરવું અને સર્વિસ જોડાણ આપવાનું પ્રયોજન હોય તો ત્યાંથી મિલકતની નજીકના સીમાચિન્હનો અને થાંભલા નંબર નોંધવા; અને

(૩) જરૂર મુજબ અરજી પત્રકમાં દર્શાવેલી બીજી તમામ વિગતોની ખરાઈ કરવાની રહેશે.

(૪) વિતરણ પરવાનેદાર વિદ્યુત પૂરી પાડવા માટેની સર્વિસ લાઈન મુકવા માટે જરૂરી પરવાનગી, રજા અને રસ્તાઓ મેળવવાનાં રહેશે. ગ્રાહક વિતરણ પરવાનેદારને આવી પરવાનગી, રજા અને રસ્તાઓ મેળવવામાં સહકાર આપશે. અલબત્ત, જયાં ગ્રાહક પાસે જાહેર શેરીને સંલગ્ન આગળનો ભાગ ન હોય, અને જયારે સર્વિસ લાઈનને અન્ય કોઈની મિલકતની ઉપર કે નીચેથી પસાર કરીને લઈ જવાની જરૂર પડે ત્યારે, ગાહકે જરૂરી પરવાનગી, રજા અને રસ્તા સ્વખર્ચે મેળવવાનાં રહેશે અને વીજપુરવઠો જયાં સુધી ચાલુ રાખવાનો હોય ત્યાં સુધી વખતોવખત તેને ચાલુ રાખવાના રહેશે. જો કોઈ સંજોગોમાં, આવી પરવાનગી, રજા અને રસ્તા પાછા ખેંચવામાં આવેતો પુરવઠો તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવશે અને તે પ્રવર્તમાન ધારા, નિયમો અને વિનિયમોને આધીન રહેશે. આવી સર્વિસલાઈન નાંખવા માટે અને રજા, રસ્તા અનુસાર તેને જાળવવા માટે જે કાંઈ વધારાનો ખર્ચ થશે તો તે ગ્રાહક પાસેથી વસુલ કરવામાં આવશે. અરજદાર આ બાબતે જરૂર પડે વિતરણ પરવાનેદારને જરૂરી બાંયધરી આપશે.

૪.૨૮ વિતરણ પરવાનેદાર, એક જગ્યા માટે અથવા તે જ માલિકના અડીને આવેલ/બાજુની જગ્યામાં કે જે જાહેર માર્ગ કે ખાનગી જગ્યાથી અલગ પડતાં ન હોય તો એક જોડાણ કરતાં વધુ જોડાણ આપશે નહીં. બીજા જોડાણ માટે માંગણી કરતાં ગ્રાહકોએ, આવકવેરા નંબર/વેચાણવેરા નંબર, રેશન કાર્ડ અને ભાડું અથવા પટ્ટા કરાર જેવાં અલગ કાયદાકીય દસ્તાવેજો રજૂ કરવાનાં રહેશે.

૪.૨૯ તેવા કેસો કે જેમાં નોંધણીના તબક્કે કે નિરીક્ષણ વખતે શરુઆતમાં એમ જણાય કે સૂચિત જોડાણોમાં લાગુ પડતા નિયમો કે ધોરણો કે સંહિતાનું પાલન થયું નથી તો જરૂરી પાલન કરાવ્યા પછી જોડાણ આપવું. વિતરણ પરવાનેદાર, જરૂરી પાલનની પૂર્તતા માટે વ્યવહારૂ હોય તેટલા પ્રમાણમાં ગ્રાહકને મદદ કરવા શક્ય તમામ પ્રયત્નો કરશે.

૪.૩૦ નવા જોડાણ, પુનર્જોડાણ, વીજભારમાં વધારો કે ઘટાડો, નામમાં ફેરફાર અથવા કોઇ જગ્યા માટે સર્વિસ લાઈન ખસેડવા માટેની અરજી, તે જગ્યાના સંબંધીત કોઈ લેણાં અથવા અરજદાર દ્વારા વિતરણ પરવાનેદારને વિતરણ પરવાનેદારના અધિકારક્ષેત્રમાં કોઈપણ જગ્યાએ તેના નામે રાખેલ બીજા કોઈ સર્વિસ જોડાણના સંબંધમાં કોઇ બાકી રકમ, ચુકવવામાં આવશે નહીં, ત્યાં સુધી પરવાનેદાર દ્વારા ધ્યાનમાં લેવામા આવશે નહીં.

પરંતુ નવા અરજદાર પાસેથી અગાઉનાં લેણાં વસૂલ કર્યા પછી જોડાણ આપવામાં આવે તેવા કેસમાં અને યોગ્ય કાનૂની ઉપાય પ્રાપ્ત થયા પછી પરવાનેદારને તે જગ્યા અગાઉના ગ્રાહક/માલિક પાસેથી કે કબજેદાર પાસેથી બાકી નીકળતી પૂરેપૂરી કે આંશિક રકમ મળે તે કેસમાં, આવી બાકી નીકળતી રકમ વસૂલ કરવાના ખર્ચ સરભર કર્યા પછી જેની પાસેથી બાકી રકમ વસૂલ કરવામાં આવી હોય તે નવા ગ્રાહક/ માલિક કે કબજેદારને રકમ પાછી અપાશે.

૪.૩૧ એલ.ટી. પૂરવઠા માટેની અરજીના કેસમાં ઉપરનાં ખંડ ૪.૨૯ માં કરેલી જોગવાઇ મુજબ પાલન કર્યા પછી પરવાનેદાર, અરજી કરેલ વીજભાર મંજૂર કરશે અને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો, ૨૦૦૫ અને તેના સુધારામાં નિર્દિષ્ટ સમય-મર્યાદા અંદર, પહોંચ અન્વયે, લેખિત માંગ નોંધ આપવામાં આવશે.

સિવાય કે, ઉપરના ખંડ ૪.૨૯ માં જોગવાઇ કર્યા મુજબ પાલન કરવામાં અરજદારે લીધેલ સમય ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો, ૨૦૦૫ અને તેનાં સુધારામાં નિર્દિષ્ટ સમય મર્યાદામાં સમાવિષ્ટ થશે નહીં.

૪.૩૨ એચ.ટી./ઈ.એચ.ટી. પુરવઠા માટેની અરજીના કેસમાં પરવાનેદાર અરજી મળ્યાના ૩ દિવસની અંદર તેને પ્રવહન પરવાનેદારને ગ્રિડ સંહિતાની જોગવાઇઓના સંદર્ભમાં આગળની પ્રક્રિયા માટે મોકલશે. પ્રવહન પરવાનેદાર વિતરણ પરવાનેદાર પાસેથી અરજી મળ્યાના ૭ કામકાજના દિવસમાં અરજીની શકયતા અથવા અન્યથા બાબત અંગે વિતરણ પરવાનેદારને જાણ કરશે. પ્રવહન પરવાનેદારનાં મંતવ્યો અરજદારને ત્યારબાદ ૩ દિવસની અંદર જણાવાશે.

અરજી શક્ય જણાય તેવા કેસમાં અને ઉપરના ખંડ ૪.૨૯ માં જોગવાઇ કર્યા મુજબ પાલનને આધીન હોય તો વિતરણ પરવાનેદાર દ્વારા ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો, ૨૦૦૫ અને તેના સુધારામાં નિર્દિષ્ટ સમય-મર્યાદાની અંદર, પહોંચ અન્વયે, લેખિત માંગ નોંધ આપવામાં આવશે.

સિવાય કે, ઉપરના ખંડ ૪.૨૯ માં જોગવાઇ કર્યા પ્રમાણે પાલન કરવામાં અરજદારે લીધેલો સમય અને શક્યતા અહેવાલ આપવામાં પ્રવહન પરવાનેદારે લીધેલો સમય ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ), વિનિયમો,૨૦૦૫ અને તેના સુધારામાં નિર્દિષ્ટ સમય-મર્યાદામાં સમાવિષ્ટ કરાશે નહીં.

૪.૩૩ માંગ નોંધમાં નીચેની વિગતોનો સમાવેશ કરાશે :

(૧) વીજપૂરવઠો પૂરો પાડવા હાથ ધરવાના (સર્વિસ લાઇન સહિત) કાર્યોની વિગતો;

સિવાય કે માંગણી કરેલ કિ.વો. વીજભાર દીઠના આધારે અંદાજો મોકલવામાં આવ્યા હોય ત્યારે અંદાજપત્રમાં હાથ ધરવાના કામોની વિગતોનો સમાવેશ કરવો જરૂરી રહેશે નહીં.

(૨) ઉપર દર્શાવેલા કામોનાં ખર્ચ, અરજદારે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પૂરવઠો પૂરો પાડવા કરેલું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો, ૨૦૦૫ અને તેના સુધારા અનુસાર ચૂકવવાના રહેશે.

સિવાય કે, અરજદાર જાતે કામ હાથ ધરવા માંગતો હોય તો તેને પરવાનેદારના અધિકારીની દેખરેખ હેઠળ તેમ કરવાની પરવાનગી મળી શકશે. પરવાનેદારના અંદાજ અને લે-આઉટને વળગી રહીને અરજદાર પરવાનેદારના વિતરણ મેઈન્સમાંથી તેના મકાન સુધી સર્વિસ લાઈન, એચ.ટી./ઇ.એચ.ટી. લાઈનનું વિસ્તરણ, વિતરણ અથવા વિતરણ એચ.ટી. પેટા-મથક અને એલ.ટી. લાઇન ખેંચવાના કામનું લાઇસન્સ ધરાવતા વીજળી કોન્ટ્રાકટર મારફત કરાવી શકશે. આવા કેસમાં ગ્રાહકે પોતાની જાતે માલસામાન મેળવવાનો રહેશે. માલસામાન પ્રસ્તુત BIS વિશિષ્ટ વર્ણન સાથે સુસંગત અથવા તેની સમતુલ્ય હોવો જોઇશે અને લાગુ પડે ત્યાં ISI ચિન્હ હોવું જોઇશે. પરવાનેદાર વપરાયેલ માલ-સામાનની ગુણવતાની ખરાઈ કરવા દસ્તાવેજી પુરાવો માગી શકશે.

સિવાય કે, વધુમાં જો અરજદાર તે/તેણીની પોતાની રીતે વિસ્તરણ કામ કરાવવાનું પસંદ કરે તો, માલ-સામાન અને મજૂરીના ખર્ચ પર માત્ર દેખરેખ ખર્ચ પરવાનેદારને ચૂકવવાનો રહેશે.

સિવાય કે વધુમાં, અરજદાર તેની પોતાની રીતે વિસ્તરણ કામ કરાવવાનું પસંદ કરે તો, તેણે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ), વિનિયમો, ૨૦૦૫ અને વખતોવખત તેમાં કરેલા સુધારા અનુસાર નિર્દિષ્ટ સમય-માળખામાં તેણે કામ પૂરૂં કરાવવાનું રહેશે. તેમ કરવામાં નિષ્ફળ જશે તો પરવાનેદાર કામ પૂરૂં કરવાની નોટિસ આપશે અને આવી નોટિસ આપ્યાના ૬૦ દિવસની અંદર વીજળી પૂરવઠો મેળવવાનો રહેશે. નોટિસ મુદત પૂરી થતાં, તે લાગુ પડે તે મુજબ માંગ ખર્ચ (ડિમાન્ડ ચાર્જ) અને ન્યૂનતમ માસિક ખર્ચ ચૂકવવા જવાબદાર રહેશે.

(૩) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(જામીન અનામત), વિનિયમો, ૨૦૦૫ અને તેના સુધારામાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે જામીન અનામતની રકમ

૪.૩૪ અરજદારે માંગ નોંધ મળ્યાના ૩૦ દિવસની અંદર ચૂકવણી કરવાની રહેશે, તેમ કરવામાં નિષ્ફળ જતાં અરજી પત્રક રદ થયું જણાશે અને અરજદારને તે પ્રમાણે પહોંચ હેઠળ લેખિત જાણ કરાશે. પૂરેપૂરી ચુકવણી થયા પછી જ જોડાણને વીજળીયુક્ત કરવાની પરવાનેદારની જવાબદારી રહેશે.

પરવાનેદાર, ચુકવણી મુદતના ૩૦ દિવસની અંદર અરજદાર પાસેથી લેખિત વિનંતી મળ્યેથી ખર્ચની ચૂકવણી માટે અરજદારને વધારાનો સમય આપી શકશે.

૪.૩૫ કોઇ વધારાની રકમ હોય તો તે આગામી વીજળી બિલમાં સમાયોજન કરીને ગ્રાહકને પરત કરાશે અને કોઇ સિલક બાકી હોય તો, ગ્રાહકના નામે ખાતામાં જમાપાત્ર ચેક (એકાઉન્ટ પેઇ ચેક) આપીને રકમ પરત કરાશે. ગ્રાહકને, વિગત વાર અંદાજ અને શક્ય તેટલા પ્રમાણમાં બાબત વાર આંકડામાં તફાવતની સાથે ખરેખર ખર્ચની વિગતો દર્શાવતું વિગતવાર બિલ અપાશે. વધુમાં અરજદારને વધારે માહિતી જોઇતી હોય તો, વિતરણ પરવાનેદાર ૧૦ દિવસની અંદર તે પૂરી પાડશે અથવા આવી વિનંતી બદલ રજૂ ન કરી શકવા માટેનાં કારણો જણાવશે. અરજદારે જમા કરાવેલ રકમ કરતાં કોઇ ખર્ચ વધારે થાય તો અરજદાર તેની માંગણીના ૩૦ દિવસની અંદર ચુકવણી કરશે.

સિવાય કે, માંગણી કરેલ કિ.વો. દીઠ વીજભારના ધોરણે અંદાજો આપવામાં આવ્યા હોય ત્યાં, કોઇ સમાયોજન જરૂરી બનશે નહીં.

૪.૩૬ જો પરવાનેદારનો અભિપ્રાય હોય કે પુરવઠાની સગવડ માટે અરજદારની જગ્યાની અંદર વિતરણ ટ્રાન્સફોર્મર સ્થાપિત કરવું જરૂરી છે, તો અરજદાર તેની જગ્યામાં વિતરણ ટ્રાન્સફોર્મર સ્થાપિત કરવા પરવાનેદારને યોગ્ય રૂમ કે જમીનનો ભાગ ઉપલબ્ધ કરાવશે.

૪.૩૭ અરજી મળ્યાની તારીખથી નવું વીજળી જોડાણ આપવા માટેની એકંદર સમય-રેખા ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો, ૨૦૦૫ અને તેના સુધારા અનુસાર રહેશે.

સિવાય કે, વિતરણ મેઈનમાં વિસ્તરણ માટે વધુ સમય જરૂરી હોય તો પરવાનેદાર, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો, ૨૦૦૫ના અને તેમાં વખતોવખત કરેલા સુધારા મુજબ નિર્દિષ્ટ સમયમાં વધારો કરવા વિગતો સાથે આયોગનો સંપર્ક કરી શકશે. આવા કેસોમાં પરવાનેદાર દ્વારા ગ્રાહકને કામો પૂરા કરવાના સંભવિત સમય અંગે જાણ કરવામાં આવશે.

૪.૩૮ માર્ગનો હક, જમીન સંપાદન અને જેના પર પરવાનેદારનું વાજબી નિયંત્રણ ન હોય તેવી ગ્રાહકની જવાબદારીમાં થતાં વિલંબને લગતી સમસ્યાઓને કારણે પૂરવઠાના વિસ્તરણમાં કોઈ વિલંબ થાય તો તે માટે પરવાનેદાર જવાબદાર રહેશે નહીં.

૪.૩૯ અરજદારે પોતાની જાતે વિસ્તરણ કામ કરવાનું પસંદ કર્યું હોય અને/અથવા જ્યાં પૂરવઠો માંગવામાં આવ્યો હોય તે જગ્યામા અરજદારનું સ્થાપન કાર્ય બધી રીતે પૂરૂં હોય અને સુપરવાઈઝર દ્વારા પરીક્ષણ થયું હોય તો, સરકાર દ્વારા ઈશ્યૂ કરાયેલ કે માન્ય કરાયેલ પ્રમાણપત્ર, પર અરજદારે સહી કરવી અને તે, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વીજળી પૂરી પાડવા કરેલું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો,૨૦૦૫ તેમાં કરેલા વખતોવખતના સુધારા મુજબ નિર્દિષ્ટ જરૂરી પરીક્ષણ અહેવાલના ખર્ચની સાથે સ્થાપન કામ પૂરૂં કર્યાનો તથા તેનો પરીક્ષણ અહેવાલ વિતરણ પરવાનેદારને રજૂ કરશે. પરવાનેદાર પરીક્ષણ અહેવાલ મળ્યેથી, લેખિત પહોંચ પત્ર અન્વયે પારસ્પરિક ચર્ચા-વિચારણા કરીને ગ્રાહકના સ્થાપન કાર્યના પરીક્ષણ માટે તારીખ નિયત કરશે. આવી માહિતી મળ્યાની તારીખથી વર્ગ-૧ના શહેરો અને શહેરી વિસ્તારોમાં ૭ કામકાજનાં દિવસોમાં તથા ગ્રામીણ વિસ્તારોમાં ૧૦ કામકાજના દિવસમાં પરીક્ષણની તારીખ નિયત કરાશે.

સિવાય કે, જો વીજળી સ્થાપન ૬૫૦ વોલ્ટ્સ કરતાં વધી જાય તો તેનું નિરીક્ષણ વિદ્યુત નિરીક્ષક દ્વારા કરાવવાની

જરૂરિયાત રહેશે અને પુરવઠો શરૂ કરતાં પહેલાં તેની લેખિત મંજૂરી મેળવવાની રહેશે.

આ હેતુસર ટેસ્ટ રીપોર્ટ ફોર્મ વિતરણ પરવાનેદાર દ્વારા પૂરૂ પડાશે.

૪.૪૦ જેમણે સ્થાપન કાર્ય હાથ ધર્યું હોય તે લાઈસન્સ ધરાવનાર વીજળી કોન્ટ્રાકટર કે તેના અધિકૃત પ્રતિનિધિની સાથે અરજદાર કે તેના અધિકૃત પ્રતિનિધિ પરીક્ષણ દરમ્યાન હાજર રહેશે. જો ગ્રાહકનું સ્થાપન કાર્ય સંતોષકારક જણાય તો પરવાનેદાર ગ્રાહકની હાજરીમાં મીટર અને સહાયક સામગ્રી ગોઠવવાની વ્યવસ્થા કરશે અને મીટર, મીટર બોક્ષને અને સહાયક સામગ્રીને સીલ મારશે, અને પરીક્ષણની તારીખથી ૨ કામકાજના દિવસમાં વીજ પૂરવઠો પૂરો પાડશે.

૪.૪૧ જો પરવાનેદારને સંતોષ નહીં થાય તો પહોંચ પત્ર હેઠળ અરજદારને, ગ્રાહકના સ્થાપનમાં રહેલ ભૂલો/ખામીઓની સ્થળ પર જ લેખિતમાં જાણ કરશે. અરજદાર, ખામીમાં સુધારો કર્યા બાદ, પરવાનેદારને લેખિતમાં તેની જાણ કરશે, ત્યારબાદ પરવાનેદાર આ સંહિતાના ખંડ ૪.૪૩માં ઠરાવ્યા મુજબની કાર્યપધ્ધતિ ફરીથી અનુસરશે.

૪.૪૨ કામ પૂરૂં થતાં, પરવાનેદાર અરજદારને વીજ પૂરવઠો મેળવવા અંગે જાણ કરશે અને અરજદાર આવી જાણ કર્યાના ૬૦ દિવસની મુદતમાં વીજળી મેળવવામાં નિષ્ફળ જાય તો તે લાગુ પડતો માંગ ખર્ચ (ડીમાન્ડ ચાર્જ) અને ન્યૂનતમ માસિક ખર્ચ ચૂકવવા જવાબદાર રહેશે. ખાસ સંજોગોમાં, પરવાનેદાર, ઉપર મુજબની ૬૦ દિવસની મુદતમાં વધારો કરી શકશે.

૪.૪૩ ગ્રાહકના વીજસ્થાપનનું પુન:પરીક્ષણ થાય અને નક્કી કરેલી ફીની ચૂકવણી (પરવાનેદાર પ્રથમ પરીક્ષણ માટે કોઈ ફી લેશે નહીં, પરંતુ પ્રારંભિક પરીક્ષણમાં જણાયેલ ખામીઓ/ ભૂલોને કારણે પછીનાં પરિક્ષણો માટે ફી વસુલ કરશે) થયેથી જો ગ્રાહકનું વીજ-સ્થાપન પરવાનેદારને સંતોષકરક જણાય તો પરવાનેદાર આવા પુન:પરીક્ષણના ૨ કામકાજના દિવસોમાં અરજદારની હાજરીમાં મીટર અને સહાયક સામગ્રી લગાડીને અને તેના પર સીલ મારીને, વીજ પૂરવઠો પૂરો પાડશે.

૪.૪૪ બીજી પરિસ્થિતિઓ સમાન હોય તો, શક્ય હોય ત્યાં સુધી, અનામતનાં નાણા મળ્યા તારીખના ક્રમમાં સર્વિસ લાઈન નંખાશે.

હંગામી પૂરવઠો પૂરો પાડવાની કાર્યપધ્ધતિ :

૪.૪૫ એકી વખત ૧૨ મહિનાની મુદત માટે હંગામી જોડાણ મંજૂર કરાશે. હંગામી પૂરવઠાની મુદતમાં વધારો કરવા, આ સંહિતાના ખંડ ૪.૫૭ માં વિગતે આપેલ કાર્યપધ્ધતિ લાગુ પડશે.

૪.૪૬ એલ.ટી. જોડાણો માટે ટેકનિકલ રીતે શક્ય હોય ત્યાં પ્રિ-પેઇડ મીટરો મારફત હંગામી જોડાણ મંજૂર કરાશે.

૪.૪૭ અરજદાર આ સંહિતાના જોડાણ-૧ અને ૨ માં ઠરાવેલ ફોર્મેટમાં (લાગુ પડે તે પ્રમાણે) હંગામી પૂરવઠા માટે અરજી કરશે અને સાથે આ સંહિતાના ખંડ ૪.૧૫ – ૪.૨૦ માં ઠરાવેલ દસ્તાવેજો તેમજ સ્થાનિક સત્તાધિકારીની માલિકીની જગ્યાએ પૂરવઠો જરૂરી હોય તો સ્થાનિક સત્તાધિકારી પાસેથી 'ના-વાંધા પ્રમાણપત્ર' રજૂ કરવાનો રહેશે.

સિવાય કે, ૧૦૦ કે વધુ વ્યક્તિઓ ભેગી થવાની શક્યતા હોય તેવી જગ્યા/સ્થળે હંગામી પૂરવઠો જરૂરી હોય ત્યાં અરજદારે અધિનિયમની કલમ-૫૪ની જોગવાઇઓનું પાલન કરવું.

સિવાય કે વધુમાં, જોડાણ કાર્યરત થયા પછી સક્ષમ સત્તામંડળ દ્વારા પરવાનો/'ના-વાંધા પ્રમાણપત્ર' પાછું ખેંચવાના કિસ્સામાં, જોડાણ કાપી નાખવાનું રહેશે અને પરવાનગી/'ના-વાંધા પ્રમાણપત્ર' પરત કરવાથી જ પુન: જોડાણ કરી શકાશે.

૪.૪૮ પરવાનેદાર આ સંહિતાના ખંડ ૪.૨૧ – ૪.૩૨માં આપેલ કાર્યપધ્ધતિ અનુસાર અરજી પત્રકની પ્રક્રિયા કરશે.

૪.૪૯ નિરીક્ષણ દરમ્યાન, પરવાનેદાર જેના માટે અરજી કરી હોય તે જોડાણની ટેકનિકલ શકયતા તપાસશે. જો જોડાણ ટેકનિકલ દ્રષ્ટિથી શક્ય ન જણાય તો, અરજી પત્રક મળ્યા પછી એલ.ટી. માટે ૩ કામકાજના દિવસોમાં એચ.ટી./ઇ.એચ.ટી. જોડાણો માટે ૧૫ કામકાજના દિવસોમાં અરજદારને તે અંગેના કારણો આપીને લેખિતમાં જાણ કરશે. આમ છતા ૧૦ કિ.વો. સુધીમાં જોડાણો માટે ટેકનિકલ કારણોસર અસ્વીકાર કરાશે નહીં.

૪.૫૦ જોડાણનું નિરીક્ષણ/પુન:નિરીક્ષણ કરાતાં તે શક્ય જણાય તો, પરવાનેદાર અરજી કરાયેલ વીજભાર મંજૂર કરશે અને ઉપરના ખંડ ૪.૩૧ અને ૪.૩૨ અનુસાર નિરીક્ષણના ૭ દિવસની અંદર અનામત અંગે આ સંહિતાના ખંડ ૪.૩૩ અનુસાર માંગ નોંધ આપશે. પરવાનેદાર અને અરજદાર બન્ને આ સંહિતાના ખંડો ૪.૩૪ – ૪.૪૩ માં ઠરાવેલ કાર્યપધ્ધતિ અને સમય-રેખા અનુસરશે.

૪.૫૧ પરિક્ષણ દરમ્યાન જેમણે વીજસ્થાપન કાર્ય હાથ ધર્યું હોય તે લાઇસન્સ ધરાવનાર વીજળી કોન્ટ્રાકટર કે તેના અધિકૃત પ્રતિનિધિની સાથે અરજદાર કે તેના અધિકૃત પ્રતિનિધિ હાજર રહેશે. જો પરવાનેદાર સંતુષ્ટ હોય તો તે જ સ્થળે લેખિત પહોંચ પત્ર આપવામાં આવશે.

૪.૫૨ જો પરવાનેદાર સંતુષ્ટ ન હોય તો પહોંચપત્ર હેઠળ અરજદારને ગ્રાહકના સ્થાપનમાં રહેલી ભૂલો/ખામીઓની સ્થળ પર જ પહોંચ પત્ર હેઠળ લેખિતમાં જાણ કરશે. અરજદાર ખામીઓમાં સુધારો કર્યા બાદ, પરવાનેદારને લેખિતમાં જાણ કરશે, ત્યારબાદ, પરવાનેદાર ફરીથી આ સંહિતાના ખંડ ૪.૪૦ માં ઠરાવેલ કાર્યપધ્ધતિ ને અનુસરશે.

૪.૫૩ ગ્રાહકના વીજ-સ્થાપનનું પુન:પરીક્ષણ થાય અને ઠરાવેલ ફીની ચૂકવણી થયેથી(પરવાનેદાર પ્રથમ પરીક્ષણ માટે કોઇ ફી વસૂલ કરશે નહીં. પરંતુ પ્રાથમિક પરીક્ષણમાં જણાયેલી ભૂલો/ખામીઓને કારણે પછીનાં પરીક્ષણો માટે ફી વસૂલ કરાશે). ગ્રાહકનું વીજ-સ્થાપન સંતોષકારક જણાય તો પરવાનેદાર દ્વારા સ્થળ પર જ લેખિત પહોંચ આપવામા આવશે.

૪.૫૪ હંગામી વીજળી જોડાણ માટે માંગ નોંધ પ્રમાણે અરજદાર ખર્ચ જમા કરાવે અને ગ્રાહકના વીજસ્થાપનના સંતોષકારક પરીક્ષણ પછી, અરજી પત્રકમાં દર્શાવ્યા મુજબ જરૂરિયાતની તારીખે અથવા ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો, ૨૦૦૫ અને તેમાં વખતોવખત કરેલા સુધારા મુજબ અપાયેલ સમયરેખા પ્રમાણે હંગામી જોડાણ શરૂ કરવામાં આવશે.

૪.૫૫ જો પરવાનેદારના વિસ્તારમાં કોઇપણ જગ્યાએ અરજદારના નામે બાકી રકમ નીકળતી હોય તો આવી રકમો ગ્રાહક ભરે નહીં ત્યાં સુધી હંગામી જોડાણ આપવામાં આવશે નહીં.

૪.૫૬ હંગામી પૂરવઠાની મુદત પૂરી થાય અને પૂરવઠો બંધ કરી દેવામાં આવે ત્યારપછી, પરવાનેદાર ખરેખર વપરાશના ધોરણે આખરી બિલ તૈયાર કરશે. અનામત રકમ, વણ ચૂકવાયેલ બાકી રકમને સમાયોજિત કર્યા પછી, દર મહિને ૧% ના દરે માલ-સામાન (મીટર, ટ્રાન્સફોર્મર, આઈસોલેટર વગેરે) ખર્ચ બાદ કર્યા પછી અને તેના ઉભા કરવા અને છુટા કરવા માટે કરેલ ખરેખર ખર્ચ જે માલ-સામાનના ખર્ચના ૧૦૦% કરતાં વધુ ના હોય તે બાદ કર્યા બાદ, પરવાનેદાર દ્વારા પરત કરાશે. જોડાણ છૂટું કર્યાના ૬૦ દિવસની અંદર આ જામીન રકમ પરત કરાશે, તેમાં નિષ્ફળ જશે તો પરવાનેદાર, આયોગ દ્વારા બહાર પાડેલ પ્રવર્તમાન પ્રશુલ્ક આદેશ અનુસાર વિલંબિત ચુકવણી સરચાર્જની સમતુલ્ય દરે વ્યાજ ચૂકવવા જવાબદાર રહેશે.

૪.૫૭ હંગામી પૂરવઠાની મુદત લંબાવવા માટે, ગ્રાહક હંગામી પૂરવઠાની મુદત સમાપ્ત થાય તેના ૭ દિવસ અગાઉ લેખિતમાં પરવાનેદારને અરજી કરશે. પરવાનેદાર મુદત લંબાવવાએ મંજૂરી આપી શકશે અને લેખિત વિનંતી મળ્યાના ૭ કામકાજના દિવસોમાં મુદત લંબાવવા માટે આગોતરી વીજળી ખર્ચની માંગ નોંધ ગ્રાહકને મોકલી આપશે.

૪.૫૮ અરજદાર, વર્ગ-૧ શહેરો અને શહેરી વિસ્તારો માટે શરૂઆતની મંજૂર કરેલ પૂરવઠો શરૂ કરવાની તારીખના ઓછામાં ઓછા ૪ દિવસ અગાઉ અને ગ્રામીણ વિસ્તારોમાં ઓછામાં ઓછા ૮ દિવસ અગાઉ પરવાનેદારને અરજી કરીને, મંજૂર કરેલ તારીખથી ૯૦ દિવસ પછીની ન હોય તેવી તારીખે સુધારેલ હંગામી પૂરવઠો મેળવવાની તારીખ મેળવી શકશે.

૪.૫૯ હંગામી જોડાણ આપવાથી, કાયમી જોડાણનો અધિકાર અરજદારને પક્ષે ઉભો થશે નહી, તેનું સંચાલન અધિનિયમ અને વિનિયમોની જોગવાઈઓ અનુસાર કરવામા આવશે.

હયાત (હાલનાં / મોજૂદ) જોડાણોમાં સુધારા માટેની કાર્યપધ્ધતિ :

૪.૬૦ અરજદારે નીચેના માટે અરજી કરવી.

(૧) માલિકી/કબ્જામાં ફેરફારને કારણે નોંધણી કરાયેલ ગ્રાહકનાં નામમાં ફેરફાર, (૨) માલિકી કાયદાકીય વારસદારને તબદીલ થવી, (૩) સર્વિસમાં પરિવર્તન/ગ્રાહકના વર્ગમાં ફેરફાર/જગ્યા બદલવી (૪) જોડાણ-૧ અને ૨ (લાગુ પડે તે પ્રમાણે) વીજભાર વધારો/ઘટાડો,

૪.૬૧ પરવાનેદારની સ્થાનિક કચેરીએથી અરજી પત્રક વિનામૂલ્યે મળશે. પરવાનેદાર બધાં અરજીપત્રક તેની વેબસાઈટ પર નિ:શુલ્ક ડાઉનલોડ માટે મૂકશે. ગ્રાહક દ્વારા કોરા પત્રકની ફોટો-નકલો કરી શકાશે. અને પરવાનેદાર દ્વારા તેનો સ્વીકાર થશે. પરવાનેદાર ભરેલાં અરજીપત્રક રજુ કરવાનાં હોય તે સંબંધિત કચેરીઓનાં સરનામાં અને ટેલિફોન નંબર સ્પષ્ટપણે વેબસાઈટ પર પ્રદર્શિત કરશે. પરવાનેદાર દરેક કચેરીનાં સરનામાં અને સંબંધિત પુરવઠા વિસ્તારની કચેરીનાં ટેલિફોન નંબરો કે જ્યાં સંબંધિત વિસ્તાર માટે ભરેલાં અરજીપત્રક રજૂ કરી શકાય તેને પ્રદર્શિત કરવાનાં રહેશે. અરજદારને પત્રક ભરવા માટે જોઈતી માહિતી અથવા સહાય, પરવાનેદારની સ્થાનિક કચેરીએથી આપવાની રહેશે.

૪.૬૨ પરવાનેદાર ગ્રાહકોને નવા જોડાણ કે હાલના જોડાણમાં સુધારા માટેની અરજી કરવા વેબસાઈટ તેમજ કોલ સેન્ટરો વગેરે જેવી પધ્ધતિઓ પણ પૂરી પાડશે. જેનાં પરિણામે કંપની સાથેની અરજદારની ક્રિયા પ્રતિક્રિયા (interface) ઓછી થશે.

૪.૬૩ જો અરજદારના નામે જોડાણ નોંધાયેલ હોય તો,હાલના જોડાણમાં ફેરફાર માટેના બધા અરજી પત્રકની સાથે આ સંહિતાના ખંડ ૪.૧૫ અનુસાર અરજદારની ઓળખ સાબિતી સાથે જોડવી અનિવાર્ય છે. જો અરજદારના નામે જોડાણ ન નોંધાયેલ હોય તો જે વ્યક્તિનાં નામે જોડાણ નોંધાયેલ હોય તેની પાસેથી 'ના-વાંધા પ્રમાણપત્ર' જરૂરી બનશે.

અરજી પત્રકની પ્રક્રિયા કરવી:

૪.૬૪ પરવાનેદાર, અરજી પત્રક અને સાથે જોડેલા દસ્તાવેજોની ખરાઈ કરશે અને ખામીપૂર્ણ જણાશે તો અરજી પત્રકમાં રહેલી ખામીઓ અંગે તુરતજ લેખિત નોંધ મોકલવાની રહેશે. જો અરજી પત્રક, સંપૂર્ણ હોય તો પરવાનેદાર, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(પુરવઠો પુરો પાડવા કરેલું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો, ૨૦૦૫ અને તેના સુધારા અનુસાર નોંધણી ખર્ચ સ્વીકારીને તેની પહોંચ આપશે.

૪.૬૫ પરવાનેદારે તમામ પત્રકનો કાયમી રેકોર્ડ અરજી રજિસ્ટર/ડેટા-બેઝ હેઠળ જાળવવાનો રહેશે. અરજી જે ક્રમમાં મળી હોય

તે ક્રમમાં દરેક અરજી પત્રકને અરજી નંબર (ઓળખ માટે) આપવાનો રહેશે. પરવાનેદાર દરેક અરજી પત્રકના નિકાલની તબક્કાવાર સ્થિતિ પ્રમાણે રજિસ્ટર/ડેટાબેઝ અદ્યતન રાખશે. પરવાનેદાર 'વહેલા તે પહેલા' ના વિસ્તૃત સિધ્ધાંતને આધારે અરજી રજિસ્ટર/ડેટાબેઝમાં ક્રમિક અગ્રતા અનુસાર અરજી ફોર્મની કામગીરી હાથ ધરશે.

૪.૬૬ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(પુરવઠો પુરો પાડવા કરેલું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો, ૨૦૦૫ અને તેમાં કરેલ સુધારેલ વિનિયમો અનુસાર, ઠરાવેલ નોંધણી ખર્ચની સાથેસાથ ઠરાવેલ ફોર્મેટમાં પ્રસ્તુત દસ્તાવેજો સાથે તમામ રીતે સંપૂર્ણ એવી ગ્રાહકની પૂરવઠાની માંગણી મળે તે તારીખે **અરજી પત્રક** મળ્યું હોવાનું ગણાશે.

૪.૬૭ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(પુરવઠો પુરો પાડવા કરેલું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો,૨૦૦૫ અને તેમાં કરેલ સુધારા સાથે, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જામીન અનામત) વિનિયમો, ૨૦૦૫ અને તેમાં કરેલ સુધારા અનુસાર જામીન અનામત સહિતના તમામ લાગુ ખર્ચ મળ્યાનાં તારીખથી **અરજી** મળી હોવાનું ગણાશે.

૪.૬૮ નીચે આપેલી વિગતો અનુસાર હયાત જોડાણોમાં ફેરફાર માટે અરજી પત્રકની પ્રક્રિયા પરવાનેદાર કરશે.

સર્વિસ જોડાણની તબદીલી

૪.૬૯ વિતરણ પરવાનેદાર પાસેથી લેખિતમાં મંજૂરી મેળવ્યા સિવાય, ગ્રાહકે પોતે વિતરણ પરવાનેદાર સાથે કરેલા કરારના લાભોની સોંપણી કરી શકશે નહીં, કે બદલી કરી શકશે નહીં કે ભાગમાં આપી શકશે નહીં અથવા તે કોઇ પણ રીતે તેમાં રહેલ હિતમાં ભાગ કે આંશિક કે અલગ હિત ઉભું કરી શકશે નહી.

૪.૭૦ નવો માલિક કે કબજેદાર ગ્રાહકનું મૃત્યુ થતાં અથવા મકાનની માલિકી કે કબ્જામાં તબદીલી થવાનાં કેસમાં જોડાણ-૧ અને ૨ (લાગુ પડે તે પ્રમાણે)નાં નિયત ફોર્મેટમાં અરજી પત્રક ભરીને અન્ય વ્યક્તિના નામે જોડાણ તબદીલ કરી શકાશે.

સિવાય કે, નામની આવી ફેરબદલીથી અરજદાર, હાલના સ્થળથી જોડાણ ખસેડવા માટે હક્કદાર બનશે નહીં.

૪.૭૧ નીચે વિગતે દર્શાવેલી કાર્યપધ્ધતિ અનુસાર, પરવાનેદાર મિલ્કતની માલિકી/કબ્જા હકમાં ફેરફારને કારણે ગ્રાહકના નામમાં

ફેરફારને લગતી અરજીઓ અંગે પગલાં ભરશે:

(૧) અરજદાર, આ સંહિતાના જોડાણ-૧ કે ૨ (લાગુ પડે તે પ્રમાણે) માં ઠરાવેલ ફોર્મેટની સાથે છેલ્લું યોગ્ય ચુકવણી થયેલ બિલની નકલ સાથે ગ્રાહકના નામમાં ફેરફાર માટે અરજી કરશે. જ્યાં સુધી સંબંધિત જોડાણ સામેના વસુલપાત્ર તમામ લેણાની પતાવત કરાય નહીં ત્યાં સુધી જોડાણ તબદીલ કરવાની દરખાસ્ત સ્વીકારશે નહી. જગ્યાની માલિકી/કબ્જાનું પ્રમાણ દર્શાવ્યેથી અરજીપત્રકનો સ્વીકાર કરાશે. અરજદારને નામે જામીન અનામતની તબદીલી સામેલ હોય તેવા કેસો માટે નોંધાયેલ ગ્રાહક કે જગ્યાના અધિકૃત વ્યક્તિ પાસેથી 'ના-વાંધા પ્રમાણપત્ર' જરૂરી બનશે. અરજદારના નામે જામીન અનામત તબદીલ કરવાના કેસમાં ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(જામીન અનામત) વિનિયમો,૨૦૦૫ અને તેના સુધારા અનુસાર ગણેલ જામીન અનામતની ઘટ અરજદારે ચૂકવવાની રહેશે. પરવાનેદાર આ સંહિતાના ખંડો ૪.૬૪ – ૪.૬૬ અનુસાર અરજી પત્રકની પ્રક્રિયા કરશે.

(૨) નોંધાયેલ ગ્રાહક કે અધિકૃત વ્યક્તિ પાસેથી 'ના-વાંધા પ્રમાણપત્ર' રજુ ન કરાય તો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જામીન અનામત) વિનિયમો, ૨૦૦૫ અને તેના વખતોવખતનાં સુધારામાં નિયત કર્યા મુજબ જો જામીન અનામતની રકમ નવેસરથી ચૂકવાય તો જ નામની ફેરબદલી માટેનું અરજી પત્રક સ્વીકારાશે. આમ છતાં સંબંધિત વ્યક્તિ દ્વારા હકદાવો કરાય ત્યારે હકદાવો કરનારને મૂળ જામીન અનામતની રકમ પરત કરાશે.

(૩) ગ્રાહકના નામનો ફેરફાર, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો, ૨૦૦૫ અને તેમાં વખતોવખત સુધારામાં ઠરાવેલ સમય-માળખા મુજબ અમલી બનશે.

૪.૭૨ નીચે વિગતે દર્શાવેલ કાર્યપધ્ધતિ અનુસાર પરવાનેદાર ગ્રાહકનું નામ કાયદેસરના વારસને તબદીલ કરવાને લગતી અરજીઓ હાથ ધરશે.

(૧) અરજદાર, આ સંહિતાના જોડાણ ૧ કે ૨ (લાગુ પડે તે પ્રમાણે)માં ઠરાવેલ ફોર્મેટ સાથે છેલ્લું યોગ્ય ચુકવણી થયેલ બીલની સાથે ગ્રાહકના નામમાં ફેરફાર કરવા અરજી કરશે. જોડાણ કાયદેસર વારસો પૈકી કોઇ એકના નામે બદલવાનું હોય તે કેસમાં નોંધાયેલ વસિયત/ખત, વારસાઇ/કાયદાકીય વારસદાર પ્રમાણપત્ર મ્યુનિસિપલ/જમીન રેકર્ડમાં ફેરફાર અથવા કાયદેસર વારસાઇની બીજી કોઇ સાબિતી અને અન્ય કાયદાકીય વારસ(સો) પાસેથી 'ના વાંધા પ્રમાણપત્ર' દર્શાવ્યેથી અરજી પત્રક સ્વીકારાશે. પરવાનેદાર, આ સંહિતાના ખંડ ૪.૬૫ – ૪.૬૮ અનુસાર અરજી પત્રકની પ્રક્રિયા કરશે.

(૨) મૂળ ગ્રાહકના નામે પરવાનેદાર પાસે રહેલી જામીન અનામત, જેના નામે જોડાણ તબદીલ કરવાનું હોય તેવા કાયદેસરના વારસને તબદીલ કરાશે અને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જામીન અનામત) વિનિયમો,૨૦૦૫ અને તેના વખતોવખત સુધારા અનુસાર ગણેલ જામીન અનામતની ઘટ અરજદારે ચુકવવાની રહેશે.

(૩) ગ્રાહકના નામનો ફેરફાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો, ૨૦૦૫ના અને તેનાં વખતોવખત સુધારામાં ઠરાવેલ સમય-માળખા પ્રમાણે કરાશે.

(૪) વીજળી અંગેનું કોઈ ખર્ચ અથવા વીજળી ખર્ચ સિવાયની બીજી કોઇ રકમ પરવાનેદારને બાકી અને ચૂકવવાપાત્ર થતી હોય જે મ્રુત્યુ પામનાર ગ્રાહક કે કોઈપણ જમીન/જગ્યાના ભૂતપૂર્વ માલિક/કબજેદાર દ્વારા ચૂકવવી બાકી હોય તો જેને જગ્યાની સોંપણી થતી હોય તેવા કાયદાકીય પ્રતિનિધિ/કાયદાથી વારસદાર અથવા જગ્યા નવા માલિકને નામે તબદીલ થશે અને પરવાનેદાર આવા કાયદાકીય પ્રતિનિધિ કે કાયદાથી વારસદાર કે જગ્યા નવા માલિક/કબજેદાર પાસેથી બાકી રકમ તરીકે વસૂલાતપાત્ર બનશે.

સર્વિસીસનું પરિવર્તન

૪.૭૩ અરજદારે, આ સંહિતાના જોડાણ-૧ અને ૨ માં (લાગુ પડે તે પ્રમાણે) ઠરાવેલ ફોર્મેટમાં તેના હાલની જગ્યામાંના જોડાણનું સ્વરૂપ રૂપાંતરિત કરવા અરજી કરી શકશે. પરવાનેદાર આ સંહિતાના ખંડ ૪.૬૪ – ૪.૬૬ અનુસાર અરજીપત્રકની પ્રક્રિયા કરશે. સ્થળનું નિરીક્ષણ અને કામોના અંદાજી ખર્ચ માટેની માંગ નોંધની બજવણી અને ચુકવણી માટે, પરવાનેદાર અને અરજદાર બન્ને આ સંહિતાના ખંડો ૪.૨૬ – ૪.૩૭ માં ઠરાવેલ કાર્યપધ્ધતિ અને સમય-રેખાને અનુસરશે. અરજદાર દ્વારા માગેલ ખર્ચની ચૂકવણી થયા બાદ પરવાનેદાર હાલની સર્વિસીસને હળવા દબાણ(એલ.ટી.) માંથી ભારે દબાણ(એચ.ટી.) કે તેથી ઉલટું તથા સિંગલ ફેઝમાંથી થ્રી ફેઝ કે તેથી ઊલટું એમ રૂપાંતર કરવાની અરજીઓને ગ્રાહકોના સંબંધિત વર્ગ માટે કામગીરી ધોરણના વિનિયમોમાં નિર્દિષ્ટ સમય-મર્યાદામાં કાર્યાન્વિત કરશે.

મીટર /હાલનાં જોડાણનું સ્થળાંતર :

૪.૭૪ અરજદારે, આ સંહિતાના જોડાણ ૧ અને ૨ (લાગુ પડે તે પ્રમાણે)માં ઠરાવેલ ફોર્મેટમાં હાલની જગ્યામાંના સર્વિસ જોડાણ/મીટર ખસેડવા અરજી કરી શકશે. પરવાનેદાર આ સંહિતાના ખંડો ૪.૬૪ – ૪.૬૬ અનુસાર અરજી પત્રકની પ્રક્રિયા કરશે. સ્થળનું નિરીક્ષણ અને કામોના અંદાજીત ખર્ચની માંગ નોંધની બજવણી અને ચૂકવણી, માટે પરવાનેદાર અને અરજદાર બન્ને આ સંહિતાના ખંડ ૪.૨૬ – ૪.૩૭માં ઠરાવેલ કાર્યપધ્ધતિ અને સમય-રેખાને અનુસરશે.

૪.૭૫ કામો પૂરાં કરવાં અને હિસાબની પતાવટ માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો, ૨૦૦૫ અને વખતો વખત થયેલા સુધારામાં નિર્દિષ્ટ સમય-સૂચિનું પાલન કરવાનું રહેશે.

ગ્રાહક વર્ગનું પુન:વર્ગીકરણ :

૪.૭૬ જો એમ માલૂમ પડે કે, ગ્રાહકનું વર્ગીકરણ ચોક્કસ વર્ગમાં ભૂલ ભરેલું છે અથવા કરાર માંગના કોઇ ઘટાડો કે વધારા માટે કોઇ આદેશ મેળવ્યો છે તો, ગ્રાહકને બદલેલા વર્ગીકરણ કે સુધારેલ કરાર માંગના આધારે નવેસરથી કરાર કરવા નોટિસ (ન્યૂનતમ ૩૦ દિવસનો નોટિસ સમય-ગાળો) આપ્યા પછી વિતરણ પરવાનેદાર તેનું યોગ્ય વર્ગ હેઠળ વર્ગીકરણ કરશે. જો ગ્રાહક નવેસરથી કરાર કરવાની નોટિસમાં દર્શાવેલા સમયની અંદર પગલાં નહીં લે તો, વિતરણ પરવનેદાર, તે સમયે અમલમાં હોય તે અધિનિયમો, નિયમો અને વિનિયમોની જોગવાઇઓને આધીન રહીને, ૨૧ દિવસની કારણદર્શક નોટિસ બજાવીને અને તેને કોઇ ખુલાસો હોય તો તે વિચારણામાં લઈને વીજ-પૂરવઠાનું જોડાણ કાપી નાખશે.

વધુમાં વિતરણ પરવાનેદાર, ગ્રાહક દ્વારા પ્રશુલ્ક વર્ગમાં ફેરફાર માટેની અરજીઓનો પ્રશુલ્ક વર્ગમાં ફેરફાર કરવા અંગેની આવી અરજી મળ્યા પછી અધિકતમ ૭ દિવસની મુદતમાં નિકાલ કરશે અથવા લાગુ પડે તે પ્રમાણે, પ્રશુલ્ક વર્ગમાં ફેરફાર ન કરવા માટેનાં કારણો જણાવશે. કોઇ તકરારના કેસમાં આ બાબત અંગે ગ્રાહક ફરિયાદ નિવારણ માટેનાં ફોરમ સમક્ષ રાખી શકાશે.

૪.૭૭ ગ્રાહક પોતાનો ગ્રાહક વર્ગ બદલવા માગે તો તેણે આ સંહિતાના જોડાણ-૧ અને ૨ (લાગુ પડે તે પ્રમાણે) માં ઠરાવેલ ફોર્મેટમાં અરજી પત્રક આપી શકશે. સ્થળનું નિરીક્ષણ માટે અને કામોના અંદાજીત ખર્ચની માંગ નોંધની બજવણી અને ચૂકવણી માટે પરવાનેદાર અને અરજદાર બન્ને આ સંહિતાના ખંડ ૪.૨૬ – ૪.૩૭માં ઠરાવેલ કાર્યપધ્ધતિ અને સમય-રેખાને અનુસરશે. પરવાનેદાર સંહિતાના ખંડ ૪.૬૪ – ૪.૬૬ અનુસાર અરજી પત્રકની પ્રક્રિયા કરશે. પરવાનેદાર નિરીક્ષણના સમયે મીટર-વાંચન પણ નોંધી લેશે. નિરીક્ષણ વખતે અરજદારની પુન:વર્ગીકરણ માટેની વિનંતી પ્રમાણભૂત જણાય તો, નિરીક્ષણની તારીખથી વર્ગમાં ફેરફાર અમલી બનશે અને લેખિત પહોંચ-પત્ર ગ્રાહકને મોકલશે.

૪.૭૮ વિતરણ પરવાનેદાર, ગ્રાહક દ્વારા પ્રશુલ્ક વર્ગના ફેરફાર અંગેની આવી અરજીઓ મળ્યા પછી અધિકતમ ૭ દિવસની મુદતમાં અરજીનો નિકાલ કરશે. પરવાનેદારને પુન:વર્ગીકરણ માટેની વિનંતી પ્રમાણભૂત ન જણાય તો અરજદારને નિરીક્ષણની તારીખથી ૧૦ દિવસની અંદર તે માટેના કારણો લેખિતમાં આપીને જાણ કરશે.

૪.૭૯ ગ્રાહકની પુન:વર્ગીકરણની અરજી ઠરાવેલ સમય-મર્યાદા કરતાં વધુ સમયથી બાકી હોય તો ગ્રાહક વીજળીના અનઅધિકૃત ઉપયોગના કારણસર કોઈપણ પગલાં માટે યોગ્ય ઠરશે નહીં.

વીજભાર વધારો :

૪.૮૦ અરજદારો, આ સંહિતાના જોડાણો-૧ અને ૨ (લાગુ પડે તે પ્રમાણે)માં ઠરાવેલ ફોર્મેટમાં પરવાનેદારને વીજભાર વધારા માટે અરજી કરશે. પરવાનેદાર સંહિતાના ખંડ ૪.૬૪ – ૪.૬૬ અનુસાર અરજી પત્રકની પ્રક્રિયા કરશે. સ્થળ નિરીક્ષણ અને કામોના અંદાજીત ખર્ચની માંગ નોંધની બજવણી અને ચૂકવણી માટે પરવાનેદાર અને અરજદાર બન્ને આ સંહિતાના ખંડો ૪.૨૬ – ૪.૩૭ માં ઠરાવેલ કાર્યપધ્ધતિ અને સમય-રેખાને અનુસરશે.

૪.૮૧ જો નિરીક્ષણ કરતાં કોઇ ખામી ન જણાય અથવા ફરીથી નિરીક્ષણ કરતાં અગાઉ ધ્યાનમાં આવેલી ખામીઓ દૂર કરાઈ હોવાનું જણાય તો પરવાનેદાર જે માટે અરજી કરી હોય તે વધારાના વીજભારને મંજૂરી આપશે અને નીચે નિર્દિષ્ટ સમય-મર્યાદામાં પહોંચ-પત્ર અન્વયે લેખિતમાં માંગ નોંધ આપવામાં આવશે.

અનુ. નં.	**બાબત**	**સમય મર્યાદા (અંદર)**
૧.	એકંદરે ૧૦૦ કે.વી.એ./૧૦૦ કિ.વો. સુધીનો વીજભાર	અરજી મળ્યાના ૧૦ દિવસની અંદર
૨.	એકંદરે ૧૦૦ કે.વી.એ. /૧૦૦ કિ.વો. થી વધુ અને ૪૦૦૦ કે.વી.એ. સુધીનો વીજભાર	અરજી મળ્યાના ૧૫ દિવસની અંદર
૩.	એકંદરે ૪૦૦૦ કે.વી.એ. કરતાં વધુ વીજભાર	અરજી મળ્યાના ૩૦ દિવસની અંદર

જો કે, અરજદારની જગ્યામાં જણાયેલ ખામીઓ/ન્યૂનતા દૂર કરવા અરજદારે લીધેલો સમય ઉપર નિર્દિષ્ટ સમય-મર્યાદામાં સમાવિષ્ટ થશે નહીં.

૪.૮૨ માંગ નોંધની સાથે અરજદારને મોકલાવેલ પરવાનેદારની લેખિત સુચનામાં નીચેનાનો સમાવેશ થશે:

(૧) વધારાનો વીજભાર હાલના વોલ્ટેજ કે વધુ વોલ્ટેજે પૂરો પાડી શકાશે;

(૨) વ્યવસ્થામાં કરવાનાં જરૂરી કોઇ વધારા કે ફેરફારો અને ગ્રાહકે ભોગવવાનું ખર્ચ;

(૩) વધારાની જામીન અનામતની રકમ, વધારાની આધાર સુવિધાઓ (ઇન્ફ્રાસ્ટ્રકચર)નું ખર્ચ અને વ્યવસ્થાને મજબુત બનાવવાનો ખર્ચ અથવા ક્ષમતા વધારવાનો કોઇ ખર્ચ જમા કરાવવાનો હોય તો તે;

(૪) ગ્રાહકના વર્ગીકરણમાં ફેરફાર અને જરૂરી હોય તો પ્રશુલ્ક લાગુ પડવાની પાત્રતા.

જો કે જ્યાં, અંદાજો માંગેલ વીજભારના કિ.વો. દીઠનાં આધારે આપ્યા હોય ત્યાં પેટા ખંડો (૨) અને (૩) લાગુ પડશે નહીં.

૪.૮૩ જો ગ્રાહકે, પરવાનેદારની લેણી રકમ ચૂકવવાની બાકી હોય તો વીજભાર વધારવા માટેની અરજી સ્વીકારશે નહીં. આમ છતાં, જો આવી બાકી ચુકવણી અંગે કાયદાની અદાલત કે આયોગ કે નિયુક્ત સત્તાધિકારીએ સ્ટે આપ્યો હોય તો અરજી પત્રક સ્વીકારી શકાશે.

૪.૮૪ વીજભાર વધારો આપવાનું શક્ય હોય તો, ગ્રાહકે :

(૧) વધારાની જામીન અનામત, વ્યવસ્થામાં કરવાનાં જરૂરી કોઇ વધારા કે ફેરફારનો ખર્ચ અને વ્યવસ્થાને મજબુત અથવા ક્ષમતા વધારવાનો કોઇ ખર્ચ હોય તો તેની ચુકવણી માંગ નોંધ મળ્યાના ૩૦ કામકાજના દિવસોમાં કરવાની રહેશે; અને

(૨) વધારાના વીજભાર માટે પુરક (સપ્લીમેન્ટરી) કરાર કરવાનો રહેશે.

૪.૮૫.અરજી મળ્યાની તારીખથી વધારાનો વીજભાર આપવાની એકંદર સમય-રેખા નીચે મુજબ રહેશે.

વધારાનો વીજભાર છૂટો કરવાની સમય-રેખા

અનુ.નં	બાબત	સમય-મર્યાદા (અંદર)
૧.	એકંદરે ૧૦૦ કે.વી.એ./૧૦૦ કિ.વો. સુધીનો વીજભાર	ઔપચારિકતા/ માંગ નોંધનું પાલન કર્યા પછી ૨૦ દિવસમાં. જો ક્ષમતામાં વધારો જરૂરી ન હોય તો, અન્યથા ૬૦ દિવસ
૨.	એકંદરે ૧૦૦ કે.વી.એ./૧૦૦ કિ.વો. થી વધુ અને ૪૦૦૦ કે.વી.એ સુધીનો વીજભાર	અરજદારને માંગ નોંધ/ઔપચારિકતાનું પાલન કર્યા પછી ૪૫ દિવસ
૩.	એકંદરે ૪૦૦૦ કે.વી.એ. કરતાં વધુ વીજભાર	અરજદાર દ્વારા ઔપચારિકતા/ માંગ નોંધનું પાલન કર્યા પછી ૧૮૦ દિવસની અંદર

૪.૮૬ પરવાનેદારના કાર્ય કે ક્ષતિને કારણે જો ગ્રાહક નારાજગી અનુભવે તો, તે પોતાની ફરિયાદના નિવારણ માટે સંબંધિત ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ પોતાની રજૂઆત કરી શકશે.

૪.૮૭ પરવાનેદાર દ્વારા ઉપર જણાવેલ મુદતમાં અરજી અંગે નિર્ણય નહીં કરાય તો, અરજદાર, પરવાનેદારને લેખિત નોટિસ આપીને તે બાબત પરત્વે તેમનું ધ્યાન દોરી શકશે તેમ છતાં વધુ ૧૫ દિવસની મુદતમાં કોઇ નિર્ણય જણાવવામાં ન આવે તો કરાર માંગમાં વધારાની પરવાનગી અપાઈ હોવાનું માની લેવામાં આવશે.

વીજભાર ઘટાડો :

૪.૮૮અરજદાર આ સંહિતાનાં જોડાણ-૧ અને ૨ (લાગું પડે તે પ્રમાણે) માં ઠરાવેલ ફોર્મેટમાં પરવાનેદારને વીજભાર ઘટાડા માટે અરજી કરી શકશે, જેની સાથે નીચેના દસ્તાવેજો જોડવા:

(૧) વીજસ્થાપનમાં ફેરફાર/સુધારા/વિદ્યુત ઉપકરણો દૂર કરવાની વિગતો અને તેની સાથે કામ પૂરૂં કર્યાનું પ્રમાણપત્ર અને સ્થાપનમાં ફેરફાર સામેલ હોય ત્યાં લાઇસન્સ ધરાવનાર વીજ-કોન્ટ્રાકટર પાસેથી લીધેલ પરીક્ષણ અહેવાલ.

(૨) કરાર માંગના ઘટાડા માટે બીજું કોઇ કારણ(ણો)

૪.૮૯ પરવાનેદાર, આ સંહિતાના ખંડો ૪.૬૪ – ૪.૬૬ અનુસાર અરજી પત્રકની પ્રક્રિયા કરશે. સ્થળ નિરીક્ષણ માટે પરવાનેદાર અને અરજદાર બન્ને આ સંહિતાના ખંડ ૪.૨૬ -૪.૩૭ માં ઠરાવેલ કાર્યપધ્ધતિ અને સમય-રેખાને અનુસરશે.

૪.૯૦ પરવાનેદાર અરજીમાં દર્શાવેલ કારણો અંગે વિચારણા કરશે, નિરીક્ષણ દરમ્યાન તેની ખરાઈ કરશે અને નિરીક્ષણની તારીખથી ૭ કામકાજના દિવસોની અંદર વાજબી કારણ દર્શાવતો સંપૂર્ણ સ્પષ્ટીકરણ કરતો હુકમ આપીને અરજીનો નિર્ણય કરશે. જો પરવાનેદારના પગલા કે ભુલને કારણે ગ્રાહક નારાજગી અનુભવે તો તે પોતાની ફરિયાદના નિવારણ માટે સંબંધિત ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ પોતાની રજૂઆત દાખલ કરી શકશે.

૪.૯૧ જો પરવાનેદાર, વીજભાર ઘટાડો મંજૂર કરે તો જરૂર હોય તો મીટર અને સર્વિસ લાઈન બદલી શકાશે અને અરજદાર પાસેથી ખર્ચ વસૂલ કરાશે. પરવાનેદાર એલ.ટી. સર્વિસ જોડાણનાં કેસમાં ૧૦ દિવસની અંદર, એચ.ટી. સર્વિસ જોડાણનાં કેસમાં ૧૫ દિવસમાં અને ઇ.એચ.ટી. સર્વિસ જોડાણનાં કેસમાં ૩૦ દિવસના પહોંચ-પત્ર અન્વયે ગ્રાહકને લેખિતમાં માંગ નોંધ આપશે અને તેના માટે પરવાનેદાર તથા અરજદાર બન્ને આ સંહિતાના ખંડો ૪.૩૩ – ૪.૩૭ માં ઠરાવેલ કાર્યપધ્ધતિ અને સમય-રેખાને અનુસરશે.

૪.૯૨ ઉપરના ખંડ ૪.૯૧ માં દર્શાવેલ મુદતમાં પરવાનેદાર દ્વારા અરજી અંગે નિર્ણય નહીં કરાય તો, અરજદાર પરવાનેદારને લેખિત નોટિસ દ્વારા આ બાબત પરત્વે તેમનું ધ્યાન દોરશે. જો ૧૫ દિવસની અંદર ગ્રાહકને કોઇ નિર્ણય નહીં જણાવવામાં આવે તો કરાર માંગમાં ઘટાડા અંગેની પરવાનગી મળી હોવાનું ગણવામાં આવશે.

૪.૯૩ જો પરવાનેદારે વીજભાર ઘટાડો સંપૂર્ણ સ્પષ્ટીકરણ કરતા આદેશ થકી મંજૂર કર્યો હોય તો તે નિરીક્ષણની તારીખથી અમલી બનશે અને ગ્રાહકને લેખિત પત્ર પહોંચ મોકલશે.

૪.૯૪ વીજભાર ઘટાડાને કારણે જામીન અનામત અંગે કોઇ તફાવત પડે તો તેનો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના(જામીન અનામત) વિનિયમો,૨૦૦૫ અને તેના વખતોવખત સુધારામાં કરેલ જોગવાઇ મુજબ સમાયોજિત (એડજસ્ટ) કરવાની રહેશે.

કરાર વીજભાર/મંજુર વીજભાર/કરાર માંગની સમીક્ષા :

૪.૯૫ એચ.ટી., ઇ.એચ.ટી. અને માંગ આધારિત એલ.ટી. જોડાણોના કેસમાં,જો નોંધાયેલી અધિકતમ માંગ, છેલ્લા નાણાકીય વર્ષ દરમ્યાન ઓછામાં ઓછું ૪ વખત ૫% કે તેથી વધુ કરાર-માંગથી વધેલ હોય તો, પરવાનેદાર ગ્રાહકને વીજભાર વધારા માટે અરજી પત્રક રજૂ કરવા ૩૦ દિવસની નોટિસ આપશે. નોટિસની મુદત પૂરી થતાં સુધી ગ્રાહક પાસેથી કોઇ જવાબ ન આવે તો પરવાનેદાર, છેલ્લા નાણાકીય વર્ષમાં ગ્રાહકના MDI મીટરે દર્શાવેલ અધિકતમ ચાર રેકર્ડિંગની સરેરાશ મુજબ ગ્રાહકની કરાર માંગ વધારવાની કાર્યવાહી શરૂ કરશે. આવા કેસમાં, વધારેલી માંગ નિયમિત કરવા ગ્રાહક આ સંહિતાની જોગવાઇઓ અનુસાર લાગુ પડતા તમામ ખર્ચ ચૂકવવા જવાબદાર બનશે. આવા ખર્ચ મળતાં, વધારેલી માંગને સુધારેલી કરાર માંગ ગણવામાં આવશે અને કરારની બધી જોગવાઇઓ સુધારેલી કરાર માંગ માટે આવા ગ્રાહકોને લાગુ પડશે.

બિન-માંગ આધારિત એલ.ટી જોડાણોના કેસમાં, કરાર વીજભાર/ મંજુર વીજભારની સમીક્ષા નાણાકીય વર્ષ દરમ્યાન એક વખત કરવામાં આવશે અને જો રહેણાક ગ્રાહકોનાં કેસમાં આવા જોડાણોમાં જોડાયેલ વીજભાર કરાર વીજભાર/ મંજુર વીજભાર કરતા ૨૫% કે તેથી વધુ હોય અને બીજા વર્ગના ગ્રાહકો માટે જોડાયેલ વીજભાર કરાર વીજભાર/ મંજુર વીજભાર કરતા ૧૦% કે તેથી વધુ હોય તો પરવાનેદાર ગ્રાહકને વીજભાર વધારા માટે અરજી પત્રક રજૂ કરવા ૬૦ દિવસની નોટિસ આપશે. જો નોટિસ મુદત પૂરી થતાં ગ્રાહક પાસેથી કોઈ જવાબ ન આવે તો પરવાનેદાર દ્વારા ચકાસણી સમયે માલુમ પડેલ વીજભાર મુજબ ગ્રાહકનાં કરાર વીજભાર/મંજુર વીજભાર વધારવાની કાર્યવાહી શરૂ કરવામા આવશે. આવા કેસમાં ગ્રાહકે વધારેલ વીજભાર નિયમિત કરવા આ સંહિતાની જોગવાઇઓ અનુસાર લાગુ પડતા તમામ ખર્ચ ચૂકવવા જવાબદાર બનશે. આવા ખર્ચની ચુકવણી મળતાં, વધારેલ વીજભારને સુધારેલ કરાર વીજભાર/મંજુર વીજભાર ગણવામાં આવશે અને કરારની બધી જોગવાઇઓ આવા ગ્રાહકોને સુધારેલ કરાર વીજભાર/મંજુર વીજભાર માટે લાગુ પડશે.

૪.૯૬ પરવાનેદાર અને અરજદાર અરજી પત્રક સ્વીકારવા અને સ્થળ નિરિક્ષણ કરવા અંગે ખંડ ૪.૨૧ – ૪.૩૨ અનુસાર કાર્યવાહી અને સમય-રેખાને અનુસરશે. અને કામોના અંદાજીત ખર્ચ માટે માંગ નોંધની ફાળવણી કરવા અંગેની સમય-રેખા સંહિતાના ખંડ ૪.૮૨ અનુસાર રહેશે. વધુમાં પરવાનેદાર દ્વારા માંગ નોંધમાં માંગ નોંધની ચુકવણી, માંગ નોંધમાં આવરવાની વિગતોની બાબતમાં આ સંહિતાના ખંડ ૪.૩૩ – ૪.૩૭ માં દર્શાવેલ કાર્યપધ્ધતિ અનુસરવામાં આવશે અને વધારેલ પૂરવઠો આ સંહિતાના ખંડ ૪.૮૫ અનુસાર છૂટો કરાશે.

૪.૯૭ જો ગ્રાહક, પરવાનેદારના કાર્ય કે ક્ષતિને કારણે નારાજગી અનુભવે તો તે તેની ફરિયાદના નિવારણ માટે સંબંધિત ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમને રજૂઆત કરી શકશે.

કરાર કરવો:

૪.૯૮ અરજદારે અલગ રીતે અથવા અરજીમાં જ, વિતરણ પરવાનેદાર એ કામ શરૂ કરતા પહેલા, પ્રશુલ્કની શરતો અને પુરવઠા સંહિતાની અન્ય શરતો અંગે કરાર કરવાનો રહેશે.

૪.૯૯ પરવાનેદાર અરજી પત્રકની સાથે કરાર પત્રકનો નમૂનો મોકલશે અને તે ડાઉનલોડ માટે પરવાનેદારની વેબસાઇટ પર મળી શકશે.

૪.૧૦૦ કરારમાં નીચેનાનો સમાવેશ થશે:

(૧) ગ્રાહક/અરજદારનું નામ અને સરનામું;

(૨) જેના માટે વીજ પૂરવઠો માગ્યો હોય અને જેના માટે કરાર કરાયો હોય તે જગ્યાનું સરનામું;

(૩) મંજૂર કરેલ વીજભાર/કરાર માંગ;

(૪) વીજ ઉપયોગનો હેતુ;

(૫) અરજદાર/ગ્રાહકનું જાહેરનામું;

I. આ સંહિતા અને અધિનિયમની જોગવાઇઓને બંધનકર્તા છે;

II. પ્રવર્તમાન પ્રશુલ્ક દરના આધારે વીજ-પૂરવઠાની ચૂકવણી કરીશું;

III. આ સંહિતા અને આયોગે વખતોવખત મંજુર કરેલ પરવાનેદારની પ્રકીર્ણ ખર્ચની અનુસૂચિ અનુસાર ચૂકવવા પાત્ર તમામ અન્ય ખર્ચ ચુકવીશું;

IV. સુસંગત ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ વિનિયમો અને અધિનિયમ અન્વયે એવી જામીન અનામતની રકમ કે જે વસૂલ કરવા પરવાનેદાર હક્કદાર હોય તેને જમા કરાવીશું;

(૬) કરારની કાયદેસરતા ન્યૂનતમ બે વર્ષની મુદત માટે હોય છે અને અન્યથા ગ્રાહક ફેરફાર ન કરે તો આપોઆપ લંબાય છે.

૪.૧૦૧ જો વિતરણ પરવાનેદાર સાથે ગાહકે લેખિતમાં અલગથી કરાર કર્યો ન હોય, તો પણ ગ્રાહક વિદ્યુતનો પુરવઠો શરૂ થઈ ગયા પછી પુરવઠા સંહિતાની બોલીઓ અને શરતોથી બંધાયેલો ગણાશે. ગ્રાહક, વિતરણ પરવાનેદાર જો માંગેતો પુરવઠો શરૂ થયા પછીના ૩૦ દિવસની મુદતમાં કરાર કરી આપવા અસંમતિ દર્શાવી શકશે નહીં. આવા કિસ્સાઓમાં વિદ્યુત પુરવઠો શરૂ થયાની તારીખને કરારના પ્રારંભની તારીખ ગણવામાં આવશે. જો ગ્રાહક આવા કરારમાં સહી કરવામાં નિષ્ફળ જાય તો, વિતરણ પરવાનેદાર જરૂરી નોટિસ આપીને અને રજુઆત કરવાની તક આપીને, આવી જગ્યામાંથી જોડાણ કાપી શકશે. અલબત્ત, આવા ગ્રાહક દ્વારા કરાર કરાયા બાદ તરત વિતરણ પરવાનેદાર વિધુતનું પુન:સ્થાપન કરી આપશે

૪.૧૦૨ જો કોઇ ગ્રાહક નવા કે વધારાના પૂરવઠાની શરૂ થયાનાં ૨ વર્ષની મુદતની અંદર તેનો કરાર સમાપ્ત કરે (અથવા જ્યાં ઔપચારિક કરાર કરાયો ન હોય અને જો પૂરવઠાનો ઉપયોગ ૨ વર્ષ માટે ન કર્યો હોય કે જે કરાર કરાયો હોય તો લાગુ પડવાપાત્ર થાય છે.) તો કરારમાં નિર્દિષ્ટ ૨ વર્ષની મુદતમાં ખુટતા દરેક મહિના માટે અથવા કોઇ ઔપચારિક કરારની ગેરહાજરીમાં ૨ વર્ષની નિયત મુદત માટે ન્યૂનતમ ચાર્જ ચૂકવવા જવાબદાર બનશે. કરારમાં નિર્દિષ્ટ (ઔપચારિક અને અનૌપચારિક) મંજૂર કરેલ વીજભારના ૧૦% સુધીનો વીજભારમાં ઘટાડાની પરવાનગી કરારની તારીખથી ૧ વર્ષ બાદ મળશે અને આવા ઘટાડેલ વીજભાર માટે ૨ વર્ષની મુદતમાં જેટલો સમય ખુટતો હોય તેને માટે ન્યૂનતમ ખર્ચ વસુલાશે નહીં.

૪.૧૦૩ થયેલ કરારની એક નકલ ગ્રાહક/અરજદારને અપાશે. જો વિતરણ પરવાનેદાર અને ગ્રાહક વચ્ચે કોઇ અલગ લેખિત કરાર ન થયો હોય તો પણ ગ્રાહક વીજ પૂરવઠો શરૂ થયા પછી, પૂરવઠા સંહિતાની બોલીઓ અને શરતોથી બંધાયેલો ગણાશે.

પૂરવઠાની સામાન્ય શરતો :

માંગ નોંધ

૪.૧૦૪ માંગ નોંધ, આ સંહિતાની જોગવાઇઓ અને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના (પુરવઠો પુરો પાડવા કરેલું ખર્ચ અને પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો , ૨૦૦૫ અને તેના વખતોવખત સુધારા અનુસાર તૈયાર કરાશે. માંગ નોંધ અરજદાર માટે એક વખત તૈયાર કરવામાં આવે પછી એક મહિના માટે તે કાયદેસર ગણાશે. માંગ નોંધ અંગેની તકરારો, ન્યાય-નિર્ણય માટે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમને મોકલવાની રહેશે.

પુરવઠા બિન્દુ (પોઇન્ટ ઓફ સપ્લાય):

૪.૧૦૫ અન્યથા સંમત ન થયા હોય તો, ગ્રાહકે સ્થાપિત કરેલા કટ-આઉટનો અંદર આવતો છેડો પુરવઠા બિન્દુ રહેશે, જેમ કે :

(એ) એલ.ટી. ગ્રાહકોના કેસમાં મીટર પછી તરત ગ્રાહકે સ્થાપિત કરેલ કટ આઉટ MCB/ELCBનો અંદર આવતો છેડો,

(બી) ટ્રાન્સફોર્મર કેન્દ્ર/ ગ્રાહકની જગ્યામાં ઉભું કરેલ પેટામથક ઉપર લગાવેલ વિતરણ પેટી, કે જયાં આવા ટ્રાન્સફોર્મર કેન્દ્ર અથવા પેટા મથક પર મીટર લગાવેલા હોય.

(સી) એચ.ટી. કે ઇ.એચ.ટી. ગ્રાહકનાં કેસમાં, ગ્રાહકની જગ્યામાં આ સંહિતાની જોગવાઇ અનુસાર સ્થાપિત કરેલાં કંટ્રોલ સ્વિચગિયરો.

૪.૧૦૬ પૂરવઠાનાં પ્રારંભના બિંદુએ ગ્રાહકે મેઇન સ્વિચ/સર્કીટ બ્રેકરની જોગવાઇ કરવાની રહેશે. વધુમાં, એચ.ટી. અને ઇ.એચ.ટી. ગ્રાહકો પણ કેન્દ્રીય વિદ્યુત પ્રાધિકરણ (સલામતી અને વીજળી પૂરવઠાને લગતાં પગલાં) વિનિયમો,૨૦૧૦ અને તેના સુધારાની કલમ-૩૫ ની જોગવાઇઓ અનુસાર યોગ્ય રક્ષણાત્મક ઉપકરણો પૂરાં પાડશે. વીજ પૂરવઠો શરૂ થતાં પહેલાં, રક્ષણની વ્યવસ્થા પરવાનેદાર પાસે મંજૂર કરાવવાની રહેશે. ગ્રાહકે મેળવેલ મીટરો, MCBs/CBs અને સંકળાયેલ સાધનોને પૂરવઠા બિંદુ (બિંદુઓ) પાસે પરવાનેદાર સ્થાપિત કરશે.

૪.૧૦૭ એચ.ટી. અને ઇ.એચ.ટી. ગ્રાહકો હાઇ-વોલ્ટેજ બાજુએ ડેલ્ટા વાઇન્ડિંગ અને લો-વોલ્ટેજ બાજુએ સ્ટાર વાઇન્ડિંગ સાથેનું વેકટર ગ્રુપ સાથેનું સ્ટેપ-ડાઉન ટ્રાન્સફોર્મર સ્થાપિત કરશે, કે જ્યાં ન્યુટ્રલનો છેડો બહાર કાઢીને મજબુતાઇથી અર્થ કરેલ હોય.

૪.૧૦૮ મીટર, મીટર બોર્ડ, સર્વિસ મેઇન્સ, MCB/CB, લોડ લિમિટર્સ વગેરેનું નિયંત્રણ અથવા ખસેડવાની કામગીરી પરવાનેદારના અધિકૃત કર્મચારી/પ્રતિનિધિ ન હોય તેવી કોઈ વ્યક્તિએ કરવું નહીં. મીટરો/મીટરીંગ સાધન-સામગ્રી, લોડ લિમિટર્સ અને પરવાનેદારના સાજસરંજામ પર લગાડેલ સીલ સાથે કોઇપણ રીતે ચેડાં કરવાં નહીં, નુક્શાન કે તોડફોડ ન કરવી. ગ્રાહકના જગ્યામાં રહેલ મીટરો/મીટરીંગ સાધનો પરના સીલ તથા પરવાનેદારની સાધન-સામગ્રી સલામત કબ્જામાં રાખવાની જવાબદારી ગ્રાહકની છે.

૪.૧૦૯ ગ્રાહક કે તેના કર્મચારીના કોઇ કૃત્ય, બેદરકારી કે ભૂલને કારણે પરવાનેદારની સાધન-સામગ્રીને કોઇ નુકશાન થાય તેવા કિસ્સામાં તેનો ખર્ચ પરવાનેદાર હકદાવો કરે તે પ્રમાણે ગ્રાહકે ચૂકવવાનો થશે. જો ગ્રાહક માંગણી પછી તે ખર્ચ નહીં ચૂકવે તો તેને, પૂરવઠા કરારની શરતોનું ઉલ્લંઘન ગણાશે અને વીજળીના પૂરવઠાનું જોડાણ કાપવાપાત્ર ગણાશે.

માંગ નોંધની ચૂકવણીની પધ્ધતિ :

૪.૧૧૦ તમામ ચૂકવણીઓ રોકડથી (રૂ.૨૦,૦૦૦ સુધી), બેન્કરના ચેક કે ડિમાન્ડ ડ્રાફ્ટથી કરાશે. બેન્કરના ચેકો અને ડિમાન્ડ ડ્રાફ્ટ, સંબંધિત પેટા-પ્રભાગીય કચેરી જે વિસ્તારમાં હોય તે માટેના ક્લિયરીંગ હાઉસના સભ્ય હોય તેવી ઠરાવેલ વાણિજ્યિક બેન્ક (શિડ્યુલ્ડ કોમર્શીયલ બેન્ક)ની કોઇપણ શાખામાં ચૂકવવાપાત્ર હોવા જોઇશે.

વીજળીનું પુનર્વેચાણ :

૪.૧૧૧ ગ્રાહક, પરવાનેદારે પૂરી પાડેલી જરાપણ વીજળી અન્ય જગ્યાને પુરી પાડશે નહીં, સિવાય કે તેની પાસે આયોગ/ રાજ્ય સરકાર દ્વારા અપાયેલ વીજળી વિતરણ કે વેચાણ માટેની યોગ્ય મંજૂરી કે લાઇસન્સ હોય અથવા તેને લાઇસન્સ મેળવવામાંથી મુક્તિ અપાઇ હોય કે ફ્રેન્ચાઇઝી તરીકે તેની નિમણૂંક થઈ હોય.

ગ્રાહકની જગ્યામાં પ્રવેશ કરવાનો માર્ગ:

૪.૧૧૨ વિતરણ પરવાનેદાર, અથવા તેના દ્વારા અધિકૃત કોઈ વ્યકિત કોઈ પણ વાજબી સમયે, અને ગ્રાહકને તેમના હેતુની જાણ કરીને જે જગ્યામાં તેના દ્વારા વીજળી પુરી પાડવામાં આવે છે કે આવી કોઇ જગ્યા કે જમીન નીચે, તેમાં પસાર કરીને અંદર કે ઉપર, તેની સાથે કે આરપાર વીજળી પૂરવઠા લાઇનો કે અન્ય બાંધકામ કાયદેસર રીતે નીચેના હેતુઓ માટે તેના દ્વારા મુકવામાં આવ્યા હોય:

(૧) વીજળી પુરી પાડવાના વિતરણ પરવાનેદારની વિજ પ્રવાહની લાઇનો, મીટરો, ફીટીંગ, બાંધકામ અને ઉપકરણોનું નિરીક્ષણ, ચકાસણી, મરામત અથવા ફેરફાર કરવાનો હોય;

(૨) કેટલા મુલ્યની વિદ્યુત પૂરી પાડવામાં આવી છે કે વિદ્યુતનો જથ્થો પુરવઠામાં કેટલો છે, તેની ખાત્રી પુર્વકની જાણકારી મેળવવાં; અથવા

(૩) જયાં હવે વીજળી પુરી પાડવાની જરૂર નથી, કે જયાં વિતરણ પરવાનેદાર આવો પ્રવાહ કાપી નાખવા અને પરત લઈ જવા માટે અધિકૃત હોય, તેવી વિદ્યુત પ્રવાહની લાઈનો, મીટર, ફિટિંગ્સ, બાંધકામ કે ઉપકરણો જે વિતરણ પરવાનેદારની માલિકીના હોય તેમને ખસેડવાનાં હોય.

૪.૧૧૩ વિતરણ પરવાનેદાર, અથવા તેના કોઈ સદરહુ અધિકૃત વ્યકિત એકઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ દ્વારા કરવામાં આવેલા ખાસ આદેશ દ્વારા અને ૨૪ કલાકથી ઓછી નહીં તેવી મુદતની લેખિત નોટિસ કબ્જેદારને આપીને;

(૧) કલમ ૪.૧૧૨માં નિર્દિષ્ટ કોઇપણ જગ્યામાં કે જમીનમાં તેમાં દર્શાવેલ કોઇ પણ હેતુ માટે પ્રવેશ કરી શકશે.

(૨) કોઈ પણ જગ્યામાં જયાં તેમના દ્વારા વિદ્યુત પુરવઠો આપવાનો હોય, કે જ્યાં ગ્રાહકની માલિકીનાં વીજ વપરાશ માટેનાં ઈલેકટ્રીક વાયર, ફિટિંગ્સ, બાંધકામ અને ઉપકરણોને તપાસવા નિરીક્ષણ કરવાના હેતુ માટે પ્રવેશ કરી શકશે.

૪.૧૧૪ જયારે કોઈ ગ્રાહક વિતરણ પરવાનેદાર કે તેના અધિકૃત વ્યકિતને ઉપર જણાવ્યા મુજબ કલમોની જોગવાઈઓ અનુસાર તેની જગ્યા કે જમીનમાં આવવા ન દેતો, જયારે વિતરણ પરવાનેદાર કે તેના અધિકૃત પ્રતિનિધી અંદર પ્રવેશ્યા હોય અને તેમને ઉપર જણાવેલ કલમો અન્વયે જેતે કામ કરવા માટે ના પાડે, અથવા તો આવા પ્રવેશ કે કામગીરીની બજવણી માટે વાજબી સગવડો આપવાની ના પાડે તો વિતરણ પરવાનેદાર ગ્રાહકને લેખિત નોટિસ આપ્યા પછી ૨૪ કલાક પૂરા થયે, ગ્રાહકનો વીજપૂરવઠો કાપી શકશે, જે આવો ઈન્કાર કે નિષ્ફળતા ચાલુ રહે ત્યાં સુધી અમલી રહેશે.

ફ્યૂઝ નિષ્ફળતાને કારણે પૂરવઠાનું અટકી જવું.

૪.૧૧૫ કોઇપણ સમયે પરવાનેદારના સર્વિસ ફ્યુઝ કે ફ્યુઝો નિષ્ફળ જાય તો, તે અંગેની નોટિસ પરવાનેદારની સ્થાનિક કચેરી કે કોલ સેન્ટરને મોકલવી અથવા પેટા-મથકો હોય તો સૌથી નજીકના પેટા-મથકને મોકલવી. પરવાનેદારના માત્ર અધિકૃત પ્રતિનિધિઓને પરવાનેદારના કટ-આઉટમાં આ ફ્યૂઝ બદલવાની પરવાનગી અપાઈ છે. ગ્રાહકોને આ ફ્યૂઝ બદલવાની છૂટ નથી અને જો પરવાનેદારના ઉપકરણોનું રક્ષણ કરવા મૂકેલ સીલ તોડવામાં આવે તો ગ્રાહકો પોતે દંડ માટે જવાબદાર રહેશે. પરવાનેદારે તેના કર્મચારીઓને ગ્રાહકના વીજસ્થાપનોમાં ફ્યુઝની કોઇ મરામત કે ફેરબદલી કરવાની છૂટ આપવાની રહેશે નહીં.

વિભાગ-૫

ગ્રાહકની જગ્યાના ઉપકરણો

ગ્રાહકની જગ્યામાં વાયરિંગ :

૫.૧ ગ્રાહકની જગ્યામાં વાયરિંગનું કામ, લાઈસન્સ ધરાવનાર વીજળી કોન્ટ્રાકટર દ્વારા હાથ ધરવું અને કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ (સલામતી અને વીજળી પુરવઠા અંગેના પગલાં) વિનિયમો,૨૦૧૦ અને વખતોવખત સુધારા મુજબના નિર્દિષ્ટ ધોરણો સાથે સુસંગત હોવા જોઈશે. વાયરિંગ માટે વાપરેલ માલ-સામાન, ભારતીય ધારા ધોરણો અનુસાર અને તેનાથી શ્રેષ્ઠ હોવો જોઈશે. જેની ઉંચાઈ જમીનથી ૧૫ મીટર કરતાં વધુ હોય તેવાં બહુમાળી મકાનો અંગે કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણનાં(સલામતી અને વીજ પૂરવઠાનાં લગતા પગલાં) વિનોયમો,૨૦૧૦ વખતોવખત સુધારા કર્યા મુજબના વિનિયમોના ખંડ ૩૬નું પાલન કરવું જોઈશે. વાયરિંગનું પરીક્ષણ, કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ(સલામતી અને વીજ પૂરવઠાને લગતાં પગલાં) વિનિયમો, ૨૦૧૦ અને તેના સુધારામાં નિર્દિષ્ટ ખંડ ૩૧ ની જોગવાઈઓ અનુસાર કરવાનું રહેશે.

ગ્રાહકના સાજસરંજામ અને ઉપકરણોનું સ્થાપન:

૫.૨ ગ્રાહક, શકય હોય અને વ્યવહારૂ હોય ત્યાં સુધી, વિતરણ પરવાનેદારને પોતાની જગ્યામાં જે કોઈ વિદ્યુત પ્લાન્ટ અને વપરાશી ઉપકરણોનું સ્થાપન તેના દ્વારા કરવાનું હોય તેની વિગતો આપવાની રહેશે. આવા પ્લાન્ટ અને ઉપકરણોની રચના અને કામગીરી એવી રીતે રાખવી કે જે વિતરણ પરવાનેદારના વિદ્યુત પુરવઠાની લાઈનો કે અન્ય બાંધકામ કે વિતરણ પરવાનેદાર દ્વારા અન્ય ગ્રાહકને અપાતા વિદ્યુત પુરવઠાની કાર્યક્ષમતામાં નડતર ન થાય કે તેની સુરક્ષા ન જોખમાય.

૫.૩ બધાંજ ટ્રાન્સફોર્મર, સ્વિચગિયર અને અન્ય વિદ્યુત સાજસરંજામ જે ગ્રાહકની માલિકીના હોય અને જે વિતરણ પરવાનેદારની મેઈન્સ સાથે જોડાયેલ હોય બધા કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ(સલામતી અને વીજ પૂરવઠાનાં લગતાં પગલાં) વિનિયમો, ૨૦૧૦ અને વખતોવખત સુધારા મુજબનાં આધારે જાળવવાનાં રહેશે.

૫.૪ નીચા દબાણવાળા ગ્રાહકોએ બધા કિસ્સાઓમાં તેમના ખર્ચે કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ (સલામતી અને વીજળી પુરવઠા અંગેના પગલાં) વિનિયમો, ૨૦૧૦ અને વખતોવખત સુધારા મુજબ સલામતી માટેના સાજસરંજામની જોગવાઈ કરશે અને વિતરણ પરવાનેદારના મીટર બોર્ડના ૧ ફૂટની અંદર તેનું સ્થાપન કરવું જોઈશે અથવા વિતરણ પરવાનેદાર જે મંજૂર રાખે તે મુજબની અન્ય સ્થિતિમાં રખાશે.

૫.૫ ઉચ્ચદબાણ વાળા કે અતિ ઉચ્ચ દબાણ વાળા ગ્રાહકો માટે કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ (સલામતી અને વીજળી પુરવઠા અંગેના પગલાં) વિનિયમો, ૨૦૧૦ અને વખતોવખત સુધારા મુજબનાં, યોગ્ય સુરક્ષા સાધનો વાપરશે જે વિતરણ પરવાનેદારના ગ્રાહકની જગ્યામાં ગોઠવેલા ઉપકરણોને સંપૂર્ણ સૂરક્ષા પૂરી પાડે. જયારે ઉચ્ચ દબાણવાળા કે અતિ ઉચ્ચદબાણવાળા ગ્રાહકને પ્રવહન પરવાનેદારના સબસ્ટેશન સાથે સીધું જોડાણ આપવામાં આવ્યું હોય ત્યારે વિતરણ પરવાનેદાર, પ્રવહન પરવાનેદાર પાસેથી ઉપર મુજબની મંજુરી આપતા પહેલા સંમતિ મેળવશે.

૫.૬ કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ (સલામતી અને વીજળી પુરવઠા અંગેના પગલાં) વિનિયમો, ૨૦૧૦ અને વખતોવખત સુધારાની કલમ-૪૨ મુજબ ભૂમિય ક્ષતિ (અર્થ ફોલ્ટ) કે વીજપ્રવાહનાં ઝમણ (કરન્ટ લીકેજ)ના બનાવ વખતે પુરવઠો તાત્કાલીક બંધ થાય તે સારૂં ભૂમિય ઝમણ સુરક્ષા સાધન (અર્થ લીકેજ પ્રોટેક્ટીવ ડીવાઇઝ)નું જોડાણ કરાશે. તેની પ્રારંભિક સ્થાપન બાદ, ગ્રાહકનાં ભૂમિય ઝમણ સુરક્ષા સાધનને દૂર કરે તે પ્રસંગે, વિતરણ પરવાનેદાર, તે સમયે અમલમાં હોય તે અધિનિયમો, નિયમો અને વિનિયમોની જોગવાઈઓને આધીન રહીને, ૭ દિવસની નોટિસ આપ્યા પછી પુરવઠાનું જોડાણ બંધ કરી શકશે અને ગ્રાહક ભૂમિય ઝમણ સુરક્ષા સાધન (અર્થ લીકેજ પ્રોટેક્ટીવ ડીવાઇઝ) ફરીથી ન બેસાડે ત્યાં સુધી ફરીથી જોડાણ કરશે નહીં.

૫.૭ કોઈ પણ કરારમાં જણાવ્યું ન હોય તો પણ, કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ (સલામતી અને વીજળી પુરવઠા અંગેના પગલાં),વિનિયમો, ૨૦૧૦ અને તેના સુધારાની કલમ ૫૨ (v) અને ૫૪ (v) મુજબ, પૂરતી ક્ષમતા વાળું ભૂમિય ઝમણ સર્કિટ બેકર (અર્થ લીકેજ સર્કીટ બ્રેકર) પૂરૂં પાડવામાં આવશે, જે નીચા વીજ દબાણ તરફ હશે અને જે બધા તેજસ્વી સાઈન સ્થાપનો કે એક્ષરે સ્થાપનોમાં ઝમણ (લીકેજ) શોધી શકશે.

એ.સી. મોટરનું સ્થાપન :

૫.૮ મોટરને કંટ્રોલ ગીયર સાથે જ પૂરી પાડવાની રહેશે, જેના ઉપરનો-વોલ્ટ રીલીઝ અને ઓવર લોડ રીલીઝ (ત્રિવિધ પોલ ફયુઝ) લગાડેલી હોય જેથી ગ્રાહકના સ્થાપનની મહત્તમ પ્રારંભિક પ્રવાહને ઘટાડી શકાય, જે બધી શકય પરિસ્થિતિઓમાં સંબંધિત ધોરણો અને કાર્યસંહિતામાં ઠરાવેલી મર્યાદાને ઓળંગતી ન હોય.અલબત્ત જો એકંદર પ્રારંભિક AC સ્થાપનનો પ્રવાહ વ્યવસ્થાના વીજભારને અવળી અસર કરતો હોય તો વિતરણ પરવાનેદાર ગ્રાહકને AC સ્થાપનની કાર્યક્ષમતા સુધરે તે માટે સલાહ આપી શકશે. રીલે ઉચિત ચાલુ સ્થિતિમાં રાખવાના રહેશે. આ બધી બાબતોમાં ગ્રાહક નિષ્ફળ જાય તો, અન્ય ગ્રાહકોને વિદ્યુત પુરવઠામાં સંભવિત ખલેલ થવાના કારણે, અધિનિયમ, નિયમો અને વખતોવખત પ્રવર્તમાન વિનિયમોના આધારે વિદ્યુત જોડાણ કાપવાને માટે જવાબદાર થશે. નીચા કે મધ્યમ વીજભારની મોટરોમાં કન્ટ્રોલ ગિયરની જોગવાઈ કરવાની રહેશે જેથી તમામ સ્થિતિમાં નીચેની અનુસૂચિમાં આપેલ મર્યાદા કરતાં વધી જતી ગ્રાહકની અધિકતમ વીજપ્રવાહની માંગને સંતોષકારક રીતે નિવારી શકાય.

સ્થાપનનું કદ	**મહત્તમ વીજપ્રવાહની માંગની મર્યાદા**
૧ એચ.પી. સુધી અને સહિત	૬ X પૂર્ણભાર વીજપ્રવાહ
૧ એચ.પી. થી વધુ અને ૧૦ એચ.પી. સુધી અને સહિત	૩ X પૂર્ણભાર વીજપ્રવાહ
૧૦ એચ.પી. થી વધુ અને ૧૫ એચ.પી. સુધી અને સહિત	૨ X પૂર્ણભાર વીજપ્રવાહ
૧૫ એચ.પી. કરતાં વધુ	૧ ૧/૨ X પૂર્ણભાર વીજપ્રવાહ

આ જરૂરિયાતોનું પાલન કરવામાં નિષ્ફળ જતાં ગ્રાહકનું જોડાણ છૂટું કરવામાં આવશે. પરવાનેદાર સ્થળ અને કામકાજની સ્થિતિ પર આધાર રાખીને પ્રારંભિક વીજપ્રવાહની મર્યાદામાં છૂટછાટ મૂકી શકે.

બે એચ.પી. કરતાં વધુ ક્ષમતાવાળી મોટ ૨૩ ફેઝ ૪૦૦ વોલ્ટ વીજદબાણ (ફેઝની વચમાં) બાંધવામાં આવશે.

૫.૯ દરેક થ્રી- ફેઝ મોટર સર્કિટ લોખંડના ઢાંકણ વાળી ત્રણ ધ્રુવિય જોડાણયુક્ત સ્વિચથી સુરક્ષિત કરવામાં આવશે જે જૂથ કામગીરી પણ હોય.મોટર માટેના વાયરીંગની સાથે થ્રી ફેઝ વાયરોને એક ધાતુની કે સખત પીવીસીની એક નળીમાં ચુસ્ત રીતે બાંધીને પસાર કરવામાં આવશે કે જેને અસરકારક રીતે અર્થ (ભૂમિય) કરવામાં આવશે અથવા મોટરની ફ્રેમને જોડાયેલ સળંગ વાયરમાંથી પૂરતા માપના બે અલગ ભૂમિય વાયરો(અર્થ વાયરો)ને પસાર કરવામાં આવશે. આ ભુમિય વાયર (અર્થ વાયર)નું લઘુતમ કદ ૩૦૦ ચો.મી.મી. (અથવા ૧૪ SWG) રહેશે.

૫.૧૦ બધા ગ્રાહકો, જે ચાલકબળના હેતુસર વિદ્યુત વાપરતા હોય તેમણે તેમની જગ્યામાં આવતા છેડાએ વિતરણ પરવાનેદારની વ્યવસ્થાનાં ત્રણે ફેઝ પર સમતોલ વીજભાર રહે તેવી ખાતરી કરવી પડશે.

૫.૧૧ જે ગ્રાહકોને મોટર સિવાયના અન્ય ઉપકરણો વાપરવા હોય તેને મેળવતાં પહેલા વિતરણ પરવાનેદાર પાસેથી ટેકનિકલ વિગતો માટે સલાહ મેળવશે કે જેથી તેઓ આવા ઉપકરણોને મેઈન્સ સાથે જોડવામાં લાગુ પડતી ખાસ સ્થિતિ વિશે માહિતગાર થઈ શકે. વિતરણ પરવાનેદાર આવા પ્રશ્નોનો યોગ્ય સૂચનો સાથે તુરત જ પ્રત્યુત્તર પાઠવશે. આવા ઉપકરણોની કામગીરીની લાક્ષણિકતાઓની વિગતો ભેગી કરવા વિતરણ પરવાનેદારને સમય જોઈતો હોય તેવા કેસમાં, વ્યવહારૂ રીતે બને તેટલો ઝડપી પ્રત્યુત્તર પાઠવવામાં આવશે.

સિંચાઈ / કૃષિ પંપસેટનું સ્થાપન :

૫.૧૨ કાયમી જોડાણ છૂટું કર્યા પછી તમામ નવા પમ્પિંગ સેટનાં જોડાણો/ પુર્નજોડાણોમાં નીચેની બાબતો રહેશે.

(૧) ઘર્ષણ રહિત ફૂટ-વાલ્વ
(૨) HDPE પાઈપિંગ સકશન અને ડિલિવરી
(૩) ભારતીય માનક સંસ્થાની નિશાનીવાળા કાર્યક્ષમ મોનોબ્લોક/સબમર્સિબલ પંપ સેટ
(૪) ભારતીય માનક સંસ્થાની નિશાનીવાળા પંપ સેટ માટે પર્યાપ્ત દર-નિર્ધારણવાળા કેપેસિટર

વિતરણ પરવાનેદારનાં પૂરવઠા મેઈન્સ અને સાધનો :

૫.૧૩ ગ્રાહક તેના મકાનમાં પડતી સર્વિસ લાઇનના તે ભાગના બાંધકામ/સ્થાપન માટે તથા પૂરવઠાના પ્રારંભિક પોઇન્ટ સુધી ટ્રાન્સફોર્મરો, સ્વિચ ગિયર, મીટર અને બીજા સાધનોની જોગવાઇ કરવા ગ્રાહક અને પરવાનેદાર વચ્ચે અરસ-પરસ સમજૂતિ થયા પ્રમાણે જરૂરી પરિમાણની અને અનુકૂળ સ્થળે જગ્યા પૂરી પાડશે. સંપૂર્ણ સર્વિસ લાઇન અને અન્ય સાધનો પરવાનેદારની મિલકત ગણાશે અને તેના નિયંત્રણમાં રહેશે.

૫.૧૪ પરવાનેદાર, અન્ય ગ્રાહકોને પૂરવઠો આપવા સર્વિસ લાઇન અને અન્ય સાધનોનો ઉપયોગ કરી કરશે, પરંતુ પૂરવઠા માટે ચૂકવણી કરનાર ગ્રાહકને તેનાથી વિપરિત અસર ન થવી જોઇએ. વધુમાં જેને લાઇન, સાધનો માટેની ચૂકવણી કરી હોય તો પણ તે ગ્રાહક્ને અપાતો પૂરવઠો ગમે તે કારણસર બંધ કરી દેવાય તો, ગ્રાહક, પરવાનેદારને અન્ય ગ્રાહકોને પૂરવઠો આપવા માંગતા હોય તો સર્વિસ લાઇનો અને અન્ય સાધનોમાં પ્રવેશ ચાલુ રાખવા પરવાનેદારને પરવાનગી આપશે અને વૈકલ્પિક ગોઠવણ ન થાય ત્યાં સુધી આવો પ્રવેશ/ સુવિધા માટે ગ્રાહકે કોઇ ચૂકવણી કરવાની રહેશે નહીં, આમ છતાં એવી સ્પષ્ટ જોગવાઇ કરાઇ છે કે, પરવાનેદાર, શક્ય અને વ્યવહારૂ રીતે જેમ બને તેમ ત્વરાથી વૈકલ્પિક વ્યવસ્થા કરવા તમામ શક્ય પ્રયત્નો કરશે. આ હેતુ માટે પરવાનેદાર હાલના સ્થળે સ્થાપન ચાલુ રાખવા પારસ્પરિક સ્વીકાર્ય ગોઠવણ કરવાનું શોધશે.

૫.૧૫એલ.ટી. ગ્રાહકોના કેસમાં, વિતરણ પરવાનેદાર, કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ(મીટર સ્થાપન અને સંચાલન) વિનિયમો,૨૦૦૬ તથા કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણના (સલામતી અને વીજ પૂરવઠાને લગતાં પગલાં), વખતોવખત સુધાર્યા મુજબના વિનિયમો અનુસાર, જરૂરિયાતને આધારે, પરસ્પર સંમતિ સાધેલ સ્થળે મીટર, મીટર-ઢાંકણ, સ્વિચ-ગિયર અને અન્ય સાજસંરજામ એવી રીતે પાડવાના રહેશે કે જેથી હંમેશા વિના અવરોધ પ્રવેશ સુલભ થઈ શકે.

૫.૧૬ એચ.ટી. કેસમાં, પૂરવઠાકાર ૨૦૧૦ના કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ (સલામતી અને વીજપૂરવઠાને લગતાં પગલાં) વખતોવખત સુધાર્યા મુજબના વિનિયમો અનુસાર CTs અને PTs સર્કિટ બ્રેકર કે એર બ્રેક સ્વિચ (આઇસોલેટર) કે હાય-વોલ્ટેજ ફ્યૂઝ કે અન્ય યોગ્ય ઉપકરણ સહિત યોગ્ય મીટર પૂરૂં પાડશે. ગ્રાહકે પણ પોતાના પક્ષે તેવું જ નિયંત્રક ઉપકરણ પૂરૂં પાડવાનું રહેશે.

૫.૧૭ હાય-વોલ્ટેજ પૂરવઠો માંગનાર, ગ્રાહકે, વિતરણ પરવાનેદારનાં એચ.ટી. સ્વિચ ગિયર અને મીટરીંગ સાજસંરજામ રાખવા વિતરણ પરવાનેદારે મંજૂર કરેલ ડિઝાઇનનું તાળાબંધ અને હવામાન પ્રતિકારક પરિધિ (enclosure) પોતાના ખર્ચે પૂરી પાડવાની અને જાળવવાની રહેશે અને આવી પરિધિ (enclosure) ગ્રાહક, તેના પોતાના એચ.ટી. સ્વિચ ગિયર, ટ્રાન્સફોર્મર અને અન્ય સાધનો તેમજ કેપેસિટર રાખવા માટે વાપરી શકશે, પરંતુ તે માટે વિતરણ પરવાનેદારની લેખિત પરવાનગી લેવી પડશે અને આવી પરિધિ (enclosure) બીજા કોઇ હેતુ માટે વપરાશે નહીં. વિતરણ પરવાનેદાર, તેનાં સાધનોનાં નિરીક્ષણ, પરીક્ષણ અને નિભાવના હેતુસર, કોઇપણ નોટિસ વિના, હર હંમેશ પરિધિને ઉઘાડી શકશે.

૫.૧૮ હાઇ-વોલ્ટેજ અને એક્સ્ટ્રા હાઇ-વોલ્ટેજ ગ્રાહકોના કેસમાં ૨૦૧૦ના કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણના (સલામતી અને વીજપૂરવઠાનાં લગતાં પગલાં) તેના સુધારા સાથેના વિનિયમો અનુસાર યોગ્ય રક્ષણાત્મક ઉપકરણોની સાથોસાથ પર્યાપ્ત ક્ષમતાના સ્વિચ-ગિયર વાપરશે, જેથી ગ્રાહકના સ્થળે રહેલ વિતરણ પરવાનેદાર સાધનોને પૂરતું રક્ષણ આપી શકાય.

૫.૧૯ ૩૩ કે.વી. સુધીના પૂરવઠાના કેસમાં સાજસરંજામ અને ૬૬ કે.વી. તેથી વધુ પૂરવઠાના કેસમાં એર-બ્રેક સ્વિચ એ વિતરણ પરવાનેદારની મિલકત રહેશે અને વિતરણ પરવાનેદારની નોકરીમાં ન હોય તેવી કોઇ વ્યક્તિ કોઇપણ કારણસર તેનું સંચાલન, હેરફેર કે તેને દૂર કરવાનું કામ કરશે નહીં તેજ પ્રમાણે ઉક્ત મિલકત પર લગાડેલ વિતરણ પરવાનેદારના સીલ નામ પ્લેટ અને ચિન્હોના વિશિષ્ટ નંબરમાં દખલ કરાશે નહીં અને આ હેતુ માટે યોગ્ય રીતે અધિકૃત વિતરણ પરવાનેદારના કર્મચારીઓ સિવાય કોઇપણ કારણસર તેમાં તોડફોડ, તે દૂર કરવા કે છેકી નાખવાની કામગીરી કરાશે નહીં.

૫.૨૦ વિતરણ પરવાનેદાર, એચ.ટી. ગ્રાહકના કેસમાં કટોકટી વખતે ગ્રાહકના એચ.ટી. સાધનને અલગ પાડવાના હેતુસર વિતરણ પરવાનેદારનાં ટર્મિનલ સ્વિચ, ફ્યૂઝ કે સર્કિટ બેકરનું સંચાલન કરવા, ગ્રાહકની અરજી પર તેને લેખિત પરવાનગી આપશે, પરંતુ ગ્રાહકની સંચાલન કામગીરીથી અન્ય ગ્રાહકના પૂરવઠાના સાતત્યને કોઇ અસર થવી જોઇએ નહીં.

૫.૨૧ ગ્રાહકના સ્થળે રહેલ વિતરણ પરવાનેદારની માલિકીની મેઇન્સ, સાધનો કે ઓજારો અથવા બીજી કોઇ મિલકતને ગ્રાહક કે તેના કર્મચારીઓ કે તેને કામે રાખેલી કોઇ વ્યક્તિના કોઇ કૃત્ય, બેદરકારી કે કસૂરને કારણે થયેલ કોઇપણ નુકશાન અને તેને સરખું કરાવવા માટેનું ખર્ચ, દરેક ગ્રાહક વિતરણ પરવાનેદારને ભરપાઈ કરી આપશે.

વિભાગ-૬

મીટર અને બિલ-વ્યવસ્થા

મીટરોની જરૂરિયાત

૬.૧ કોઈપણ સ્થાપન મીટર વિનાનું અપાશે નહીં. તમામ મીટરો અધિનિયમની કલમ ૫૫ હેઠળ પ્રસિધ્ધ કરાયેલ ૨૦૦૬ના કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણના (મીટરોનું સ્થાપન અને સંચાલન) વિનિયમો, ૨૦૦૬ અને તેના સુધારામાં ઠરાવ્યા મુજબની જરૂરિયાતો સાથે સુસંગત હોવાં જોઈએ. પરવાનેદાર, પણ નવા જોડાણને વીજળી આપવા અથવા મીટર બદલવા કે ઉર્જાના હિસાબ કરવા અને ઈન્ટરફેઝ મીટર જેવા અન્ય હેતુસર, ઉપર દર્શાવેલા વિનિયમોનું પાલન કરશે.

૬.૨ કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણના (સલામતી અને વીજ પૂરવઠાનાં પગલાં), વિનિયમો,૨૦૧૦ની કલમ-૩૫ અને તેના સુધારાઓ અનુસાર ગ્રાહક યોગ્ય રેટીંગ તથા વિશિષ્ટ વર્ણન મુજબના, ફ્યૂઝ કે લઘુ સર્કિટ બ્રેકર (MCBS)/ELCB/કટ-આઉટ સાથે જોડાયેલ લો-ટેન્શન વીજભાર સ્વિચ અને ફ્યૂઝ કે સર્કિટ બ્રેકર સાથે જોડાયેલ એચ.ટી./ઇ.એચ.ટી. વીજભાર સ્થાપિત કરશે.

૬.૩ નવું જોડાણ માંગતી વખતે ગ્રાહક પાસે આમાનો એક વિકલ્પ રહેશે:

(૧) પોતે જાતે મીટર MCBS/ELCB અને સંકળાયેલ સાજસરંજામ વિક્રેતા(ઓ) પાસેથી એ શરતે ખરીદી શકશે કે સાજસરંજામ વખતોવખત પરવાનેદારે મંજૂર કરેલ બનાવટ અને વિશિષ્ટ વર્ણન મુજબના હોવા જોઈએ.

(૨) મીટર, MCBS/ELCB અને સંકળાયેલ સાધન-સામગ્રી પરવાનેદાર દ્વારા પૂરી પાડવામાં આવે.

ગ્રાહકે અરજી ફોર્મમાં આ વિકલ્પ દર્શાવવાનો રહેશે અને પરવાનેદારે માન્ય કરેલ વિક્રેતા(ઓ) અને બનાવટ(ટો) સાથેની યાદી મોકલવાની રહેશે. એક વખત ગ્રાહક મીટર મેળવે પછી પરવાનેદાર તેનું પરીક્ષણ, સ્થાપન કરી સીલ કરશે.

પરવાનેદાર તેણે મંજૂર કર્યા પ્રમાણે મીટર અને અન્ય સાજસરંજામની અદ્યતન બનાવટ અને તેની વિશિષ્ટ વર્ણનની યાદી તેની વેબસાઈટ પર ઉપલબ્ધ કરશે.

૬.૪ પરવાનેદારને અદ્યતન ટેકનોલોજી ઉપલબ્ધ બનાવવા અને ગ્રાહકના સ્થળોમાં મીટર મૂકવામાં આવે તે સ્થળની યોગ્યતાના સંદર્ભમાં મીટરોની સ્થિતિની સમીક્ષા કરવાની સત્તા છે. પરવાનેદાર, નિર્દિષ્ટ ઉપકરણની ટેકનિકલ જરૂરિયાતો અનુસાર ગ્રાહકના જગ્યામાં દૂરવર્તી મીટર ઉપકરણ સ્થાપિત કરી શકશે. અધિકતમ માંગ રેકોર્ડીંગ લક્ષણો ધરાવતું અધિકતમ માંગ (MD) મીટર કે આવા વધારાના લક્ષણો ધરાવતું મીટર પણ સ્થાપિત કરી શકશે.

૬.૫ નવાં જોડાણોનાં મીટરો નીચેના પ્રકારનાં હશે:

(૧) (એ) સિંગલ-ફેઈઝ એલ.ટી. જોડાણ માટે - ઈલેક્ટ્રોનિક મીટર

(બી) થ્રી-ફેઈઝ એલ.ટી. જોડાણ માટે - અધિકતમ માંગ નિદર્શન (MDI) સાથેનું ઈલેક્ટ્રોનિક મીટર

(૨) એચ.ટી./ઇ.એચ.ટી. ગ્રાહકો માટે - થ્રી-ફેઝ ટ્રાય-વેક્ટર MDI સાથેનું મીટર. મીટરોમાં 'time of the day' દિવસનો સમય (TOD) મીટરીંગ માટેની અને ઓછામાં ઓછા ૪૫ દિવસનો સંગ્રહ કરવાની સુવિધા હોવી જોઈશે. ગ્રાહકોને ઉપરના લક્ષણો ઉપરાંત પીક અવર્સ (peak hours)ના MDI નોંધવાની સુવિધા ધરાવતાં મીટર સ્થાપિત કરાવવાનો વિકલ્પ રહેશે.

(૩) વીજળીની બાકી રકમ વસૂલ કરવાની સમસ્યા ધરાવતાં હોય ત્યાં, પરવાનેદાર આવી સ્થિતિમાં પૂર્વ-ચૂકવણી (pre-paid) મીટરો સ્થાપિત કરી શકશે. મીટરો, કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ (મીટરોનું સ્થાપન અને સંચાલન) વિનિયમો, ૨૦૦૬ અને તેના સુધારામાં નિયત કર્યા મુજબની ટેકનિકલ જરૂરિયાતો સાથે સુસંગત રહેશે.

૬.૬ પરવાનેદાર એક જ જગ્યામાં જુદા-જુદા વર્ગના ગ્રાહકોને પૂરવઠો પૂરો પાડે તો, આવા દરેક વર્ગ માટે વીજળી માપવા અલગ મીટર(રો) સ્થાપિત કરશે.

૬.૭ જો એચ.ટી./ઇ.એચ.ટી. ગ્રાહકને સંપૂર્ણત: તેના જ ઉપયોગ માટે સ્વતંત્ર ફીડર પર પૂરવઠો આપવામાં આવે તો મીટરની વ્યવસ્થા ગ્રાહકની જગ્યામાં સ્થાપિત કરાશે અથવા અરસ-પરસ સંમતિ અપાઇ હોય તો, પરવાનેદારના પેટા-મથકની મીટર-વ્યવસ્થા, બિલ તૈયાર કરવા ઉપયોગમાં લેવાશે અને ગ્રાહકના સ્થળે કોઇ મીટર સ્થાપિત કરવાનું જરૂરી બનશે નહીં.

મીટરો અને MCBs/CBનો પુરવઠો અને સ્થાપન :

૬.૮ જો એલ.ટી.,એચ.ટી. અને ઇ.એચ.ટી. ગ્રાહકો મીટર અને સંબંધિત સાધનોની પ્રાપ્તિનો વિકલ્પ પસંદ કરે તો તેઓએ CTs અને PTs સહિત મીટર સાધન-સામગ્રી રાખવા પરવાનેદારે મંજૂર કરેલ ડિઝાઇનનો તાળાબંધ અને હવામાન પ્રતિકારક પરિધિ (enclosure)પૂરૂં પાડવાનું રહેશે. બીજા કેસોમાં આનો સમાવેશ અંદાજપત્રમાં કરવાનો રહેશે અને તેને પરવાનેદારે પૂરા પાડવાના રહેશે.

૬.૯ પરવાનેદાર મીટર પૂરૂં પાડે તો મીટરનું ભાડું ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પૂરવઠો પૂરો પાડવા કરેલું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો,૨૦૦૫ અને વખતોવખત તેમાં કરેલા સુધારા મુજબ વસૂલ કરાશે. જે જોડાણોમાં મીટરનું ખર્ચ ગ્રાહકે કરેલ હોય ત્યાં, ગ્રાહક પાસેથી મીટરનું ભાડું વસૂલ કરાશે નહીં.

૬.૧૦ મીટર પૂરવઠાનું સ્થાપન કરવા ગ્રાહકે યોગ્ય અને પૂરતી જગ્યા પૂરી એવી રીતે પાડવાની રહેશે કે જેથી પરવાનેદાર અને તેના પ્રતિનિધિ માટે તે હમેશા સુલભ હોય. બહુમાળી મકાનોના કેસમાં, પૂરતી હવાની અવર-જવર અને પર્યાપ્ત પ્રકાશ હોય તેવા ભોંયતળિયે/જમીનથી ઉપર ઉઠેલી મેઇન્સ પર મીટર સ્થાપિત કરાશે.

૬.૧૧ પરવાનેદારની અધિકૃત વ્યક્તિ/પ્રતિનિધિ, ગ્રાહક કે તેના અધિકૃત પ્રતિનિધિની હાજરીમાં, અધિકતમ ૭ દિવસની નોટિસ આપીને મીટરનું પ્રારંભિક સ્થાપન કે ફેરબદલી કરશે.

૬.૧૨ પરવાનેદાર પ્રારંભિક સ્થાપન કે ફેરબદલી વખતે મીટરની વિગતો નોંધવા, મીટર વિગત પત્રકનો ઢાંચો વિકસાવશે. પરવાનેદાર એક નકલ રાખશે અને બીજી નકલ પરવાનેદારના અધિકૃત પ્રતિનિધિ દ્વારા યોગ્ય રીતે સહી કરેલી ગ્રાહકને, યોગ્ય પહોંચ હેઠળ આપશે. ગ્રાહક કે તેના અધિકૃત પ્રતિનિધિ પણ મીટર વિગત-પત્રક પર સહી કરશે. પછીથી મીટરની કોઈ મરામત, ફેરબદલી વગેરેમાં ખામીઓની વિગતો પરવાનેદાર કે તેના અધિકૃત પ્રતિનિધિ મીટર-વિગત પત્રક્માં નોંધશે.

૬.૧૩ નવું મીટર સ્થાપિત કરવામાં આવે ત્યારે (નવા-જોડાણ કે ફેરબદલી માટે) મીટર અને તેની સાથે સંકળાયેલ સાજસરંજામ પર ગ્રાહક/તેના પ્રતિનિધિની હાજરીમાં સીલ લગાવવાનું રહેશે. ઉક્ત સાજસરંજામ કે સાધન પર લગાડેલ સીલ, નામ-પ્લેટ અને વિશિષ્ટ નંબર, ચિન્હ, ગ્રાહક કોઇપણ રીતે તોડશે, ભૂંસશે કે બદલશે નહીં. મીટર સીલની માવજત, કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ (મીટર સ્થાપન અને સંચાલન) વિનિયમો,૨૦૦૬ અને તેમાં તે પછી કરાયેલ તમામ સુધારા મુજબ કરાશે.

૬.૧૪ ગ્રાહક, મીટર(રો) MCBS/ELCB વગેરે તેના મકાનમાં સ્થાપિત કરાયા હોય તો તેના સલામત કબ્જા માટે ગ્રાહક જવાબદાર ગણાશે. ગ્રાહક, મીટરમાં કોઇ ખામી, અકસ્માત કે સમસ્યા ધ્યાનમાં આવે તો તરત પરવાનેદારને તેની જાણ કરશે.

૬.૧૫ મીટરની જાળવણી અને તેને કામકાજની સ્થિતિમાં રાખવાની જવાબદારી હંમેશા પરવાનેદારની રહેશે. પ્રદર્શન એકમ ગ્રાહકની જગ્યામાં હોય મીટર-યુનિટ થાંભલા વગેરે જેવા જગ્યાની બહારના સ્થળે હોય એવી મીટર સિસ્ટમની જોગવાઇ પરવાનેદાર કરી શકશે. આવા કેસોમાં, મીટર યુનિટના સલામત કબ્જાની જવાબદારી પરવાનેદારની રહેશે.

૬.૧૬ ગ્રાહક યોગ્ય બનાવટનું તપાસણી મીટરનું સ્થાપન જો તે કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ (મીટર સ્થાપન અને સંચાલન) વિનિયમો,૨૦૦૬ અને પછીના તમામ સુધારામાં ઠરાવ્યા મુજબની ટેકનિકલ વિશિષ્ટ વર્ણન સાથે સુસંગત હોય તો, કરી શકશે. આ તપાસણી મીટરોને પરવાનેદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વીજપૂરવઠો પૂરો પાડવાનું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો,૨૦૦૫ તેમાં વખતોવખત કરેલા સુધારા મુજબ નિયત ફીની ચૂકવણી થયેથી અંકન કરશે.

આમ છતાં, મુખ્ય મીટર નિષ્ફળ જાય તે સિવાય પરવાનેદાર બિલના હેતુસર તપાસણી મીટર-વાંચનનો ઉપયોગ કરશે નહીં.

મીટર-વાંચન :

૬.૧૭ સામાન્ય રીતે મીટરનું વાંચન, માસિક બિલ અવધિ માટે મીટર વાંચનની નિયત તારીખ ±૩ કામકાજના દિવસો અને દ્વિમાસિક બિલ અવધિ માટે મીટર વાંચનની નિયત તારીખ ±૫ કામકાજના દિવસોએ કરાશે અને ગ્રાહક, પરવાનેદાર કે તેના અધિકૃત પ્રતિનિધિને મીટર વાંચવા તમામ સુવિધા આપશે.

૬.૧૮ મીટરનું વાંચન પરવાનેદારના અધિકૃત પ્રતિનિધિ દ્વારા કરાશે. પરવાનેદાર, તમામ મીટર વાચકોને યોગ્ય ફોટો ઓળખ કાર્ડ આપશે અને મીટર વાચકો મીટર વાંચનની કામગીરીના સમય દરમ્યાન ફોટો ઓળખકાર્ડ સાથે રાખવાનું રહેશે.

૬.૧૯ મીટર વાંચન નોંધવા અને સ્થળ પર બિલ તૈયાર કરવા હાથમાં પકડવાનાં ઓજારો, મીટર-વાંચન સાધન (MRI) કે વાયરલેસ સાધન-સામગ્રીનો પરવાનેદાર ઉપયોગ કરી શકશે. જો MRI ડાઉનલોડના આધારે બિલો તૈયાર કરવામાં આવે અથવા દૂરવર્તિ મીટર વાંચનને આધારે મીટર વાંચન લેવામાં આવે તો અને ગ્રાહક, લીધેલ વાંચનની નોંધ મેળવવા માગે તો પરવાનેદાર તેને તેમ કરવાની છૂટ આપશે.

૬.૨૦ ઇલેક્ટ્રોનિક મીટર પરની LED (Light emitting diode)ની સ્થિતિ તપાસવાની ફરજ મીટર વાચકની રહેશે. ઇલેક્ટ્રોનિક મીટરો પર અર્થ લીકેજનુ LED નિર્દેશક પૂરૂં પાડેલ હોય અને તે 'ચાલુ' હોવાનું જણાય તો તે ગ્રાહકને જાણ કરશે કે મકાનમાં લીકેજ છે અને વાયરિંગની તપાસણી કરવા અને લીકેજ દૂર કરવાની સલાહ આપશે. મીટર વાચક, પરવાનેદારના સંબંધિત અધિકારીઓને પણ લીકેજની જાણ કરશે.

૬.૨૧ કોઇપણ કારણસર બિલ તૈયાર કરવાના કામ દરમ્યાન મીટર વાંચવામાં ન આવે, તો પરવાનેદાર વાંચન લેવાયેલ હોય તે છેલ્લા ત્રણ મહિનાના સત્રમાં સરેરાશ વપરાશને આધારે કામચલાઉ બિલ તૈયાર કરશે. આવી કામચલાઉ બિલ તૈયાર કરવાની વ્યવસ્થા સળંગ બે બિલીંગ અવધિ (સાઇકલ) કરતાં વધુ સમય માટે ચાલુ રહેશે નહીં. બિલ તૈયાર કરવાની બે અવધિ (સાયકલ) પછી પણ મીટર વાંચન શક્ય ન હોય તો પરવાનેદાર, ગ્રાહકને લાગુ પડતા ન્યૂનતમ ચાર્જ અને/અથવા નિયત ચાર્જ માટે બિલ મોકલશે.

૬.૨૨ જો મીટર બે અનુક્રમિક મીટર વાંચન તારીખે અલભ્ય રહે તો તે ગ્રાહકને નિર્દિષ્ટ તારીખ અને (નોટિસની તારીખ પછી ઓછામાં ઓછા ૭ દિવસ) સમયે વાંચન માટે મીટર સુલભ કરવામાં આવે તેવી નોટીસ મોકલાશે.

૬.૨૩ નિર્દિષ્ટ તારીખે પણ મીટર સુલભ ના હોય તો, ૭ દિવસની અંદર મીટર વાંચન કરાવી લેવા માટેની નોટિસ પરવાનેદાર, જો ગ્રાહક ઉપલબ્ધ હોય તો તેને આપશે અથવા તેની જગ્યાના મુખ્ય પ્રવેશ દ્વાર પર ચોંટાડશે. આમ કરવામાં ગ્રાહક નિશ્ફળ ગયે, પૂરવઠો કાપી નાખવામાં આવશે.

૬.૨૪ ગ્રાહક બહારગામ હોવાને કારણે પોતાના મીટર પરવાનેદાર માટે સુલભ નહીં કરી શકે તેવી જાણ અગાઉથી કરી હોય અને આ સંહિતાના ખંડ ૬.૬૭ અનુસાર રકમ પણ જમા કરાવેલ હોય તેવા ઘરેલું ગ્રાહકના કેસમાં આ સંહિતાના ખંડો ૬.૨૨ અને ૬.૨૩ ની જોગવાઇઓ લાગુ પડશે નહીં.

૬.૨૫ ઘરેલું ગ્રાહકે નિવાસમાં સતત ગેરહાજરીને કારણે પરવાનેદાર મીટર વાંચવા પ્રવેશ નહીં કરી શકે તેવી તેણે અગાઉથી જાણ કરી હોય ત્યારે, પરવાનેદાર ગ્રાહકને કોઇ નોટિસ/કામચલાઉ બિલ મોકલશે નહીં, શરત કે આવા સમયગાળાનો ફીક્સ્ડ ચાર્જ ગ્રાહક અગાઉથી ભરપાઇ કરે. જ્યારે ગ્રાહક દ્વારા મીટર વાંચન માટે સુલભ કરી અપાય ત્યારે, સમગ્ર વપરાશ, પ્રવેશની અલભ્યતા અંગે કરેલી મુદતો બાદ કરીને રહેતી મુદત માટેનો વપરાશ હોય તેમ ગણાશે. ગ્રાહકે તાજેતરની તારીખ સુધી બાકી રકમ ચૂકવી હોય તો જ આ સુવિધા તેને ઉપલબ્ધ થશે. વધુમાં, આવા ગ્રાહકોએ છ મહિનામાં એક વખત પૂર્વ જાણકારી વ્યાજબી રીતે કર્યા પછી મીટર વાંચન માટે ઉપલબ્ધ કરાવવાનું રહેશે. આમ કરવામાં નિષ્ફળ જશે તો વીજ પૂરવઠો બંધ કરવામાં આવશે.

મીટરોનું પરીક્ષણ :

૬.૨૬ મીટર સ્થાપિત કરતાં પહેલાં તેની ચોક્કસતા અંગે ખાત્રી કરી લેવાની જવાબદારી પરવાનેદારની જાતે રહેશે અને પરવાનેદાર આ માટે તેનું પરીક્ષણ કરી શકશે. પરવાનેદાર કેન્દ્રિય વિદ્યુત પ્રાધિકરણ (મીટરોનું સ્થાપન અને સંચાલિત) વિનિયમો,૨૦૦૬ અને તે પછીના તમામ સુધારાઓ નિર્દિષ્ટ કર્યા પ્રમાણે પરવાનેદાર મીટરોનું સામયિક નિરીક્ષણ/પરીક્ષણ અને અંકન કરશે. પરવાનેદાર, પ્રયોગશાળા દ્વારા કરાયેલી મીટર ચોકસાઇનો અહેવાલ ગ્રાહકને આપશે અને મીટરના સામયિક નિરીક્ષણ અને પરીક્ષણ તથા અંકનનો અહેવાલ પણ ગ્રાહકને આપશે.

૬.૨૭ પરિક્ષણ પરિણામો જાળવવામાં આવશે.

મીટરો બદલવાં:

ખામીપૂર્ણ મીટરોનું પરીક્ષણ

૬.૨૮ મીટરની ચોકસાઇ અંગે વાજબી શંકા હોય તો કોઇપણ મીટર અને સંબંધિત સાધનનું પરીક્ષણ કરવાનો પરવાનેદારનો હક રહેશે. ગ્રાહક પરીક્ષણ કરવામાં પરવાનેદારને જરૂરી સહાય કરશે.

૬.૨૯ જો ગ્રાહકને, મીટરની ચોક્કસતા અંગે શંકા હોય તો જરૂરી પરીક્ષણ ફી ભરીને પરવાનેદારને અરજી કરીને તેની જગ્યાના મીટરનું પરીક્ષણ કરવા પરવાનેદારને વિનંતી કરશે. આવી વિનંતી મળ્યેથી પરવાનેદાર આ સંહિતાના ખંડો ૬.૩૧ – ૬.૩૩ માં આપેલી વિગત પ્રમાણે કાર્યપધ્ધતિને અનુસરશે.

૬.૩૦ ગ્રાહક જો ઇચ્છે તો, આયોગ દ્વારા મંજૂર ત્રીજા પક્ષકારની ફેસીલીટી ખાતે મીટરની ચોકસાઇનું પરીક્ષણ કરાવી શકશે. મીટરના પરીક્ષણ માટે આયોગે મંજૂર કરેલ ત્રીજા પક્ષકારની ફેસિલિટીની યાદી પરવાનેદારની વેબસાઇટ પર ઉપલબ્ધ કરાશે. પરંતુ ગ્રાહકની વિનંતીથી કરવાના પરીક્ષણના કેસમાં ગ્રાહકે જરૂરી પરીક્ષણ ફી ચૂકવવી જરૂરી બનશે. પરંતુ, વધુમાં વોલ્ટેજમાં વધ- ધટ, ક્ષણિક વધ-ઘટ વગેરે જેવા પરવાનેદારને કારણો ઉભા થતા ટેકનિકલ કારણોને લીધે જો મીટર ખામીપૂર્ણ કે બળી ગયેલું જણાય તો પરવાનેદાર પછીના બિલમાં સમાયોજન કરીને ગ્રાહકને પરીક્ષણ ફી પરત કરશે.

૬.૩૧ પરવાનેદાર, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ), વિનિયમો,૨૦૦૫, તેમાં વખતોવખત કરેલા સુધારા પ્રમાણે નિર્દિષ્ટ સમય-મર્યાદામાં મીટરનું નિરીક્ષણ કરીને તેની સચ્ચાઇ તપાસશે.

૬.૩૨ પરીક્ષણ વખતે હાજર ગ્રાહક/અધિકૃત પ્રતિનિધિ, સાક્ષીના પ્રતિક તરીકે પરીક્ષણ અહેવાલ પર સહી કરશે. ગ્રાહક/અધિકૃત પ્રતિનિધિ હાજર ન હોય તો પરવાનેદારના પ્રતિનિધિ અને પરીક્ષણ પ્રયોગશાળાના અધિકારી પરીક્ષણ અહેવાલ પર સહી કરશે.

૬.૩૩ પરવાનેદાર, પરીક્ષણની તારીખથી ૨ કામકાજના દિવસમાં પહોંચ-પત્ર હેઠળ ગ્રાહકને પરીક્ષણ અહેવાલ રવાના કરવાનો રહેશે. ખામીપૂર્ણ મીટરના કેસમાં, અધિકતમ છ મહિનાની મુદત અથવા છેલ્લા પરીક્ષણની તારીખથી મુદત બેમાંથી જે ઓછું હોય તે પ્રમાણેનો સુધારો પરીક્ષણ અહેવાલોના આધારે પછીના બિલમાં સરભર કરાશે.

૬.૩૪ ગ્રાહકને પરીક્ષણના પરિણામો અંગે વિવાદ હોય તો તે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમને અપીલ કરી શકશે, જે આ બાબત અંગે ન્યાય-ચુકાદો આપશે.

ખામીપૂર્ણ/બળી ગયેલ/ ખોવાયેલ મીટરોની ફેરબદલીનું ખર્ચ :

૬.૩૫ પરીક્ષણના પરિણામે એમ સાબિત થાય કે પરવાનેદારને કારણે વોલ્ટેજ વધ-ઘટ, ક્ષણિક વધ-ઘટ વગેરે જેવાં ટેકનિકલ કારણોને લીધે મીટર ખામીપૂર્ણ / બળી ગયું હોય તો મીટરનું ખર્ચ પરવાનેદારે ભોગવવાનું રહેશે.

૬.૩૬ પરીક્ષણના પરિણામે એમ સાબિત થાય કે, મીટર ગ્રાહકના ખામીયુક્ત સ્થાપન, તેના દ્વારા થયેલ અનધિકૃત વીજભાર જેવાં ગ્રાહક જવાબદાર હોય તેવાં કારણોને લીધે મીટર ખામીયુક્ત/બળી ગયું છે, તો મીટરનું ખર્ચ નીચે નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ગ્રાહકે ભોગવવાનું રહેશે.

(૧) જો મીટર ગ્રાહકની માલિકીનું હોય તો, પરવાનેદારે મીટર અને સંકળાયેલ સાજસરંજામ બદલવાની ગ્રાહકને જાણ કરવાની રહેશે. પરવાનેદાર જો કે, તત્કાલ મીટર બદલશે અને ગ્રાહક તેનું પોતાનું મીટર અને સંકળાયેલ સાજસરંજામની ગોઠવણ ન કરે ત્યાં સુધી મીટરનું ભાડું ચાર્જ કરવાનુ શરૂ કરશે.

(૨) જો મીટર પરવાનેદારની માલિકીનું હોય તો, પરવાનેદાર તેમના પોતાના ખર્ચે મીટર સ્થાપિત કરશે.

પરંતુ પેટા-ખંડ ૬.૩૬(૨)ના કેસમાં પરવાનેદાર ગ્રાહક પાસેથી મીટરનું ખર્ચ વસૂલ કરશે,

પરંતુ વધુમાં, પરીક્ષણના પરિણામે એમ સાબિત થાય કે, મીટરમાં દખલગીરી કરવા હેતુ ગ્રાહક દ્વારા ચેડાં કરાતાં અથવા બીજું કોઇ જાણી બૂઝીને કરાયેલ કૃત્યને કારણે મીટર ખામીવાળું/બળી ગયું હતું તો આ સંહિતાના ખંડો ૭.૭ – ૭.૯ અનુસાર ગ્રાહકનું મૂલ્યાંકન કરાશે અને ગ્રાહકની સામે ચોરી તથા ચેડાં કરવા બદલ કાયદા હેઠળ પરવાનગીપાત્ર પગલાં લેવાશે.

૬.૩૭ ગ્રાહકને પરીક્ષણનાં પરિણામો બાબત મતભેદ હોય તો પરીક્ષણ ફી ચૂકવીને ગ્રાહક આયોગે મંજૂર કરેલ ત્રીજા પક્ષકારની પરીક્ષણ ફેસિલિટીની યાદીમાંથી પસંદ કરેલ ત્રીજા પક્ષકારની પરિક્ષણ ફેસિલિટી ખાતે મીટરનું પરીક્ષણ કરાવી શકશે. મીટરના પરીક્ષણ માટે આયોગે મંજૂર કરેલ ત્રીજા પક્ષકાર સંસ્થાઓની યાદી પરવાનેદારની વેબસાઇટ પર ઉપલબ્ધ બતાવવાની રહેશે.

પરંતુ, વોલ્ટેજ વધ-ઘટ, ક્ષણિક વધ-ઘટ વગેરે જેવા પરવાનેદારને કારણે ઉભા થતાં ટેકનિકલ કારણોને લીધે જો મીટર ખામીપૂર્ણ/બળી ગયેલું જણાય તો પરવાનેદાર પછીના બિલમાં રકમ સરભર કરીને ગ્રાહકને પરીક્ષણ ફી પરત કરશે.

૬.૩૮ મીટર ગૂમ થવાના કેસમાં, સિવાય કે મીટર પરવાનેદારની કચેરી કે પેટા-મથકે સ્થાપિત કરવામાં આવ્યું હોય, તે, નવા મીટર અને અન્ય સાધનોનું ખર્ચ ગ્રાહકે ભોગવવાનું થશે.

રેકર્ડિંગ ન કરતાં મીટરો (MDI સહિત) બદલવા :

૬.૩૯ મીટર બંધ થઈ ગયાનું કે તે રેકર્ડિંગ નહીં કરતું હોવાનું ધ્યાનમાં આવે તો એ અપેક્ષિત છે કે તરત ગ્રાહક પરવાનેદારને જાણ કરે.

૬.૪૦ કોઇ મીટરના સામયિક અથવા અન્ય નિરીક્ષણ દરમ્યાન, પરવાનેદારને તે રેકર્ડિંગ ન કરતું હોવાનું જણાય અથવા ગ્રાહક આ અંગે ફરિયાદ કરે તો, પરવાનેદાર આ સંહિતાના ખંડો ૬.૩૧ – ૬.૩૩ માં આપેલી વિગત મુજબની કાર્યપધ્ધતિ અનુસરશે.

૬.૪૧ મીટર ખરેખર રેકર્ડિંગ ન કરતું હોવાનું જણાય તો, પરવાનેદારે ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગના (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો,૨૦૦૫ વખતોવખત સુધારા કર્યા મુજબ કામ ન કરતા (ચોંટેલ, ધીમે ચાલતું, ઝડપથી કે ધીમે ધીમે ખસતું) મીટરને બદલવું.

બળેલાં મીટરો બદલવાં :

૬.૪૨ ગ્રાહકની ફરિયાદથી કે પરવાનેદારના નિરીક્ષણથી મીટર બળેલું જણાય તો પરવાનેદાર, ભવિષ્યમાં નુકશાન નિવારવા સ્થળ પર જરૂરી નિવારક પગલાં સુનિશ્ચિત કર્યા પછી બળેલા મીટરની જગ્યાએ નવું મીટર પૂરૂં પાડીને પરવાનેદાર તત્કાલ પૂરવઠો પુન:સ્થાપિત કરશે.

૬.૪૩ પરવાનેદારના આરોપ્ય કારણોને લીધે જો મીટર બળી ગયું હોય તો, પરવાનેદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો,૨૦૦૫ વખતોવખત તેમાં સુધારા કર્યા મુજબ નિર્દિષ્ટ મુદતની અંદર બળેલું મીટર બદલી નાખશે.

૬.૪૪ જો મીટર, ગ્રાહકના આરોપ્ય કારણોસર જેમ કે, ચેડાં કરવાં, ગ્રાહકના સ્થાપનમાં ખામી, મીટર ભીનું થવું, બિનઅધિકૃત વધારાનો વીજભાર જોડાવો વગેરે, બળી જાય તો મીટરના ખર્ચ બાબતમાં ખંડ ૬.૩૬માં ઠરાવેલ કાર્યપધ્ધતિ અનુસરવી. પરવાનેદાર તરત મીટર બદલશે અને મીટરને વધુ નુકશાન થતું અટકાવવા સુધારાત્મક પગલાં લેશે. જો ગ્રાહક મીટરનું ખર્ચ નહીં ચૂકવે, તો પરવાનેદાર આવું ખર્ચ ગ્રાહકના પછીના વીજળી બિલમાં સમાવિષ્ટ કરશે.

ગૂમ થયેલાં મીટરોની બદલી

૬.૪૫ ગૂમ થયેલાં મીટરોની ફરિયાદો, પરવાનેદાર, તે અંગે પોલીસમાં એફઆઇઆર દાખલ કર્યાની નકલ તેની સાથે જોડીને મોકલી હોય તો જ ધ્યાનમાં લેશે.

૬.૪૬ આવા કેસોમાં નવું મીટરનું સ્થાપન પછી, જેટલો સમય મીટર ઉપલબ્ધ હોય તેટલા સમય-ગાળા માટેનો વીજળી ખર્ચ અને આયોગે મંજૂર કરેલ હોય તેવા કોઇપણ નિયત ખર્ચની ચૂકવણી કર્યેથી વીજપૂરવઠો ચાલુ કરાશે. મીટર ઉપલબ્ધ ન હોય તેટલા સમય-ગાળા માટેનું વીજળી ખર્ચ આ સંહિતાના ખંડ ૬.૬૦ અનુસાર આકારવામાં આવશે.

મીટર સહિત પૂરવઠા મેઇન્સ અને સાધનો બાબત ગ્રાહકે દખલગીરી ન કરવી.

૬.૪૭ વિતરણ પરવાનેદારની માલિકીનાં મીટર, કટઆઉટ, MCB સર્વિસ મેઇંસ અને બીજા સાજસરંજામ ગ્રાહકના સ્થળ ખાતે

સ્થાપિત કરી હોય તો વિતરણ પરવાનેદાર દ્વારા અધિકૃત ન કરાયેલી કોઇપણ વ્યક્તિ કોઇપણ રીતે તેની કામગીરી હાથ ધરશે નહીં કે તે દૂર કરશે નહીં. મીટર પર લગાડેલ સીલ, મીટરના સાજસરંજામ કટ-આઉટ, MCB અને વિતરણ પરવાનેદારના સાજસરંજામની છેડ-છાડ/નુકશાન કે નાશ કરવો નહીં કે તે તોડવા નહીં.

બિલ-વ્યવસ્થા:

સામાન્ય :

૬.૪૮ વીજળી પૂરવઠા અંગેના પ્રશુલ્ક અને ખર્ચ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ વખતોવખત નક્કી કરેલ હોય તે પ્રમાણે રહેશે.

૬.૪૯ ગ્રાહકે જરૂરી વિગતો આપી હોય તો, પરવાનેદાર એસએમએસ અને/અથવા ઈમેઈલ મારફત બિલ રવાનગીની ગ્રાહકને જાણ કરશે. ચૂકવણી મળ્યાની વિગતો સાથે તમામ ગ્રાહકો માટેના છેલ્લાં ૬ બિલ (છેલ્લામાં છેલ્લાં બિલ સહિત)ની વિગતો પરવાનેદારની વેબસાઈટ પર ઉપલબ્ધ કરાશે. આ સુવિધા માટે પરવાનેદાર પાસે નોંધણી કરાવનાર ગ્રાહકને તેની વિગતો સુલભ થઈ શકશે.

૬.૫૦ પરવાનેદાર, બિલ પર બિલ વિતરકના નામનો રબ્બર સ્ટેમ્પ લગાવવાની ગોઠવણ કરશે અને બિલ વિતરકે બિલ પર, બિલ ગ્રાહકને સોંપતા પહેલાં બિલની ડિલિવરી તારીખ લખવાની રહેશે.

૬.૫૧ પરવાનેદાર નવું જોડાણ આપ્યાનાં બે બિલીંગ અવધિની અંદર પ્રથમ બિલ રવાના કરશે. જો ગ્રાહકને જોડાણ આપ્યાની તારીખથી ૨ બિલીંગ અવધિની અંદર પ્રથમ બિલ ન મળ્યું હોય તો તે લેખિતમાં પરવાનેદારની કચેરીને ફરિયાદ કરશે અને પરવાનેદારે ત્યાર પછીના ૧૪ દિવસમાં બિલ રવાના કરવું પડશે.

૬.૫૨ સ્થળ પર બિલ તૈયાર કરવાના કેસમાં ગ્રાહકને બિલ તત્કાલ અપાશે. બીજા બધા કેસોમાં પરવાનેદાર એ સુનિશ્ચિત કરશે કે

ચૂકવણીની નિયત તારીખના ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ હાથોહાથ/પોસ્ટ/કુરિયર દ્વારા ગ્રાહકને બિલ મોકલાય.

૬.૫૩ જો ગ્રાહકને સાધારણ રીતે બિલ રવાના કર્યાની તારીખના ૭ દિવસની અંદર બિલ ન મળે તો તે પરવાનેદારની સંબંધિત

બિલીંગ કચેરીમાંથી ડુપ્લિકેટ બિલ મેળવી શકશે. ગ્રાહક પરવાનેદારની ઓફિસનો રૂબરૂ/ ટેલિફોનથી કે ટપાલ દ્વારા બીલ મળ્યાની તારીખે સંપર્ક કરે તો પરવાનેદાર ડુપ્લિકેટ બિલ તાત્કાલિક રવાના કરશે. બિલ ન મળવાના કારણે નિયત તારીખ પછી બીલનું મોડું ચૂકવણું કરવાનો ગ્રાહકને અધિકાર મળતો નથી.

૬.૫૪ **નીચેની માહિતી બિલમાં સમાવિષ્ટ કરવી.**

(૧) બિલ રવાના કરનાર કચેરી/ વિતરણ કેન્દ્રનું સરનામું અને ટેલિફોન નંબર;

(૨) સર્વિસ જોડાણ નંબર;

(૩) બિલ નંબર અને બિલની મુદત;

(૪) ગ્રાહક નંબર, નામ અને સરનામું;

(૫) જ્યાંથી જોડાણ કરાતું હોય તે થાંભલા નંબર/પેટા-વિભાગ કે કેન્દ્રનું નામ;

(૬) બિલ ઈશ્યૂ કર્યાની તારીખ;

(૭) ગ્રાહકનો પ્રશુલ્ક વર્ગ (જેમ કે, RGP, NRGP વગેરે);

(૮) લાગુ પડતા પ્રશુલ્ક, વીજળી વેરો અને કર;

(૯) મીટરની સ્થિતિ(બરાબર/ખામીયુક્ત/અપ્રાપ્ય);

(૧૦) બિલની સ્થિતિ (નિયમિત/આકારેલ/કામચલાઉ બિલ કારણ સાથે);

(૧૧) પૂરવઠા વિગતો;

i. પૂરવઠાનો પ્રકાર (જેમ કે ૧-ફેઈઝ, ૩-ફેઈઝ એલ.ટી. અથવા એચ.ટી.)

ii. કરારયુક્ત વીજભાર/જોડેલ વીજભાર

(૧૨) મીટર નંબર અને મીટરની ઓળખ વિગત (બિલ તૈયાર કરવાની મુદત દરમિયાન જો મીટર બદલેલ હોય તો બીલમાં નવા તથા જુના મીટર નંબર, મીટર બદલ્યાની તારીખ, જૂના બિલનું આખરી વાંચન અને મીટર બદલતી વખતે નવા મીટરનું પ્રારંભિક વાંચન દર્શાવવાં);

(૧૩) પ્રારંભિક મીટર વાંચન, તારીખ સાથે;

(૧૪) આખરી મીટર વાંચન, તારીખ સાથે;

(૧૫) મીટરના કોઇ ગુણક અવયવ હોય તો તે;

(૧૬) વપરાયેલ યુનિટો;

(૧૭) અધિકતમ માંગ;

(૧૮) ચૂકવણીની નિયત તારીખ;

(૧૯) બિલની વિગતો: બિલમાં ચાલુ તેમજ ગત મહિનાની બાકીની બાબતવાર વિગતો દર્શાવવી. નમુનારૂપ યાદી નીચે આપી છે;

i. વીજળી ખર્ચ
ii. ફીક્સ્ડ ચાર્જ
iii. મીટર ભાડું
iv. કેપેસિટર સરચાર્જ
v. બીજાં ખર્ચ, જો હોય તો
vi. વીજળી વેરો
vii. એફપીપીપીએ ચાર્જીસ (FPPPA)
viii. પાવર ફેક્ટર સમાયોજન ચાર્જીસ, કોઇ હોય તો
ix. રિએકટિવ વીજળી ચાર્જીસ , કોઇ હોય તો
x. સમય પ્રમાણેના વપરાશનાં ચાર્જીસ , કોઇ હોય તો
xi. વિલંબ માટે સરચાર્જ, કોઇ હોય તો
xii. બાકી હપ્તા પરનું વ્યાજ
xiii. કૂલ ચાલુ મહિનાની માંગ
xiv. બાકી નીકળતી રકમ (વિગતો સાથે)
xv. સહાયકીની વિગતો, કોઇ હોય તો, અધિનિયમની કલમ-૬૩ અન્વયે
xvi. અન્ય (વિગતો સાથે)
xvii. કૂલ બાકી રકમ
xviii. સમાયોજન
xix. ચુકવવાપાત્ર ચોખ્ખી રકમ

(૨૦) સ્વીકારેલ ચૂકવણીની પધ્ધતિઓ;

(૨૧) ચેક અને બેન્ક ડ્રાફ્ટના કેસમાં, જેની તરફેણમાં રકમ ઉપાડવાની હોય તે મેળવનાર સત્તાધિકારી;

(૨૨) રાખેલ અને જરૂરી જામીન અનામત;

(૨૩) છેલ્લાં ૬ વાંચનની વપરાશ વિગતો;

(૨૪) બાકી રકમની ચૂકવણી માટે કલમ-૫૬ અન્વયે નોટિસ.

૬.૫૫ નીચેની વિગતો બિલની પાછલી બાજુએ અથવા બિલ પર સિક્કો મારીને અથવા બિલની સાથે જોડાણ કરીને વર્ષમાં ઓછામાં ઓછું ૨ વખત પૂરી પાડવી:

(૧) બિલ ચૂકવણીની વસુલાત માટે જુદા જુદા સ્થળોએ ફરતી વાનની હાજરીની તારીખ અને સમય સહિત વસૂલાત કેન્દ્ર(કેન્દ્રો)નું સરનામું અને બિલની ચૂકવણીની વસૂલાત માટે કામકાજના કલાક;

(૨) બિલને લગતી ફરિયાદો જેની પાસે દાખલ કરી શકાય તે અધિકારીનો હોદ્દો અને સરનામું;

(૩) ફરિયાદ કેન્દ્રો, કોઇ હોય તો તેનું પૂરૂં સરનામું અને ટેલિફોન નંબર(રો);

(૪) કેન્દ્રિય ફરિયાદ નિવારણ અધિકારીઓ સહિત પ્રસ્તુત ફરિયાદ નિવારણ અધિકારીઓ તેમજ અધિનિયમની કલમ-૪૨ પેટા ખંડ-૬ અન્વયે ઉભા કરેલ ઓમ્બુડસમેનના સરનામા અને ટેલિફોન નંબરો;

(૫) ગ્રાહકને લાગુ પડતા પ્રશુલ્કની અનુસૂચિ અને;

(૬) સલામતી, વીજળી સંરક્ષણ, ચોરી નિવારણ વગેરેને લગતી માહિતી પરંતુ કોઇપણ સંજોગોમાં બિલની અંદર કોઇપણ પ્રકારની વાણિજ્યિક જાહેરાતો ન હોવી જોઇએ.

૬.૫૬ બિલની અંદર પરવાનેદાર ઇચ્છે તેવી કોઇ વધારાની માહિતી આપી શકાશે.

ખાસ સંજોગોમાં બિલ તૈયાર કરવાની કાર્યપધ્ધતિ :

મીટર સુલભ ન હોય ત્યારે બિલ તૈયાર કરવું :

૬.૫૭ સ્થળ પરની બિલ સિસ્ટમમાં ન આવરી લેવાયેલ બધા કેસોમાં જો પરવાનેદાર મીટર વાંચી શકે તેમ ન હોય તો, આગલાં ૩ બિલોની સરેરાશ વપરાશના આધારે કામચલાઉ બિલ આપી શકશે. આમ છતાં પરવાનેદારે સુનિશ્ચિત કરવું કે આવું કામચલાઉ બીલીંગ, સળંગ બે બીલીંગ અવધિથી વધુ લંબાવવું જોઇએ નહિ અને એક નાણાકીય વર્ષ દરમ્યાન બે કરતાં વધુ કામચલાઉ બિલ એક ગ્રાહક માટે બનેલા હોવા જોઇએ નહી. આવા કામચલાઉ બિલો પછીના ખરેખર મીટર વાંચનને આધારે સરભર કરવા.

ખામીયુક્ત/ ચોંટી ગયેલ/ બંધ/ બળેલા મીટરના કેસમાં બિલ તૈયાર કરવા :

૬.૫૮ ખામીયુક્ત/ ચોંટી ગયેલ/ બંધ/ બળેલા મીટરના કેસમાં મીટર ખામીપૂર્ણ જણાય/ જણાવાય તે તારીખથી તરત અગાઉના છેલ્લા ત્રણ બીલીંગ અવધિના સરેરાશ વપરાશના બિલોને આધારે ગ્રાહકને બિલ આપવું. પૂરતી વિગતો પ્રાપ્ય ન હોય તો, તે પછીની મુદતના બે/ત્રણ બિલની અવધિ દરમ્યાન થયેલ સરેરાશ વપરાશ ગણતરીમાં લઈ શકાય. આ ખર્ચ અધિકતમ માત્ર ત્રણ બિલીંગ અવધિની મુદત માટે વસૂલવાપાત્ર થશે.

પરંતુ ઉક્ત મુદત દરમ્યાન સંબંધિત મકાનની કાર્યકારી અને/અથવા કબ્જાની સ્થિતિ અંગે ગ્રાહકે કોઇ પુરાવો આપ્યો હોય કે જેનાથી વીજળી વપરાશ પર અસર પડી હોય તો પરવાનેદાર તેને વિચારણામાં લેશે.

૬.૫૯ ગ્રાહકના સ્થળે સ્થપાયેલ મીટરનું અધિકતમ માંગ નિર્દેશક (MDI) ખામીવાળું જણાય કે બિલકુલ રેકોર્ડીંગ ન કરતું હોય (સિવાય કે દખલગીરી કરેલ હોય) ત્યારે આગલા વર્ષના આનુષાંગિક મહિના/બિલીંગ અવધિ દરમ્યાન કે જ્યારે મીટર પુર્ણતઃ કામ કરતુ હોય અને સાચુ રેકોર્ડીંગ દર્શાવતુ હોય, ત્યારે થયેલ અધિકતમ માંગને આધારે માંગ-ખર્ચની ગણતરી કરાશે. જો આગલા વર્ષના આનુષંગિક મહિના/બિલીંગ અવધિ દરમ્યાન નોંધાયેલ MDI પણ ઉપલબ્ધ ન હોય તો ઓછી અવધિ માટે ઉપલબ્ધ હોય તેવી સરેરાશ અધિકતમ માંગ વિચારણામાં લેવી.

ગૂમ થયેલાં મીટરોના કેસમાં બિલ તૈયાર કરવા:

૬.૬૦ મીટરો ગૂમ થયા હોવાની જાણ કરાઇ હોય તેવા કેસમાં જેટલા સમય માટે મીટર ઉપલબ્ધ ન હોય તે મુદત અંગે નીચે મુજબ આકારણી કરવી.

(૧) આ સંહિતાના ખંડો ૭.૭ – ૭.૯ અનુસાર, જો પરવાનેદારની તપાસમાં એમ સાબિત થાય કે, ગ્રાહક અને/અથવા તેના મેળાપીના જાણી બૂઝીને કરાયેલા કૃત્યને કારણે મીટર ગૂમ થયું છે.

(૨) બીજા કેસોમાં, આ સંહિતાના ખંડો ૬.૫૮ અને ૬.૫૯ ના ખંડો અનુસાર.

ઘરેલું ગ્રાહકો માટે કબ્જાના ફેરફાર કે મકાન ખાલી થવાના કેસમાં મીટરોનું ખાસ વાંચન અને બિલ તૈયાર કરવા.

૬.૬૧ જગ્યાનો કબ્જો બદલાય અથવા તે ખાલી પડે તે વખતે પરવાનેદાર દ્વારા ખાસ વાંચન કરાવવાની જવાબદારી ગ્રાહકની

રહેશે અને પરવાનેદાર પાસેથી ના-બાકી રકમનું પ્રમાણપત્ર મેળવવું જોઇશે.

૬.૬૨ ઉક્ત જગ્યા ખાલી પડે અથવા કબ્જો બદલાય તેના ઓછામાં ઓછા ૧૫ દિવસ અગાઉ ગ્રાહકે પરવાનેદારને ખાસ વાંચન માટે લેખિત વિનંતી કરવી. આમ છતાં ટુંકા ગાળાની નોટિસ પરવાનેદાર સ્વીકારી શકશે.

૬.૬૩ પરવાનેદાર, ગ્રાહકની લેખિત વિનંતી મળ્યાના ૭ કામકાજના દિવસમાં ખાસ વાંચન કરાવવાની વ્યવસ્થા કરશે અને જગ્યાનો કબ્જો બદલાય/જગ્યા ખાલી પડે તેના ૭ કામકાજના દિવસ અગાઉથી બિલની તારીખ સુધીની તમામ બાકી રકમ સહિતનું આખરી બિલ મોકલશે. આ રીતે તૈયાર કરેલ આખરી બિલમાં એ દર્શાવવું કે, જગ્યા પર બીજું કોઇ લેણું બાકી નથી અને બિલ આખરી છે. આખરી બિલમાં પણ ખાસ વાંચનની તારીખ અને જગ્યા ખાલી થયાની તારીખ વચ્ચેની મુદત માટે થયેલ સરખા હિસ્સાના ધોરણે ખર્ચનો સમાવેશ કરવો.

૬.૬૪ એકવાર આખરી બિલ તૈયાર થાય એટલે પરવાનેદારને આવા બિલની તારીખ પૂર્વેની મુદત માટે, આખરી બિલમાં હોય તે સિવાય અન્ય કોઇ ખર્ચ વસૂલ કરવાનો હક રહેશે નહીં. જગ્યા ખાલી થતાં, પરવાનેદાર પૂરવઠો બંધ કરી શકશે. જગ્યા ખાલી કરતી વખતે આખરી ચૂકવણી કરવાની જવાબદારી ગ્રાહકની રહેશે અને પરવાનેદાર તે પ્રમાણે આવી ચૂકવણી મળતા 'ના-બાકી' નું પ્રમાણપત્ર આપશે. આમ છતાં કબ્જો બદલાવાના કેસમાં, જોડાણ છુટું કરાશે નહીં અને નામની ફેરબદલીની વાણિજ્યિક ઔપચારિકતા પૂરી કર્યા પછી તે અમલી બનશે.

ગ્રાહક દ્વારા કરાયેલ સ્વ-આકારણીને આધારે ચૂકવણી :

૬.૬૫ બિલ ન મળતાં, ગ્રાહક જેટલા સમય-ગાળા માટે બિલ ન મળ્યું હોય તેટલા સમય-ગાળા માટે કરેલ સ્વ-આકારણીને આધારે રકમ જમા કરાવી શકશે, પરંતુ તે રકમ છેલ્લા ૬ મહિનાના બિલીંગ અવધિ દરમ્યાન થયેલ સરેરાશ વપરાશથી ઓછી ન હોવી જોઇએ. ગ્રાહકે આ રીતે કરેલ વધુ/ઓછી ચૂકવણીની તે પછીના બિલમાં સરભર કરાશે.

બિલોની આગોતરી ચૂકવણી :

૬.૬૬ જો ગ્રાહકની જગ્યા થોડોક સમય ખાલી રહે અને/અથવા તે આગોતરી ઉચ્ચક રકમની ચૂકવણી કરવા માગે, જેમાંથી બિલની રકમ સામયિક રીતે કપાય તો તે પરવાનેદારને અરજી કરી શકે.

૬.૬૭ આવા કેસમાં ગ્રાહકે, સૂચિત ગેરહાજરીની મુદત માટે ફીક્સ્ડ ચાર્જ આવરી લેતી રકમ જમા કરાવવાની રહે, આવી કામચલાઉ ચૂકવણી ખરેખર મીટર વાંચનના ધોરણે પછીનું બિલ રવાના કરાય ત્યારે સરભર કરાશે.

૬.૬૮ નિયમિત ગ્રાહક પણ છ મહિનાની મુદતની ન્યુનતમ ચૂકવણીને અધીન રહીને આ વ્યવસ્થાનો લાભ લઈ શકશે. આવી અગ્રિમ ચૂકવણી નિયમિત બિલમાં સરભર કરાશે.

૬.૬૯ આ વ્યવસ્થાને પસંદ કરતા ગ્રાહકોના બિલો, જમા કરાવેલી રકમ, દરેક બિલીંગ અવધિ પછી વીજળીની બાકી રકમ સામે સરભર કરાયેલી રકમ અને બાકી રહેલ રકમ દર્શાવશે. આવી અગ્રિમ થાપણોમાંની બાકી રહેલી રકમો પર વાર્ષિક ૪%ના દરે વ્યાજ ચૂકવવામાં આવશે. આ વ્યાજની ગણતરી બિલીંગ અવધિ અનુસાર કરાશે.

તકરારી બિલોના કેસમાં બિલ તૈયાર કરવાં:

૬.૭૦ ફરિયાદ મળતાં પરવાનેદાર સ્થળ પર લેખિત/ ઈલેક્ટ્રોનિક પહોંચ-પત્ર રવાના કરશે અને સંદર્ભ માટે ફરિયાદને નંબર આપશે.

૬.૭૧ ગ્રાહક પાસેથી વધારાની માહિતીની જરૂર ન હોય તો પરવાનેદાર ગ્રાહકની ફરિયાદનો ઉકેલ લાવશે અને ફરિયાદ મળ્યાના ૭ દિવસની અંદર ગ્રાહકને પરિણામની જાણ કરશે. વધારાની માહિતીની જરૂર હોય તેવા કેસમાં તે મેળવીને, પ્રશ્નનો ઉકેલ લવાશે અને ફરિયાદ મળ્યાના ૧૦ દિવસની અંદર ગ્રાહકને પરિણામની જાણ કરાશે. આમ છતાં ગ્રાહક સમયસર માહિતી પૂરી ન પાડે તો તેના પરિણામે થતા વિલંબ માટે પરવાનેદારને જવાબદાર ઠરાવાશે નહીં. બિલ પરની ફરિયાદનો ઉકેલ આવે ત્યાં સુધી ગ્રાહકે, છેલ્લાં ૩ ક્રમિક તકરાર રહિત બિલોની સરેરાશ વપરાશને આધારે રકમ ચૂકવવાની રહેશે. આ રીતે વસૂલ કરાયેલી રકમ ફરિયાદ નિવારણ થતાં આખરી સમાયોજનને આધીન રહેશે.

૬.૭૨ જો પરવાનેદારને ફરિયાદ સાચી જણાય તો તેની જાણ થયાના ૫ કામકાજના દિવસમાં ગ્રાહકને સુધારેલું બિલ મોકલાશે. ગ્રાહક સુધારેલું બિલ મળે તે પછીના ૧૦ દિવસની અંદર ચૂકવણી કરશે. ગ્રાહક સુધારેલી નિયત તારીખ સુધીમાં ચૂકવણી કરે તો ગ્રાહક પાસેથી કોઈ વિલંબિત ચૂકવણી સરચાર્જ વસૂલ કરાશે નહીં. ફરિયાદ નિવારણને કારણે રિફંડના કેસમાં ગ્રાહકના તે પછીના બિલમાં તેની રકમ સરભર કરાશે.

૬.૭૩ જો ફરિયાદ ખોટી જણાય તો ગ્રાહકને મૂળ બિલ પ્રમાણે તત્કાળ ચૂકવણી કરવાનું જાહેર કરાશે અને આદેશ અપાશે ગ્રાહક અને મૂળ બિલની નિયત તારીખ પછી ચૂકવણી કરે તો તે વિલંબિત ચૂકવણી સરચાર્જ ચૂકવવા જવાબદાર બનશે.

બિલોની ચૂકવણી :

૬.૭૪ ગ્રાહક રોકડથી રૂ.૨૦,૦૦૦/- સુધી ચેક, ડિમાન્ડ ડ્રાફ્ટથી કે ઈ-ચૂકવણી વ્યવસ્થા મારફત ચૂકવણી કરી શકશે. ચેક અને ડિમાંડ ડ્રાફ્ટ, અનુસૂચિત વાણિજ્યિક બેંકની કોઈપણ શાખા કે જે સંબંધિત પેટા-વિભાગીય કચેરી જ્યાં આવેલી હોય તે વિસ્તાર માટેના ક્લિયરીંગ હાઉસની સભ્ય હોય ત્યાં ચૂકવવા પાત્ર થશે. ચેક વસૂલાતની તારીખ, પરવાનેદારના ખાતામાં ચૂકવણી મળે તે તારીખ ગણવામાં આવશે.

૬.૭૫ નીચે મુજબ ચુકવણી કરી શકે છે;

(૧) નિર્દિષ્ટ સમયે પરવાનેદારની નામ-નિર્દિષ્ટ વસૂલાત કચેરી ખાતે રૂબરૂમાં; અથવા

(૨) ટપાલ કે આંગડિયા દ્વારા; અથવા

(૩) નામ-નિર્દિષ્ટ સ્થળોએ પરવાનેદાર દ્વારા રખાતી ચેક-પેટીમાં જમા કરાવીને; અથવા

(૪) ઈન્ટરનેટ મારફત બેંક ટ્રાન્સફર કરીને; અથવા

(૫) બિલની ચૂકવણી સ્વીકારવા પરવાનેદારે જાહેર કરેલી બીજી કોઈ યોજના દ્વારા.

૬.૭૬ પરવાનેદારે, જરૂરી સુવિધાઓ સાથે યોગ્ય સ્થળોએ પૂરતી સંખ્યામાં વસૂલાત કેન્દ્રો સ્થાપવા પડશે, જ્યાં ગ્રાહક સહેલાઈથી અને અયોગ્ય ભીડ વિના બિલની રકમ જમા કરાવી શકે. સિનિયર સીટીઝન, વિકલાંગ વ્યક્તિ અને સ્ત્રીઓ માટે જરૂરી અલગ વસૂલાત કેન્દ્રોની જોગવાઇ કરવી.

૬.૭૭ પરવાનેદાર બાકી રકમ ચૂકવવા સુચનારૂપે ૧૫ દિવસની મુદત આપ્યા પછી ગ્રાહક તેની બાકી રકમ ચૂકવવામાં વિલંબ કરે તો તેવા ગ્રાહકને અધિનિયમની કલમ-૫૬ અનુસાર જોડાણ કપાત કરવાની લેખિત સુચના આપી શકશે. આવી સુચના આગામી બિલીંગ અવધિના વીજળી બિલ સાથે જોડી શકાશે. જો ચેક અમાન્ય ઠરે તો પરવાનેદાર ગ્રાહકને જાણ કરશે અને ૭ દિવસની અંદર રોકડમાં બિલ ચૂકવવા જણાવશે. ગ્રાહક, લાગુ પડે તે પ્રમાણે વિલંબિત ચૂકવણી માટેનો સરચાર્જ, તેમજ ચેક અમાન્ય થવાને કારણે થયેલ ખર્ચ ચૂકવવા જવાબદાર બનશે. ગ્રાહકનો નાણાકીય વર્ષમાં જો ચેક અમાન્ય કર્યાનો એક બનાવ બન્યો હોય તો ગ્રાહકે તે પછી નાણાકીય વર્ષના અંત સુધી માત્ર રોકડેથી અથવા RTGS/NEFT મારફત તમામ ચૂકવણી કરવાની રહેશે.

૬.૭૮ સંહિતાના ખંડ ૬.૭૪ માં નિર્દિષ્ટ ચૂકવણીની પધ્ધતિ ઉપરાંત પરવાનેદાર ગ્રાહકોને સુચના આપ્યા પછી નિર્દિષ્ટ પ્રકારના ગ્રાહકો માટે ઈલેક્ટ્રોનિક ક્લિયરિંગ સિસ્ટમ મારફત અથવા નામ-નિર્દિષ્ટ બેંકના કાઉન્ટર પર અથવા નિર્દિષ્ટ વિસ્તારમાં ક્રેડિટ/ડેબિટ કાર્ડ મારફત અને અન્ય કોઇ સાધનો મારફત બિલની ચુકવણી સ્વીકારની યોજનાઓ જણાવી શકશે. આમ છતાં ચૂકવણીની પધ્ધતિ માં કોઇ ફેરફાર ગ્રાહકો માટે પ્રર્વતમાન પધ્ધ્તિ કરતાં વધુ મૈત્રીપુર્ણ હોવી જોઇશે.

૬૭૯ રવિવાર કે જાહેર રજાના દિવસે બિલ પર ચૂકવણી માટે દર્શાવેલી નિયત તારીખ આવતી હોય તો, તે પછીના કામકાજના દિવસે ચૂકવણી કરવાની થશે.

બીલ ચુકવણીની પહોંચ:

૬.૮૦ રૂબરૂમાં બિલની ચૂકવણી માટે ગ્રાહકને પહોંચ અપાશે. બધા કેસોમાં ચૂકવણીની પહોંચ આગામી બિલમાં અપાશે.

મળેલી રકમનો ઉપયોગ :

૬.૮૧ ગ્રાહકે કરેલી બધી ચૂકવણીઓને નીચેના અગ્રતા ક્રમમાં સમાયોજીત કરવાની રહેશે.

(૧) વિલંબિત ચૂકવણી ખર્ચ

(૨) વીજળી ખર્ચની બાકી રકમ અને વીજળી વેરાની /કરની આનુષાંગિક બાકી રકમ,

(૩) ચાલુ વીજળી ખર્ચ અને આનુષાંગિક ચાલુ વીજળી વેરો/કર

(૪) પ્રકીર્ણ ખર્ચ

વિલંબિત ચૂકવણી ખર્ચ

૬.૮૨ વિલંબિત ચૂકવણી ખર્ચ પ્રવર્તમાન પ્રશુલ્ક આદેશ અનુસાર વસૂલ કરાશે.

હપ્તાની સુવિધા :

૬.૮૩ પરવાનેદાર ગ્રાહકો નાણાભીડ હેઠળ હોય તો તત્પૂરતા સમય માટે હપ્તાની બિલની ચૂકવણીની સુવિધા માટેની યોજના તેઓના માટે બનાવી શકશે. વિલંબિત ચૂકવણી ખર્ચ, નિયત તારીખ પછી ચૂકવેલી રકમ પર વસૂલ કરાશે.

બાકી રકમની વસૂલાત :

૬.૮૪ કોઈપણ ગ્રાહક પાસે ચૂકવણીમાં કસૂરને કારણે બાકી નીકળતી રકમ, આવી રકમ પ્રથમ બાકી નીકળે તે તારીખથી ૨ વર્ષની મુદત પછી વસૂલાતપાત્ર થશે નહિ, સિવાય કે આવી રકમ, અધિનિયમની કલમ-૫૬ અનુસાર પૂરી પાડેલી વીજળી માટે ખર્ચની બાકી રકમ તરીકે સતત દર્શાવવામાં આવી હોય.

વિભાગ -૭

નિયંત્રણો

વીજળીની ચોરી:

૭.૧ જ્યારે પણ અધિકૃત અધિકારી નિરીક્ષણ વખતે વીજળીની ચોરીનો બનાવ શોધી કાઢે ત્યારે, આકારણી અધિકારી, નીચેની કલમોમાં ઠરાવેલ કાર્યપધ્ધતિ અનુસાર આકારણી કરી શકશે.

વીજળી ચોરીના કેસની ફરિયાદ નોંધણીની કાર્યપધ્ધતિ :

૭.૨ અધિકૃત અધિકારી સ્વયં અથવા વીજળી ચોરી અંગેની ભરોસાપાત્ર માહિતી મળતાં આવી જગ્યાનું તત્કાલ નિરીક્ષણ હાથ ધરશે.

૭.૩ આવા અધિકૃતના અધિકારીના વડપણ હેઠળની પરવાનેદાર કે પૂરવઠાકારની નિરીક્ષણ ટીમ પોતાની સાથે તેમના ફોટો ઓળખકાર્ડ રાખશે. ફોટો ઓળખકાર્ડ સ્થળ પ્રવેશ કરતાં પહેલાં ગ્રાહક/ગ્રાહકના પ્રતિનિધિને બતાવવાનું રહેશે. અધિકૃત અધિકારીનું ફોટો ઓળખ કાર્ડ સ્પષ્ટપણે દર્શાવશે કે તેને અધિનિયમની કલમ-૧૩૫ની જોગવાઈઓ અનુસાર અધિકૃત અધિકારી તરીકે નિમવામાં આવેલ છે.

૭.૪ અધિકૃત અધિકારી જોડેલ વીજભાર, મીટર સીલની સ્થિતિ, મીટરની કામગીરી જેવી વિગતો આપીને અને ધ્યાનમાં આવેલ કોઈ અનિયમિતતા (જેમકે મીટર સાથ ચેડાં કરવા, વીજળી ચોરી માટે અપનાવેલ કૃત્રિમ સાધનો) દર્શાવીને અહેવાલ તૈયાર કરશે.

૭.૫ અહેવાલમાં વીજળીની ચોરીની હકીકતને સમર્થન કરતો પૂરતો પુરાવો મળ્યો છે કે કેમ તે સ્પષ્ટપણે દર્શાવવાનું રહેશે. આવા પુરાવાની વિગતો અહેવાલમાં નોંધવાની રહેશે.

૭.૬ વીજળીની ચોરી સાબિત કરતો પર્યાપ્ત પુરાવો મળી આવે તો, પરવાનેદાર કે પુરવઠાકાર અધિનિયમની કલમ-૧૩૫ પેટા ખંડ-(1A) અનુસાર પુરવઠો બંધ કરી શકશે અને સ્થળ પરથી વાયરો, કેબલો, મીટર, સર્વિસ લાઈન વગેરે સહિત તમામ મહત્વપૂર્ણ ભૌતિક પુરાવા જપ્ત કરી શકશે અને આવું જોડાણ કપાત કરાય તેના ૨૪ કલાકની અંદર અધિકારક્ષેત્ર ધરાવતાં પોલીસ મથકમાં આવા ગુના અંગેની લેખિત ફરિયાદ દાખલ કરશે.

૭.૭ આકારણી અધિકારી, આવી વીજળી ચોરી જ્યારે થઈ હોય તે સમગ્ર મુદત માટે, આ સંહિતાના જોડાણ-જમાં આપેલ આકારણી ફોર્મ્યુલા અનુસાર વીજળી વપરાશની આકારણી કરશે. પરંતુ આવી વીજચોરી જે મુદત દરમ્યાન થઈ હોય તો મુદતની ખાતરી ન કરી શકાય તો આવી મુદત નિરીક્ષણની તારીખથી તરત પૂર્વેના ૧૨ મહિના સુધી મર્યાદિત રહેશે. નીચેની માર્ગદર્શક સૂચનાઓ કે તેના કોઈ સંયોજનને વિચારણામાં લીધા પછી આકારણીની મુદત કાઢી શકાશે.

(૧) પૂરવઠો શરૂ કર્યાની તારીખથી ચોરી શોધ્યાની તારીખ સુધીની ખરેખરી મુદત;

(૨) પુરાવો શોધી કાઢયો હોય તે મીટર સિસ્ટમના ઘટક ભાગની ફેરબદલીની તારીખથી ચોરી શોધ્યાની તારીખ સુધીની ખરેખરી મુદત;

(૩) સ્થાપનની અગાઉથી ચકાસણીની તારીખથી ચોરી શોધ્યાની તારીખ સુધીની ખરેખરી મુદત;

(૪) મીટર વાંચન સાધન (MRI) વિગતો ઉપલબ્ધ હોય ત્યાં તે વિચારણામાં લેવી;

(૫) ગુનેગાર વ્યક્તિએ રજૂ કરેલ માન્ય દસ્તાવેજને આધારે.

૭.૮ ચોરીનો સમય-ગાળો સ્થાપિત કર્યા પછી, આકારણી અધિકારી, વીજળી (સુધારા) અધિનિયમ-૨૦૦૭ અને તે પછીના તેમાં કરાયેલા સુધારા અનુસાર લાગુ પડતાં પ્રશુલ્કને આધારે આકારણી હુકમ તૈયાર કરી યોગ્ય પહોંચ હેઠળ વ્યક્તિને બજાવશે.

૭.૯ નિયમિત મીટરયુક્ત જોડાણના કેસમાં કે જેમાં વીજ ચોરીનો કેસ શોધી કઢાયો હોય ત્યાં જે મુદત માટે આકારણી કરાઈ હોય તે મુદત દરમ્યાન પરવાનેદારે વ્યક્તિને માટે બનાવેલ બિલ માટે મીટરમાં નોંધાવાની છૂટ અપાયેલ યુનિટો ગ્રાહકના ખાતે યોગ્ય રીતે જમા કરવાના રહેશે.

૭.૧૦ ચોરીની શંકાના કેસમાં અધિકૃત અધિકારી જપ્તિ મેમો હેઠળ જૂનું મીટર દૂર કરશે અને ગ્રાહક કે તેના અધિકૃત પ્રતિનિધિની હાજરીમાં તેના પર સીલ મારશે અને અધિકૃત અધિકારી તથા ગ્રાહકે મીટર પર લગાડેલ સીલ પર સહી કરવી જોઈશે.

પરવાનેદાર કે પુરવઠાકાર બીજા મીટર વડે ગ્રાહકને પુરવઠો આપવાનું ચાલુ રાખશે. જૂના મીટરનું ગ્રાહક કે તેના પ્રતિનિધિ અને અધિકૃત અધિકારીની હાજરીમાં પરવાનેદારની પરિક્ષણ પ્રયોગશાળા ખાતે પરિક્ષણ કરાશે, જેનો પરિક્ષણ અહેવાલ લેખિતમાં અપાશે, જેની પર બન્ને પક્ષકારોએ યોગ્ય રીતે સહી કરેલ હશે અને સાથે ફોટોગ્રાફ પણ હશે, જે તેનો પુરાવો બનશે. અધિકૃત અધિકારીએ તેના અહેવાલમાં ચોરીની શંકાના કારણોની નોંધ કરવાની રહેશે. ગ્રાહકને મીટરના પરિક્ષણ માટે પ્રયોગશાળામાં હાજર રહેવા ૩ (ત્રણ) જુદી જુદી તારીખો આપવામાં આવશે. જે મુજબ હાજર નહીં રહેતા, પરવાનેદાર એકપક્ષિય રીતે મીટરનું પરિક્ષણ કરાવશે અને તેનાં પરિણામ ગ્રાહકને બંધનકર્તા રહેશે.

૭.૧૧ અહેવાલ પર અધિકૃત અધિકારી તથા નિરીક્ષણ ટીમનો દરેક સભ્ય સહી કરશે અને તે અહેવાલ સ્થળ પર યોગ્ય પહોંચ હેઠળ ગ્રાહકને અથવા તેના/તેણીના પ્રતિનિધિને તરતજ સુપરત કરવાનો રહેશે. ગ્રાહક કે તેના અધિકૃત પ્રતિનિધિ તે સ્વીકારવા કે પહોંચ આપવાનો ઈન્કાર કરે તો નિરીક્ષણ અહેવાલની નકલ જગ્યા માં/બહાર નજરે પડે તેવા સ્થળે ચોંટાડવામાં આવશે અને તેનો ફોટોગ્રાફ લેવામાં આવશે. સાથોસાથ નિરીક્ષણના દિવસે કે બીજા દિવસે અહેવાલ રજીસ્ટર્ડ ટપાલ/સ્પીડ પોસ્ટ અન્વયે ગ્રાહકને મોકલવામાં આવશે.

આકારણી :

૭.૧૨ વીજચોરીનો કેસ બન્યો હોવાનું સાબિત થાય ત્યાં, આકારણી અધિકારી, આ સંહિતાના જોડાણ-IV માં આપેલી આકારણી ફોર્મ્યુલા અનુસાર વીજળી વપરાશની આકારણી કરશે. આકારણીની મુદત આ સંહિતાના ખંડ ૭.૭ માં જોગવાઇ કર્યા મુજબ નક્કી કરાશે. આકારણી લાગુ પડતા પ્રશુલ્કથી બે ગણી હશે. આકારણી હુકમની યોગ્ય પહોંચ હેઠળ વ્યક્તિને બજવણી કરાશે.

૭.૧૩ નિયમિત મીટરવાળા જોડાણના કેસમાં કે જેમાં વીજચોરીનો કેસ શોધી કઢાયો હોય ત્યાં જે મુદત માટે આકારણી કરાઇ હોય તે મુદત દરમ્યાન પરવાનેદારે વ્યક્તિને માટે બનાવેલ બિલ માટે મીટરમાં નોંધાવાની છૂટ અપાયેલ યુનિટો ગ્રાહકના ખાતે યોગ્ય રીતે જમા કરવાના રહેશે.

૭.૧૪ ગ્રાહકે તે મળ્યાની પહોંચના ૭ દિવસની અંદર ચૂકવણી કરવાની રહેશે.

૭.૧૫ યથાપ્રસંગ પરવાનેદાર કે પૂરવઠાકાર આ વિનિયમોની જોગવાઇ અનુસાર આકારણી કરેલ રકમ કે વીજળી ખર્ચ જમા કરાવ્યેથી કે ચૂકવ્યેથી, ૨૦૦૭ના વીજળી (સુધારા) અધિનિયમની કલમ-૧૩૫ના ખંડ(૧A) ના બીજા પરંતુકમાં ઉલ્લેખ કર્યા મુજબ ફરિયાદ દાખલ કરવાની જવાબદારીને બાધક બનશે નહીં અને આવી રકમ જમા કરાવે કે ચૂકવે તેના અડતાલીસ કલાકની અંદર વીજપૂરવઠા લાઇન ફરીથી સ્થાપિત કરશે.

૭.૧૬ વ્યક્તિ નિયત સમયની અંદર ચૂકવણી ન કરે તો પરવાનેદાર કે પૂરવઠાકાર, આકારણી આદેશ સામેની તેઓની બાકી રકમ વસૂલ કરવાની કાર્યવાહી કરશે.

૭.૧૭ આકારેલ રકમ ચૂકવવામાં વ્યક્તિ કસૂર કરે તો તે, યોગ્ય અદાલતના બાકી નિર્ણયે, આકારેલ રકમ ઉપરાંત તે આકારણી આદેશની તારીખથી ત્રીસ દિવસ પૂરાં થતાં દર છ મહીને ચક્રવૃદ્ધિ દરે ગણી કાઢેલ વાર્ષિક ૧૬%ના વ્યાજે રકમ વસૂલ કરાશે.

૭.૧૮ આકારેલ રકમ ચૂકવવામાં કસૂરના કેસમાં પરવાનેદાર લેખિત ૧૫ દિવસની નોટિસ આપ્યા પછી અધિનિયમની કલમ-૧૩૫ની જોગવાઇઓ અનુસાર નામનિર્દિષ્ટ ખાસ અદાલતમાં ગ્રાહક સામે કેસ દાખલ કરી શકશે.

ગુનાની માંડવાળ:

૭.૧૯ ૧૯૭૩ના ફોજદારી કાર્યવાહી સંહિતામાં કંઇપણ સમાવિષ્ટ હોય તેમ છતાં રાજય સરકાર કે આ અંગે તા.૧૪-૧૨-૨૦૦૬ના જાહેરનામા નં.GU-2006-125-ELA-1106-950-K તેમાં વખતોવખત કરેલા સુધારા મુજબ તેના મારફત અધિકૃત કોઇપણ અધિકારી આ અધિનિયમની હેઠળ સજાપાત્ર વીજચોરીનો ગુનો કર્યો હોય અથવા તેવો ગુનો કર્યો હોવાની વાજબી શંકા હોય તેવા કોઇપણ ગ્રાહક કે વ્યક્તિ પાસેથી નીચેના કોઠામાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ગુનાની માંડવાળ કરવા નાણાંની રકમ સ્વીકારી શકશે.

ક્રમ નં	સર્વિસનું નામ	માંડવાળ કરવા જેદરે રકમ વસૂલ કરવાની હોય તે દર - એલ.ટી. પૂરવઠા માટે કિલોવોટ/ હોર્સ પાવર(કિ.વો./એચ.પી.) અથવા તેના ભાગ દીઠ - એચ.ટી. માટે કરારયુક્ત માંગના કિલોવોલ્ટ એમ્પિયર (કે.વી.એ.) દીઠ
૧.	ઔધોગિક સર્વિસ	
	(૧) એલ.ટી. ગ્રાહકો માટે (એ) ૨૫ એચ.પી. સુધી (બી) ૨૫ એચ.પી. થી ઉપર અને ૫૦ એચ.પી. સુધી (I)૫૦ એચ.પી. કરતાં વધુ	એચ.પી. દીઠ રૂ. ૨૦૦૦/- એચ.પી. દીઠ રૂ.૪૦૦૦/- એચ.પી. દીઠ રૂ.૮૦૦૦/-
	(૨) એચ.ટી. ગ્રાહકો માટે	કે.વી.એ. દીઠ રૂ.૮૦૦૦/-
૨.	વાણિજ્યિક સર્વિસ (એ) ૫ કિ.વો. સુધી (બી) ૫ કિ.વો. થી ઉપર અને ૧૦ કિ.વો. સુધી (I)૧૦ કિ.વો. થી ઉપર	કિ.વો. દીઠ રૂ.૧૦૦૦/- કિ.વો. દીઠ રૂ.૨૦૦૦/- કિ.વો. દીઠ રૂ.૫૦૦૦/-
૩.	ખેતીવાડી સર્વિસ (અ) ૨૦ એચ.પી. સુધી (બ) ૨૦ એચ.પી. થી વધુ	એચ.પી. દીઠ રૂ.૧૦૦૦/- રૂ.૩૫૦૦૦/-ની અધિકતમ મર્યાદાને આધીન રહીને વધારાના એચ.પી. દીઠ રૂ.૨૦૦૦/- વત્તા રૂ.૫૦૦/-
	અન્ય સર્વિસ	એચ.પી. અથવા કિ.વો. દીઠ રૂ.૧૦૦૦/-

રાજ્ય સરકાર દ્વારા ઉપરના કોઠામાં સરકારી રાજ્યપત્રમાં જાહેરનામા દ્વારા નિર્દિષ્ટ દરોમાં સુધારા કરી શકશે.

૭.૨૦ પેટા-કલમ અનુસાર રકમની ચૂકવણી કર્યેથી, તે ગુનાના સંબંધમાં કસ્ટડીમાં રહેલ કોઈપણ વ્યક્તિ મુક્ત કરાશે અને કોઈપણ ફોજદારી અદાલતમાં આવા ગ્રાહક કે વ્યક્તિ સામે કોઈ કાર્યવાહી દાખલ કરાશે નહીં કે ચાલુ કરાશે નહીં

૭.૨૧ રાજ્ય સરકાર દ્વારા અથવા આ અંગે અધિકૃત વ્યક્તિ દ્વારા ખંડ ૭.૧૯ અનુસાર ગુનાની માંડવાળ માટે નાણાંની રકમ

સ્વીકારવી તે ૧૯૭૩ના ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ-૩૦૦ના અર્થ પ્રમાણે છૂટકારાની રકમ ગણવામાં આવશે.

૭.૨૨ કોઈપણ વ્યક્તિ કે ગ્રાહક માટે ૭.૧૯ ખંડ હેઠળ ગુનાની માંડવાળ માત્ર એકવાર જ કરાશે.

ચેડાં કરેલ મીટર અંગે સ્વૈચ્છિક જાહેરાત (ઘરેલું ગ્રાહક માટે):

૭.૨૩ ગ્રાહક આગળ આવે અને મીટર અને/અથવા સીલ સાથે ચેડાં કરવા બાબતની રૂ.૧૦૦/-ની અરજીની ફીની સાથે અરજીમાં ગુનાની સ્વૈચ્છિક જાહેરાત કરે તો:

(૧) પરવાનેદાર, યથાપ્રસંગ, ગ્રાહકના ખર્ચે ચેડાં કરાયેલ મીટરને સ્થાને નવું મીટર મૂકશે અને પરવાનેદાર, જાહેરાતની તારીખથી છેલ્લા છ મહિનાની મુદત માટેનો હિસાબ કરીને સામાન્ય બિલથી બે ગણું બિલ આકારાશે.

(૨) મીટર બદલ્યું ન હોય તે મુદત માટેનું વીજળી બિલ ખામીપૂર્ણ મીટરો માટેની કાર્યપધ્ધતિ અનુસાર મોકલાશે.

(૩) ગ્રાહક સ્વૈચ્છિક રીતે ચેડાં કરેલ મીટર અંગે જાહેરાત કરે અને સમયસર જરૂરી ખર્ચ ચૂકવી દે તો પરવાનેદાર ખાસ અદાલતમાં જશે નહીં.

(૪) ચૂકવણીમાં કસૂરના કેસમાં, ચોરીના કેસની નોંધણી કરાવવાની કાર્યપધ્ધતિ અનુસરવી.

(૫) ચોક્કસ ગ્રાહક નંબર માટે જીવનમાં એક વખત સ્વૈચ્છિક જાહેરાત યોજનાનો લાભ મેળવી શકાશે.

વીજળીનો અનધિકૃત ઉપયોગ :

વીજળીના અનધિકૃત ઉપયોગ માટેની ફરિયાદ નોંધણીની કાર્યપધ્ધતિ :

૭.૨૪ પરવાનેદાર અધિકૃત અધિકારી/આકારણી અધિકારીની નિર્દિષ્ટ યાદી બધી કચેરીઓમાં પ્રકાશિત કરશે અને આવા અધિકારીઓને આપવામાં આવેલ ફોટો ઓળખ કાર્ડમાં આનો નિર્દેશ કરાશે.

૭.૨૫ અધિકૃત અધિકારી/આકારણી અધિકારી સ્વયં અથવા વીજળીના અનધિકૃત ઉપયોગ અંગે ભરોસાપાત્ર માહિતી મળતાં તત્કાલ આવી જગ્યાનું નિરીક્ષણ હાથ ધરશે.

૭.૨૬ આવા અધિકૃત અધિકારીઓ/આકારણી અધિકારીના હેઠળની પરવાનેદારની નિરીક્ષણ ટીમ પોતાની સાથે તેમના ઓળખકાર્ડ રાખશે. તેમણે સાથે રાખેલ ફોટો ઓળખકાર્ડ જગ્યામાં પ્રવેશ કરતા પહેલાં ગ્રાહકને બતાવવાનાં રહેશે.

૭.૨૭ અધિકૃત અધિકારી/આકારણી અધિકારી એક અહેવાલ તૈયાર કરશે, જેમાં જોડેલ વીજભાર, સીલોની સ્થિતિ, મીટરની કામગીરી જેવી વિગતો આપશે અને ધ્યાનમાં આવેલ કોઇ અનિયમિતતા (જેમકે વીજળીના અનધિકૃત ઉપયોગ માટે અપનાવેલ કૃત્રિમ સાધનો) નો ઉલ્લેખ કરશે.

૭.૨૮ વીજળીનો અનધિકૃત ઉપયોગ કરાયો છે કે કેમ તે હકીકતનું સમર્થન કરતા પુરાવા અહેવાલમાં સ્પષ્ટપણે દર્શાવવાનાં રહેશે. આવા પુરાવાની વિગતો અહેવાલમાં નોંધવાની રહેશે અને આ હેતુ માટે વાપરેલ સામગ્રી સાબિતી તરીકે રાખવાની રહેશે.

૭.૨૯ અહેવાલમાં અધિકૃત/આકારણી અધિકારીએ, નિરીક્ષણ ટીમના દરેક સભ્યે અને ગ્રાહકે સહી કરવાની રહેશે, જો ગ્રાહક અહેવાલમાં સહી નહીં કરે તો તેની નિરીક્ષણ અહેવાલમાં નોંધ કરાશે અને અહેવાલ યોગ્ય પહોંચ હેઠળ સ્થળ પર તત્કાલ ગ્રાહક કે તેના/તેણીના પ્રતિનિધિને સોંપશે. નિરીક્ષણ અહેવાલ સ્વીકારવા કે તેની પહોંચ આપવાનો ગ્રાહક કે તેના/તેણીના પ્રતિનિધિ ઇન્કાર કરે તો જગ્યા ની અંદર/બહાર નજરે પડે તેવા સ્થળે તેને ચોંટાડવાનો રહેશે અને તેનો ફોટોગ્રાફ લેવાનો રહેશે, સાથોસાથ, નિરીક્ષણના દિવસે કે બીજા દિવસે અહેવાલ ગ્રાહકને રજીસ્ટર્ડ ટપાલ/સ્પીડ પોસ્ટથી મોકલાશે.

૭.૩૦ નિરીક્ષણની તારીખથી ત્રણ કામકાજના દિવસોની અંદર આકારણી અધિકારી, ઉપલબ્ધ હોય ત્યાં વપરાશ ઢાંચા સહિત તમામ પુરાવાની ધ્યાનપૂર્વક વિચારણા કર્યા પછી કેસનું અને નિરીક્ષણ અહેવાલનું પૃથ્થકરણ કરશે. જો તેનું તારણ એવું નીકળે કે વીજળીનો કોઇ અનધિકૃત ઉપયોગ કર્યો નથી તો આગળ કોઇ પગલાં લેવાશે નહીં અને ગ્રાહકને તે પ્રમાણે જાણ કરવાની રહેશે.

ગ્રાહકને નોટિસ :

૭.૩૧ આકારણી અધિકારીને શંકા જાય કે વીજળીને અનધિકૃત ઉપયોગ થયો છે, તે આ સંહિતાના ખંડો ૭.૪૦ અને ૭.૪૧ અનુસાર આકારેલ કામચલાઉ આકારણી આદેશની બજવણી કરશે, તથા આ આદેશની સાથે આકારણી આદેશ અંગેનો વાંધો જ્યાં રજૂ કરવાનો હોય તે સમય, તારીખ અને સ્થળ તથા જેને ઉદ્દેશીને તે લખવાનો હોય તે વ્યક્તિના હોદ્દાનો ઉલ્લેખ કરવાનો રહેશે.

૭.૩૨ આવા કામચલાઉ આકારણી આદેશની બજવણી જે વ્યક્તિ જગ્યા કે જમીનના કબજેદાર કે માલિક હોય તેને ગુજરાત વિદ્યુત (કામચલાઉ આકારની માં આદેશ બજાવવાની પધ્ધતિ) નિયમો, ૨૦૦૪ માં જણાવ્યા અનુસાર કરવાની રહેશે.

૭.૩૩ આ સંહિતાના ખંડ ૭.૩૨ અન્વયે જેને આદેશની બજવણી કરાઇ હોય તે વ્યક્તિ આકારણી અધિકારી સમક્ષ કામચલાઉ આકારણી સામે કોઇ વાંધો હોય તો તે દાખલ કરવા હક્કદાર રહેશે અને આકારણી અધિકારી આવી વ્યક્તિને સાંભળવાની વાજબી તક આપીને આકારણીનો આખરી આદેશ પસાર કરશે.

ગ્રાહકના જવાબની રજૂઆત:

૭.૩૪ કામચલાઉ આકારણી આદેશ મળ્યાના ૭ દિવસની અંદર ગ્રાહક તેના વાંધા આ સંહિતાના ખંડ ૭.૩૧માં દર્શાવેલ સંબંધિત અધિકારીને મોકલશે.

૭.૩૫ ગ્રાહક, કામચલાઉ આકારણી આદેશ સામે વાંધા દાખલ કરે તેવા કેસોમાં સુનાવણીની પ્રક્રિયા આ સંહિતાના ખંડો ૭.૩૬ અને ૭.૩૭ પ્રમાણે કરાશે.

વીજળીના શંકાસ્પદ અનધિકૃત ઉપયોગના કેસમાં સુનાવણી:

૭.૩૬ ગ્રાહક વાંધા રજૂ કરે તે તારીખથી ૭ દિવસની અંદર પરવાનેદારે ગ્રાહક સાથે સુનાવણીની વ્યવસ્થા કરવાની રહેશે.

૭.૩૭ સુનાવણી દરમ્યાન આકારણી અધિકારી, ગ્રાહક દ્વારા રજૂ કરાયેલી હકીકતોની યોગ્ય વિચારણા કરશે અને વીજળીના અનધિકૃત ઉપયોગનો કેસ સાબિત થયો છે કે નહીં તે અંગેનો સંપૂર્ણ વિગતો દર્શાવતો આદેશ કામકાજના પાંચ (૫) દિવસમાં પસાર કરશે. આદેશમાં નિરીક્ષણ અહેવાલનો સંક્ષેપ, ગ્રાહકે તેના લેખિત જવાબમાં કરેલી રજૂઆત અને સુનાવણી દરમ્યાન મૌખિક રજૂઆત તથા તેના સ્વીકાર કે ઇન્કાર માટેનાં કારણો સમાવિષ્ટ કરાશે.

આકારણી

૭.૩૮ જો ગ્રાહક, વીજળીનો અનધિકૃત ઉપયોગ કર્યો નથી એમ સાબિત કરતો પૂરતો પુરાવો રજુ કરે તો, આગળની કાર્યવાહી બંધ કરાશે અને વીજળીના અનધિકૃત ઉપયોગનો કેસ તત્કાલ પડતો મૂકાશે.

૭.૩૯ ગ્રાહકના જવાબ અને રજૂઆતની વિચારણા પછી આકારણી અધિકારી એવા તારણ પર આવે કે તે વીજળીના અનધિકૃત વપરાશનો કેસ છે તો વીજળી વપરાશની આકારણી નીચેની બાબતો વિચારણામાં લઈને કરાશે.

૭.૪૦ આકારણી અધિકારી નીચેની બાબતો વિચારણામાં લઈને વીજળી વપરાશની આકારણી કરશે.

(૧) આકારણીની મુદત: આકારણી અધિકારી એવા તારણ પર આવે કે અનઅધિકૃત વીજળી વપરાશ થયો છે, તો તે નીચે દર્શાવેલ બાબતોને ધ્યાને લઈને અનધિકૃત ઉપયોગ માટેના ઓછામાં ઓછા સમયગાળાનો નિર્ણય લેશે.

(એ) ૧૨ મહિનાની મુદત માટે

(બી) પરવાનેદારના અધિકારી દ્વારા અગાઉ કોઇ નિરીક્ષણ કરાયું હોય તો તેની તારીખથી શોધ કર્યાની તારીખ સુધી સર્વિસ જોડાણની તારીખની શોધી કાઢ્યાની તારીખ સુધીની મુદત માટે,

(સી) ઈલેક્ટ્રોનિક મીટરો સ્થાપિત કર્યા હોય અને સામયિક રીતે વીજભાર પરિવર્તન રેખાનો અભ્યાસ કર્યો હોય ત્યાં અનધિકૃત વીજવપરાશની મુદત વૈજ્ઞાનિક ઢબે નિશ્ચિત થયેલ બરાબર મુદત પૂરતી મર્યાદિત રહી શકશે.

(ડી) ગુનેગાર વ્યક્તિ દ્વારા રજૂ કરાયેલ માન્ય દસ્તાવેજના આધારે.

(૨) આકારણી ખર્ચ : યુનિટની આકારણી આ સંહિતાના ખંડ ૭.૪૧ અનુસાર વીજળી (સુધારા) અધિનિયમ-૨૦૦૭ અને કોઈપણ ત્યારપછીના સુધારા અનુસાર લાગુ પડતા પ્રશુલ્કને આધારે કરાશે. જેમાં મીટર દ્વારા નોંધાયેલ વપરાશ અથવા લાગુ પડતા પ્રશુલ્કનાં આધારે આકારણી મુદત દરમ્યાન બિલ તૈયાર કર્યુ હોય તેનો સમાવેશ થશે નહીં.

(૩) ગ્રાહક અનધિકૃત વીજવપરાશના એક કરતાં વધુ કૃત્યમાં સામેલ થયેલ હોવાનું જણાય તો, આવા દરેક અનધિકૃત વપરાશ બાબતમાં ગ્રાહકે ચૂકવવાપાત્ર ખર્ચની અલગથી આકારણી કરાશે અને તે પ્રમાણે બિલ તૈયાર કરાશે.

૭.૪૧ અનધિકૃત વીજવપરાશ માટે વપરાશની આકારણીની પધ્ધતિ નીચે મુજબ રહેશે.

(૧) બિન-માંગ આધારિત ગ્રાહકોના કેસમાં કરારયુક્ત વીજભાર કરતાં ગ્રાહકનો જોડાયેલ વીજભાર વધુ જણાય તો પ્રશુલ્ક પ્રમાણે વધારાના વીજભાર માટે લાગુ પડતા ફીકસ્ડ ચાર્જથી બમણો ચાર્જ વસૂલ કરાશે. આ ઉપરાંત કરારયુક્ત વીજભારના સ્લેબ અને ખરેખર જોડાયેલ વીજભાર સંબંધમાં, વધેલા વીજભારને કારણે વીજળી ચાર્જના પ્રશુલ્કમાં ફેરફાર થાય તો, શિક્ષાત્મક દરે તફાવતના ધોરણે વીજળી ચાર્જ વસૂલ કરવાનો રહેશે. આવા કેસમાં ગણતરી માટેની મુદત ઉપરના ખંડ ૭.૪૦(૧) માં દર્શાવ્યા મુજબ રહેશે.

(૨) જો એમ જણાય કે જે હેતુ માટે વીજળી વપરાશની અધિકૃતિ હોય તે સિવાયના હેતુ માટે પૂરી પાડેલી વીજળીનો ઉપયોગ થયો છે અને/અથવા વીજપૂરવઠાની જેને માટે અધિકૃતિ અપાઇ છે તે જગ્યા /વિસ્તાર સિવાયના અન્ય જગ્યા /વિસ્તાર માટે વીજળીનો ઉપયોગ કરાયો છે, તો તેની આકારણી નીચે મુજબ કરવી.

(i) વીજળીના અનધિકૃત વપરાશનો જથ્થો U=ax (b/c) કિ.વો.એચ.

જ્યાં

a- આવા ઉલ્લંઘન થયા પૂર્વેની મુદત દરમ્યાન નોંધાયેલ કુલ વપરાશ, કે જે ખંડ ૭.૪૧(૧)માં જણાવ્યા મુજબ આકારણીની નિર્દિષ્ટ મુદત પૂરતું મર્યાદિત હોય,

b- નિરીક્ષણ સમયે જણાયેલ અનધિકૃત વીજભાર

c- નિરીક્ષણ સમયે જણાયેલ કૂલ જોડાયેલ વીજભાર

(ii) અનધિકૃત વીજવપરાશ માટેનો ચાર્જ શિક્ષાત્મક ખર્ચ = (2xUxd)-(Uxe)

જ્યાં

U = અનધિકૃત વીજવપરાશનો જથ્થો કિ.વો.એચ.

d = અનધિકૃત વપરાશનું પ્રશુલ્ક

e = અધિકૃત વપરાશનું પ્રશુલ્ક

(iii) આ તમામ કેસોમાં મુદતની ગણતરી ઉપરના ખંડ ૭.૪૧(૧)માં દર્શાવ્યા મુજબ રહેશે.

પરંતુ, કોઇપણ સમયે એમ જણાય કે જેના પર નિમ્ન પ્રશુલ્ક લાગુ પડે તેવા હેતુ માટે પૂરી પાડેલ વીજળીનો ઉપયોગ થયેલ છે તો તેને અનધિકૃત વીજવપરાશ ગણવામાં આવશે નહીં અને કોઇ શિક્ષાત્મક પગલું ભરવામાં આવશે નહીં.

(૩) ઉપરની ગણતરીઓ, મીટર સંતોષકારક રીતે કામ કરે છે તે શરતને આધીન રહેશે. અન્યથા, વીજળીની ગણતરી જોડાણ-૪ મુજબની ફોર્મ્યુલાને આધારે કરાશે.

૭.૪૨ આખરી આકારણી આદેશ, સંપુર્ણ વિગતો દર્શાવતા ઓર્ડરની સાથે યોગ્ય પહોંચ હેઠળ ગ્રાહકને બજાવવાનો રહેશે.

૭.૪૩ સ્થળ કે જગ્યા ની માલિકી/કબ્જો કે હવાલો ધરાવનાર વ્યક્તિને આખરી આકારણી આદેશની બજવણી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના (કામચલાઉ આકારણી આદેશની બજવણીની રીત), નિયમો,૨૦૦૪માં ઠરાવેલ રીતે કરાશે.

૭.૪૪ આખરી આકારણી આદેશની બજવણી કરાઇ હોય તેવી કોઇપણ વ્યક્તિએ આવી આકારણી સ્વીકારવી અને તેને આકારણી આદેશથી બજવણી કરાય તેના ૩૦ દિવસની અંદર પરવાનેદાર પાસે આકારણી કરાયેલ રકમ જમા કરાવવાની રહેશે. આખરી આદેશમાં તેને બજાવાયેલ આખરી આદેશ સામે જે વ્યક્તિપાસે અપીલ દાખલ કરી શકાય તે અપીલ અધિકારીનું સરનામું સમાવિષ્ટ કરવાનું રહેશે.

અપીલ અધિકારીને અપીલ :

૭.૪૫ આકારણી અધિકારીએ બજાવેલ આખરી આદેશથી નારાજ કોઈપણ વ્યક્તિ ઉક્ત આદેશના ૩૦ દિવસની અંદર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (અપીલ અધિકારી સમક્ષ અપીલ દાખલ કરવાની કાર્યપધ્ધતિ) વિનિયમો,૨૦૦૫ માં નિર્દિષ્ટ કર્યા મુજબના ફોર્મમાં, નિર્દિષ્ટ પધ્ધતિ થી ખરાઇ કરીને અને તેની નિર્દિષ્ટ ફી સાથે અપીલ દાખલ કરી શકશે.

૭.૪૬ ઉપરની કલમ ૭.૪૫ અન્વયે આકારણી આદેશ સામે કોઇ અપીલ કરાશે નહી, સિવાય કે, પરવાનેદારને રોકડમાં અથવા બેંક ડ્રાફ્ટની રીતે આકારેલી રકમની અડધી રકમ જમા કરાવવામાં આવે અને આવી જમા કરાવેલી રકમનો દસ્તાવેજી પૂરાવો અપીલ સાથે જોડયો હોય.

૭.૪૭ અપીલ અધિકારી પક્ષકારોને સાંભળ્યા પછી અપીલનો નિકાલ કરશે અને અપીલ દાખલ કર્યાના ૧૨૦ દિવસની અંદર યોગ્ય આદેશ પસાર કરશે અને આદેશની નકલ આકારણી અધિકારી તથા અરજદારને મોકલાશે. અપીલ અધિકારીનો આદેશ આખરી ગણાશે અને તેની સામે અપીલ થઈ શકશે નહીં.

૭.૪૮ અપીલ અધિકારીના આખરી આદેશ અનુસાર ગ્રાહકને સુધારેલું બિલ મોકલાશે, જે ૭ દિવસમાં ચૂકવવાનું રહેશે.

૭.૪૯ જો અપીલ અધિકારીના આખરી આદેશ અનુસાર બિલ મોકલ્યાના ૭ દિવસમાં ગ્રાહક ચૂકવણી કરવામાં કસૂર કરે તો ૧૫ દિવસની નોટિસ આપીને જોડાણ કપાત કરાશે, જે જ્યાં સુધી બિલની રકમ ભરવામાં ન આવે ત્યાં સુધી ફરીથી જોડાણ કરાશે નહીં. ચૂકવણી ન કરવાના કેસમાં, નિયમિત બિલમાં રકમ બાકી રકમ તરીકે દર્શાવાશે અને વસૂલાત માટે પગલાં લેવામાં આવશે.

૭.૫૦ આકારણી અધિકારીએ પસાર કરેલા આખરી આદેશની તારીખથી ત્રીસ દિવસ પછી અપીલ અધિકારીના આખરી હુકમ પ્રમાણે તફાવતની રકમ પર અધિનિયમની કલમ ૧૨૭(૬) અનુસાર દર છ મહિને ચક્રવૃધ્ધિ દરે ગણી કાઢેલ વાર્ષિક ૧૬%ના વ્યાજે રકમ વસૂલ કરાશે.

૭.૫૧ જો અપીલ અધિકારી ઠરાવે કે અનધિકૃત વીજવપરાશનો કેસ સાબિત થતો નથી તો પરવાનેદાર કોઇ આગળની કાર્યવાહી

કરશે નહીં અને અપીલ કરનારે જમા કરાવેલી રકમ, રકમ જમા થયા તારીખથી આવી રકમ તરત પછીના વીજળી બીલોમાં સમાયોજીત થાય ત્યાં સુધીના સમયગાળા માટે છ મહિને ચક્રવૃધ્ધિ દરે ગણતરી કરી વાર્ષિક ૧૬%ના દરના વ્યાજ સાથે પરત કરાશે. અરજદાર પોતે જમા કરાવેલ રકમ રોકડમાં મેળવવાનો વિકલ્પ પસંદ કરી શકશે અને આવી રકમ, તેને જમા કરાવ્યા તારીખથી પૂરેપૂરી પરત મળે ત્યાં સુધીના સમયગાળા માટે છ મહિને ચક્રવૃધ્ધિ દરે ગણતરી કરી વાર્ષિક ૧૬%ના દરના વ્યાજ સાથે પરત મેળવી શકશે.

૭.૫૨ અપીલ અધિકારીએ નક્કી કર્યા મુજબ ચૂકવવાપાત્ર રકમ વ્યક્તિએ જમા કરાવેલ રકમ કરતાં ઓછી હોય તો વધારાની રકમ, આવી વધારાની રકમ તે જમા કર્યાની તારીખથી ખરેખર સમાયોજનની તારીખ સુધી દર ૬ મહીને ચક્રવૃધ્ધિ દરે ગણી કાઢેલ વાર્ષિક ૧૬%ના વ્યાજ દરસાથે, તરત પછીના મહિનાના બિલોમાં સમાયોજન દ્વારા સરભર કરાશે.

કસૂરનાં પરિણામો:

૭.૫૩ વ્યક્તિ અધિનિયમની કલમ-૧૨૭ અન્વયે અપીલ ન કરે અને આકારાયેલ રકમની ચૂકવણી કરવામાં પણ કસૂર કરે તો ૧૫ દિવસની નોટિસ આપીને જોડાણ કપાત કરવામાં આવશે અને રકમ ભરવામાં ન આવે ત્યાં સુધી તેને ફરીથી જોડાશે નહીં. ચૂકવણી ન કરાય તો રકમ નિયમિત બિલમાં બાકી તરીકે દર્શાવાશે.

૭.૫૪ વ્યક્તિ આકારાયેલી રકમ ચૂકવવામાં કસૂર કરે તો આકારાયેલ રકમ ઉપરાંત તે આકારણી આદેશની તારીખથી ત્રીસ(૩૦) દિવસ પૂરા થતાં દર ૬ મહિને વાર્ષિક ૧૬%ના વ્યાજના ચક્રવૃધ્ધિ દરે રકમ ચૂકવવા જવાબદાર રહેશે.

૭.૫૫ એક વખત વીજચોરી કે અનધિકૃત વીજવપરાશ સાબિત થાય તો અને નિરીક્ષણના સમયે જોડાણ કરેલ વીજભાર કરારયુક્ત વીજભાર કરતાં વધુ જણાય તો, કરારયુક્ત વીજભાર કરતાં વધુ વીજભારને આવા ગ્રાહકો લાગુ પડતા ખર્ચની ચૂકવણી કર્યા પછી પરવાનેદાર નિયમિત કરી શકશે.

વિભાગ-૮

જોડાણ કપાત કરવું અને પુર્નઃજોડાણ

૮.૧ નીચે દર્શાવેલી કાર્યપધ્ધતિ અનુસાર પૂરવઠો કામચલાઉ અથવા કાયમી ધોરણે બંધ કરી શકાશે. કાયમી જોડાણ છૂટું કર્યા પછી પરવાનેદાર સર્વિસ લાઇન, મીટર વગેરે દૂર કરશે. આમ છતાં કામચલાઉ જોડાણ છૂટું કરવાના કેસમાં પરવાનેદાર સર્વિસ લાઇન, મીટર વગેરે દૂર કરશે નહીં.

૮.૨ જોડાણ, પુર્નજોડાણ અને જોડાણ કપાત કરવા અંગેનું ખર્ચ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પૂરવઠો પૂરો પાડવા પેટે કરેલ ખર્ચ અને પ્રકીર્ણ ખર્ચ વસુલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો,૨૦૦૫ અને સંબંધીત સુધારા અનુસાર રહેશે.

કામચલાઉ જોડાણ કપાત કરવું :

૮.૩ નીચેના કેસોમાં પૂરવઠો કામચાલુ બંધ કરી શકાશે:

(૧)પરવાનેદારની બાકી રકમની બિન-ચુકવણી સમયે: બાકી રકમ ચૂકવવામાં કસૂર કરનાર કોઈપણ ગ્રાહકને આવી બાકી રકમ ચૂકવવાની ૧૫ કામકાજના દિવસની નોટિસ મુદત આપ્યા પછી અધિનિયમની કલમ-૫૬ અનુસાર લેખિતમાં જોડાણ છૂટું કરવાની પરવાનેદાર નોટિસ આપશે. ત્યારબાદ પરવાનેદાર દર્શાવેલ નોટિસ મુદત પૂરી થતાં તેને ઠીક લાગે તે પ્રમાણે સર્વિસ લાઇન/મીટર દૂર કરીને ગ્રાહકનું વીજ-સ્થાપનનું જોડાણ કપાત કરશે.

(૨) કોઈ જગ્યાએ હાથ ધરવામાં આવતા કોઈ ધંધા/ઉદ્યોગ/પ્રવૃત્તિ, સંચાલિત/ચાલુ રહેલા હોય કે જે સક્ષમ પ્રાધિકારી દ્વારા અપાતી જરૂરી પરવાનગીના અભાવે અથવા આવી સક્ષમ પ્રાધિકારી દ્વારા પરવાનેદારની લેખિત જાણ કરીને પરવાનગી ખેંચી લેવાય હોય.

(૩)ગ્રાહકની જગ્યામાં વાયરિંગ સાધન-સામગ્રી કે વીજ-સ્થાપન ખામીપૂર્ણ જણાય અથવા વીજળી લીકેજ થતી હોય અથવા ગ્રાહકે મીટર અને સંબંધિત સાધનોમાં ફેરફાર કર્યો હોવાનું જણાય અથવા ગ્રાહકે એવી રીતે કોઇ સાધન કે સાધનોનો ઉપયોગ કર્યો હોય કે વીજળીનો ઉપયોગ કર્યો હોય કે જેથી પરવાનેદારની સર્વિસ લાઇન, સાધન-સામગ્રી, વીજળી પૂરવઠા મેઇન્સ અને અન્ય કામો ભયમાં મૂકાય અથવા એવી રીતે ઉપયોગ કરાતો હોવાનું જણાય કે જે બીજા કોઇ ગ્રાહકને વીજળીનો કાર્યક્ષમ પૂરવઠો પૂરો પાડવામાં અનુચિત કે અયોગ્ય રીતે અવરોધક બને.

(૪)ગ્રાહક કોઇપણ સમયે વીજ ઉપયોગનો જે ઇરાદો રખાયો હોય/વીજળી પૂરી પડાઇ હોય તે સિવાયના અન્ય હેતુ માટે ઉપયોગ કરતો હોવાનું અથવા પોતાના જગ્યા માં પરવાનેદારના મીટર અને/અથવા સાધનો સાથે ચેડાં કરતાં હોવાનું જણાય અથવા પોતાના જોડાણમાંથી બીજી કોઇ જગ્યામાં વીજળી લાઇન વિસ્તાર/પૂરવઠાની છૂટ આપેતો,

(૫)ગ્રાહક હેતુપૂર્વક મીટરની અપ્રાપ્યાતાની સ્થિતિ ઉભી કરે અથવા પ્રાપ્યતા નકારે તો ગ્રાહકને વિતરણ પરવાનેદારના પ્રતિનિધિ દ્વારા આખરી તારીખ અને સમયે મીટર રીડીંગની સુવિધાઓ પૂરી પાડવા માટેની નોટીસ આપવામાં આવશે. જો ગ્રાહક દર્શાવેલ નોટીસને અનુસરવામાં નિષ્ફળ જાય તો તેની જગ્યા પરનો વિજ પુરવઠો કાપી નાખવામાં આવશે.

૮.૪ પરવાનેદાર ખંડો ૮.૩(૨), ૮.૩(૪) અનુસાર જોડાણ કામચલાઉ કપાત કર્યા પછી ગ્રાહકને નોટિસ મોકલશે કે તેણે ૧૮૦ દિવસની અંદર જોડાણ કપાત કરવાનું કારણ દૂર કરવું અને એમ કરવામાં નિષ્ફળ જશે તો જોડાણ કાયમીપણે કપાત કરવામાં આવશે.

૮.૫ પરવાનેદાર, ગ્રાહકોનું અનધિકૃત પુર્નજોડાણ અટકાવવા જોડાણ કપાત કરવાના પગલાં ઉપર વર્ણવેલ રીતે લેશે. જ્યારે પરવાનેદાર શોધી કાઢે કે જોડાણને અનઅધિકૃત રીતે ફરી જોડાણ કરવામાં આવ્યું છે, ત્યાં પરવાનેદાર અધિનિયમની કલમ-૧૩૮ની જોગવાઇ અનુસાર કાર્યવાહી શરૂ કરશે. વધુમાં પરવાનેદાર શોધી કાઢે કે આવી જગ્યામાં પૂરવઠો અન્ય ચાલુ જોડાણમાંથી પુર્નસ્થાપિત કરાયો છે તો તેવા કિસ્સામાં દર્શાવેલ કપાત કરેલ જોડાણની તમામ બાકી નીકળતી રકમો આવા ચાલુ જોડાણના ખાતામાં તબદીલ કરાશે અને આવી તબદીલ કરાયેલ બાકી રકમની ચૂકવણી નહીં કરાય તો તેની પ્રક્રિયા ખંડ ૮.૩(૧) પ્રમાણે કરાશે.

જોડાણ કાયમી ધોરણે કપાત કરવું:

૮.૬ નીચેના કેસોમાં પૂરવઠાનું જોડાણ કાયમી રીતે કપાત કરાશે.

(૧)કરાર સમાપ્ત થતાં

(૨) જે કારણસર પૂરવઠાનું જોડાણ કપાત કરાયું હોય તે કારણ નોટિસ મુદતની અંદર દૂર ન કરાયું હોય.

પરંતુ ગ્રાહકની સર્વિસ સતત ૧૮૦ દિવસ માટે બંધ રહે કે જે ગ્રાહકની વિનંતિથી કરવામાં આવેલ કામચલાઉ જોડાણ ન હોય તેવા કિસ્સામાં ૧૫ દિવસો પૂરા થતાં અથવા એગ્રીમેન્ટની પ્રારંભિક મુદત પૂરી હોય તેમાં બેમાંથી જે મોડું હોય તે પ્રમાણે લેખિત નોટિસ આપ્યેથી સમજૂતિ સમાપ્ત થઈ હોવાનું ગણવામાં આવશે, તેનાથી અધિનિયમ અન્વયે એગ્રીમેન્ટ હેઠળ બાકી નીકળતી કોઈપણ રકમની વસુલાત માટેના પરવાનેદાર અથવા ગ્રાહકના હકો પર વિપરિત અસર પડશે નહિ.

ગ્રાહકની વિનંતીથી જોડાણ કપાત કરવું:

૮.૭ ગ્રાહક પોતાનું જોડાણ કાયમી રીતે કપાત કરાવવા ઇચ્છે તો તેણે તે માટે અરજી કરવી. પરવાનેદાર સ્થળ પર જ આવી વિનંતીની સ્વીકૃતિ માટે લેખિત પહોંચ આપશે.

૮.૮ પરવાનેદાર ખાસ મીટર વાંચન હાથ ધરશે અને આવી વિનંતી મળ્યાના ૩૦ દિવસમાં આવા બીલીંગની તારીખ સુધીની તમામ બાકી સમાવિષ્ટ કરતી રકમ સહિત આખરી બિલ તૈયાર કરશે. ચૂકવણી મળ્યેથી પરવાનેદાર પહોંચ પર 'આખરી બિલ' નો સિક્કો મારીને પહોંચ આપશે. આ પહોંચ 'ના-બાકી પ્રમાણપત્ર' તરીકે ગણાશે.

પરંતુ ગ્રાહકે આપેલી નોટિસને આધારે એગ્રીમેન્ટ સમાપ્ત કરવામાં આવે ત્યારે પરવાનેદાર સમાપ્તિ પછીના ૭ દિવસની અંદર લેખિત જાણ કરશે, અનેતેમ કરવામાં નિષ્ફળ જશે તો આવી જાણ ગ્રાહકને આપી હોવાનું ગણવામાં આવશે.

૮.૯ ત્યારબાદ પરવાનેદારને આ બિલની તારીખ પૂર્વેની કોઇ મુદત માટેના કોઇ ખર્ચ વસૂલ કરવાનો કોઇ હક રહેશે નહીં. જોડાણ કપાત કર્યા પછી પરવાનેદાર કોઇ બિલ ઉભું કરશે નહીં.

૮.૧૦ એચ.ટી./ઇ.એચ.ટી. ગ્રાહકો, સાધનો અને સર્વિસ લાઇન દૂર કરવા અંગેનું અંદાજીત ખર્ચ પણ ભોગવશે. પરવાનેદાર, વિનંતી મળ્યાના ૧૦ દિવસની અંદર પહોંચ હેઠળ લેખિતમાં ગ્રાહકને માંગ નોંધ મોકલશે.

૮.૧૧ ગ્રાહકને પૂરવઠો પૂરો પાડવા કે વીજળીના વ્હીલીંગ માટે વિતરણ પરવાનેદારને ગ્રાહક પાસેથી વીજળી માટેનું ખર્ચ અથવા ખર્ચ સિવાયની બીજી કોઇ રકમ ન ચૂકવવા બદલ પૂરવઠાનું જોડાણ કપાત કરવામાં આવે તો તેને અન્ય કોઇ વિતરણ પરવાનેદાર પાસેથી વીજ જોડાણ મેળવવાની પરવાનગી મળશે નહીં.

પુર્નજોડાણ :

૮.૧૨ પરવાનેદાર, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો,૨૦૦૫ અને સંબંધીત સુધારાની જોગવાઇઓ અનુસાર ગ્રાહકના વીજ સ્થાપનમાં પુર્નજોડાણ કરશે.

વિભાગ-૯

સામાન્ય

૯.૧ વિતરણ પરવાનેદાર દરેક નવા જોડાણ, બિલ, મીટર, જોડાણ કપાત કરવું, પુર્નજોડાણ અને ચોરીના કેસની પ્રગતિ પર નજર રાખશે અને આયોગ દ્વારા નક્કી કરેલા ફોર્મેટમાં દર ૩ મહિને MIS રિપોર્ટ આયોગને મોકલશે. વિતરણ પરવાનેદાર તેની વેબસાઈટ પર પણ તે અપલોડ કરશે.

પૂરવઠાની નિષ્ફળતા અને અવરોધ :

૯.૨ વિતરણ પરવાનેદાર, ગ્રાહકને સતત વીજળી મળે તે સુનિશ્ચિત કરવા તમામ વાજબી સાવચેતીઓ રાખશે. આમ છતા કરારથી વિપરીત બાબતને આધીન હોય તે સિવાય, વિતરણ પરવાનેદાર, વીજપૂરવઠામાં અવરોધ/વધઘટને કારણે ગ્રાહકને થતું કોઇ નુકશાન કે ગ્રાહકના પ્લાન્ટ અને સાધન-સામગ્રીને થતાં કોઇ નુકશાન માટે જવાબદાર રહેશે નહીં. આવો પૂરવઠામાં અવરોધ/વધઘટ યુદ્ધ, બળવો, હુલ્લડ, ભૂકંપ,વંટોળિયો, વાવાઝોડું, હડતાલ, મુલકી આંદોલન, તાળાબંધી, વીજળી, આગ, પૂર, અકસ્માત કે પ્લાન્ટ અને યંત્ર સામગ્રીમાં તૂટફૂટ, SLDC દ્વારા સૂચવ્યા મુજબ વીજભાર શેડિંગ અથવા વિતરણ પરવાનેદારના કાબૂ બહારના કારણોને સમાવિષ્ટ કરતા પરંતુ તેટલા પૂરતા મર્યાદિત ન હોય તેવા કારણોસર વિતરણ પરવાનેદાર અનુકૂળ મીડિયા મારફત શક્ય તેટલા જલ્દીથી ગ્રાહકને વીજપુરવઠો પુરો પાડવામાં આવતા આવા અવરોધોનો સંભવિત સમયગાળો જણાવશે.

૯.૩ વીજળીની સ્થિતિ કે બીજી કોઇ ટેકનિકલ કટોકટીને લીધે જરૂરી બને તો વિતરણ પરવાનેદાર જરૂરી લાગે તેટલી મુદત માટે વિજ પુરવઠાને ઘટાડી શકશે, અલગ પાડી શકશે અથવા તેમાં કાપ મૂકી શકશે.

૯.૪ વિતરણ પરવાનેદાર, જરૂર જણાય તેટલા સમય માટે કાર્યક્ષમ કામગીરી માટે ટેસ્ટિંગ અથવા આઉટેજ અથવા મેઇન્ટેનન્સ માટે વિજ પુરવઠો કામચલાઉ ધોરણે બંધ કરી શકે છે. જો કે વિતરણ પરવાનેદાર ઓછામાં ઓછી અગવડતા પડે તે હેતુસર આ બાબતની અગાઉથી જાણ કરવાનો જ્યાં શક્ય હશે ત્યાં મહત્તમ પ્રયત્ન કરશે.

વીજભાર શેડિંગ માટે જોગવાઇ :

૯.૫ ગ્રાહકે પરવાનેદાર સાથે કરેલ કોઇપણ સમજૂતિ કે આપેલી બાંયધરીમાં અથવા તેને લાગુ પડતા પ્રશુલ્કમાં સમાવિષ્ટ હોય તેમ છતાં, ગ્રાહક તેની અધિકતમ માંગના સંદર્ભમાં વીજળીનો ઉપયોગ નિયંત્રિત કરશે અને/અથવા રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર કે રાજ્ય સરકાર દ્વારા અથવા પરવાનેદાર દ્વારા ગ્રીડ સંચાલન વ્યવસ્થિત જળવાઇ રહે તે માટે કરેલા કોઇપણ હુકમમાં નિર્દિષ્ટ હોય તેવી રીતે અને તેટલી મુદત માટે વીજ વપરાશ સીમીત રાખશે. પરવાનેદાર, જથ્થાબંધ/ એચ.ટી. ગ્રાહકોને ઓછામાં ઓછી અગવડ પડે તે માટે શક્ય તેટલી જલ્દીથી કોઇપણ અનુકૂળ માધ્યમની પધ્ધતિ દ્વારા આવા નિયંત્રણોની જાણ કરશે.

પૂરવઠાનો પ્રતિકૂળ ઉપયોગ :

૯.૬ વોલ્ટેજ અને વીજપ્રવાહના હાર્મોનિક્સ: કોઇપણ વીજસ્થાપનમાં વોલ્ટેજ અને વીજપ્રવાહ હાર્મોનિક્સ ડિસ્ટોર્શન (Distortion), વિતરણ સિસ્ટમને લાગુ પડતા કેન્દ્રીત વિદ્યુત પ્રાધિકરણ (ગ્રિડ સાથે જોડાણનાં ટેકનિકલ ધોરણો) વિનિયમો,૨૦૦૭ તેમાં વખતોવખત કરેલા સુધારામાં નિર્દિષ્ટ કર્યા મુજબની મર્યાદા કરતાં વધવું જોઇએ નહીં. ગ્રાહક, નિયત મર્યાદા સુધી THDને નિયંત્રણ રાખવા યોગ્ય પગલાં લેશે.

૯.૭ જોડાણના પોઇન્ટે કૂલ હાર્મોનિક્સ ડિસ્ટોર્શન ૩% કરતાં વધુ વ્યક્તિગત હાર્મોનિક્સ સાથે ૫% કરતાં વધવો જોઇએ નહીં અને જોડાણ પોઇન્ટે પ્રવહન સિસ્ટમમાંથી ખેંચેલ કૂલ હાર્મોનિક ડિસ્ટોર્શન ૮% થી વધવું જોઇશે નહીં.

૯.૮ બધાજ વપરાશકર્તાઓએ કે જેઓ ગ્રિડ જોડે સમાંતર જોડાણમાં વીજ ઉત્પાદન પ્લાન્ટનું સંચાલન કરે છે તેઓએ વિતરણ પરવાનેદારે ઠરાવેલ આવા જોડાણ માટેની સમજૂતિની શરતોનું પાલન કરવું. આવા એકમો ગ્રિડના વ્યવસ્થિત સંચાલનના હિતમાં SLDC અથવા વિતરણ પરવાનેદારે આપેલ કોઇપણ આદેશનું પણ તત્કાલ પાલન કરવાનું રહેશે.

૯.૯ ગ્રાહક ફેઈઝ સ્પિલ્ટર્સ (ગુજરાતીમાં ટેટા તરીકે ઓળખાય) તેમના સહિત કોઈપણ સાધન વિતરણ પરવાનેદારની પૂરવઠા સિસ્ટમ સાથે જોડેલું રાખશે નહીં જે વિતરણ પરવાનેદારને મતે તેના બીજા ગ્રાહકોને અપાતા પૂરવઠામાં દખલગીરી કરે અથવા હાનિકારક અસર પેદા કરે અને ટૂંકા કે લાંબાગાળા માટે પૂરવઠા સિસ્ટમને ખલેલ પહોંચાડે.

માંગ તરફનું વ્યવસ્થાપન

૯.૧૦ વીજળીનો બગાડ અને બિનકાર્યક્ષમ ઉપયોગ અટકાવવો તથા પરવાનેદારે શરૂ કરેલ માંગ તરફનું વ્યવસ્થાપન અંગેના કાર્યક્રમના અમલમાં જરૂરી સહકાર આપવો તે દરેક ગ્રાહકની ફરજ બનશે.

કામગીરીનાં ધોરણો અને ગ્રાહક ફરિયાદ નિવારણ કાર્યપધ્ધતિ :

૯.૧૧ જેમને આ સંહિતાના અમલ બાબતમાં કોઇ ફરિયાદ હોય તેવા ગ્રાહકો, વિતરણ પરવાનેદારની સ્થાનિક કચેરીનો સંપર્ક કરી શકે. તેઓને તેથી સંતોષ ન થાય તો પછી તેઓ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ કચેરી) વિનિયમો,૨૦૧૧ અને તેના સુધારાઓમાં ઠરાવ્યા પ્રમાણે તેમની ફરિયાદોના ઉકેલ માટે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ/ લોકપાલ પાસે જઈ શકે.

મુક્તિ

૯.૧૨ આ ઠરાવમાં નિર્દિષ્ટ કામગીરીનાં ધોરણો, પરવાનેદારના વીજસ્થાપન અને પ્રવૃતિઓને અસર કરતી કુદરતી આપત્તિઓની સ્થિતિઓ જેવી કે યુધ્ધ, બળવો, મુલ્કી આંદોલન, હુલ્લડ, ભૂકંપ, વંટોળિયો, વાવાઝોડું, હડતાલ, તાળાબંધી, વીજળી, આગ, પૂર વગેરે દરમિયાન મોકૂફ રહેશે.

૯.૧3 આ વિનિયમમાં સમાવિષ્ટ ધોરણનું અપાલન ઉલ્લંઘન ગણાશે નહીં, અને પરવાનેદારે અસરગ્રસ્ત ગ્રાહકોને કોઈ વળતર ચુકવવાનું રહેશે નહી, જો આ ઉલ્લંઘન રાજ્ય પ્રવહન યુટિલિટી/કેન્દ્રિય પ્રવહન યુટિલીટી, ગ્રિડ નિષ્ફળતા, પ્રવહન પરવાનેદારના નેટવર્ક પર ફોલ્ટ રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રે આપેલી સૂચનાઓને, કે જેનાં પર વિતરણ પરવાનેદારનો કોઈ કાબુ નથી.

નોટિસની બજવણી :

૯.૧૪ અધિનિયમની કલમ-૫૬ હેઠળની નોટિસ સહિત પરવાનેદાર દ્વારા ગ્રાહકને આપેલી કોઈપણ હુકમ/નોટિસ, ગ્રાહક દ્વારા પરવાનેદારને જણાવેલ સરનામે રહેતી વ્યક્તિને હાથોહાથ આપવામાં આવે કે ગ્રાહકના સાચા ટપાલ સરનામે રજીસ્ટર્ડ ટપાલથી મોકલવામાં આવે તો તેની યોગ્ય રીતે બજવણી કરી હોવાનું ગણાશે.

પરંતુ વ્યક્તિગત ગ્રાહકના કેસમાં, ગ્રાહકના પતિ/પત્નિ કે તેના અધિકૃત પ્રતિનિધિને અને પેઢી, કંપની કે નિગમના કેસમાં મેનેજીંગ ડિરેક્ટર, ડિરેક્ટર કે મુખ્ય અધિકારી કે આવી પેઢીની અધિકૃત વ્યક્તિને બજાવેલી નોટિસ આ સંહિતાના હેતુ માટે યોગ્ય બજવણી કરાયેલ છે તેમ ગણવામાં આવશે.

૯.૧૫ ગ્રાહક દ્વારા વિતરણ પરવાનેદાર સાથેનો કોઈપણ પત્ર-વ્યવહાર/નોટિસ, વિતરણ પરવાનેદારને ઉદ્દેશીને લેખિતમાં અપાઇ હોય અને ગ્રાહકને બિલ જ્યાંથી અપાતું હોય તે કચેરીને હાથોહાથ, ટપાલથી કે કાયદા અન્વયે માન્ય બીજી કોઇ પધ્ધતિથી આપવામાં આવે તો તે યોગ્ય રીતે અપાયેલ હોવાનું ગણવામાં આવશે.

૯.૧૬ ગ્રાહક નોટિસ લેવાનો ઈન્કાર કરે તો બજવણી નીચે મુજબ કરાશે.

(૧) બે સાક્ષીઓની હાજરીમાં ગ્રાહકના જગ્યા પર નજરે પડે તેવા સ્થળે લગાડીને નોટિસનો ફોટોગ્રાફ લેવો; અથવા

(૨) સંબંધિત વિસ્તારમાં સામાન્યપણે વંચાતા દૈનિક વર્તમાનપત્ર(ત્રો)માં નોટિસ પ્રકાશિત કરી પરવાનેદારના રેકર્ડમાં રાખવી.

આ બેમાંથી એક નોટિસ બજવણી તરીકે પર્યાપ્ત ગણાશે.

બહુવિધ ઉલ્લંઘન

૯.૧૭ કોઇ ગ્રાહક, એક જ સર્વિસ જોડાણમાં એક કરતાં વધુ વખત ઉલ્લંઘન કરે તો દરેક ઉલ્લંઘન અંગે અલગથી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આવા દરેક ઉલ્લંઘન માટે, લાગુ પડે તે પ્રમાણે દંડ અલગથી વસૂલ કરાશે.

રદ કરવું અને અપવાદ:

૯.૧૮ આ સંહિતામાં અન્યથા જોગવાઇ કરી હોય તે સિવાય ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ(વીજળી પૂરવઠા સંહિતા અને સંબંધિત બાબતો) વિનિયમો,૨૦૦૫ અને તેમાં કરેલા સુધારાઓ અહીં રદ કરવામાં આવે છે.

૯.૧૯ આવા રદ કરેલ તેમ હોય છતાં;

(૧) આવા રદ કરાયેલ વિનિયમો અન્વયે કંઇપણ કરાયેલ હોય અથવા પગલાં લેવાયેલ હોય અથવા કાર્યવાહી શરૂ કરાઈ હોય કે જે વિજ અધિનિયમ સાથે અસંગતતા ન ધરાવતા હોય તો તેવા પગલાંઓ આ સંહિતા હેઠળ લીધેલાં હોવાનું ગણવામાં આવશે.

(૨) આયોગ કોઈપણ જોગવાઇમાં સુધારો, ફેરફાર કે સુધારા-વધારા કરી શકશે અથવા આ સંહિતાની કોઇ ભૂલ કે ખામી દૂર કરી શકશે.

અર્થઘટન :

૯.૨૦ આ સંહિતા હેઠળની જોગવાઇઓ, અમલમાં હોય તેવા કોઈપણ નિયંત્રણો અને હુકમો ઉપરાંત ૨૦૦૩ના વીજળી અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓના તમામ બાબતોમાં સંબધ હોવા તરીકે વાંચવી અને તેનું અર્થઘટન કરવું. આ વિનિયમોમાં સમાવિષ્ટ કોઈપણ બાબત, અમલમાં હોય તેવા કોઈપણ અધિનિયમ કે કાયદા અન્વયે વિતરણ પરવાનેદાર અને ગ્રાહકના હક્કો કે ઉપાયોને ઘટાડશે નહીં કે બાધક બનશે નહીં.

છૂટછાટની સત્તા અને મુશ્કેલીઓ દૂર કરવાની સતા:

૯.૨૧ આયોગ, જાહેર હિતમાં અને લેખિતમાં નોંધવાનાં કારણોસર આ સંહિતાની કોઈપણ જોગવાઈમાં છૂટછાટ આપી શકશે.

૯.૨૨ આ સંહિતાની કોઈપણ જોગવાઇને અમલી બનાવવામાં મુશ્કેલી ઉભી થાય અથવા કોઇ જોગવાઇના અર્થઘટનમાં વિવાદ ઉભો થાય તો આ બાબત તાત્કાલિક આયોગને મોકલી શકાશે. આયોગે લાગતા વળગતા લોકો સાથે ચર્ચા વિચારણા કરીને જરૂરી આદેશો આપશે. પરંતુ આયોગ પૂરતા કારણ વગર પણ ૩ મહિનાના સમયગાળા કરતા વધુ વિલંબ પછી ફાઈલ થયેલ સંદર્ભને ધ્યાનમાં લેવાનો ઇન્કાર કરી શકે છે.

આયોગની અંતર્ગત સત્તાનો બચાવ :

૯.૨૩ આ સંહિતામાં સમાવિષ્ટ કંઈપણ, ન્યાયના ઉદ્દેશોને પરિપૂર્ણ કરવા અથવા આયોગની કાર્યવાહીનો દુરૂપયોગ અટકાવવા જરૂરી હોય તેવા હુકમો કરવાની ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની અંતર્ગત સતાને મર્યાદિત કરી શકશે નહી અથવા અસર કરી શકશે નહી.

૯.૨૪ આ સંહિતામાં સમાવિષ્ટ કંઈપણ આયોગને ખાસ સંજોગોને અને લેખિત નોંધણીનાં કારણોને પહોચી વળવા જરૂરી જણાય ત્યારે, વીજઅધિનિયમની જોગવાઈઓને સુસંગત હોય તેવી કાર્યવાહી કરવા રોકી શકશે નહિ.

૯.૨૫ આ સંહિતામાં સમાવિષ્ટ કંઈપણ સ્પષ્ટ કે ગર્ભિત રીતે, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને વિજ અધિનિયમનમાં સમાવિષ્ટ બાબતો કે જેના માટે કોઇ સંહિતા તૈયાર ન કરવામાં આવી હોય તેવી બાબત હાથ ધરતાં કે તેના માટે કોઈપણ સત્તા અમલમાં મૂકતાં અટકાવશે નહીં અને આયોગ તેને યોગ્ય લાગે તે પ્રમાણે આવી બાબતો, સત્તા કે કાર્યો અંગે કામ હાથ ધરી શકશે.

તા.૨૨/૦૯/૨૦૧૫

ગાંધીનગર

રૂપવંતસિંઘ, આઈ.એ.એસ.
સચિવ
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
ગાંધીનગર

જોડાણ-૧

અરજી પત્રક – નવું વીજ જોડાણ/ વીજભાર વધારો/ વીજભાર ઘટાડો/ પુર્ન:જોડાણ (ખેતીવાડી)/ નામમાં ફેરફાર/સ્થળ ફેરફાર/ હંગામી વીજ જોડાણ/વીજ જોડાણમાં ફેરફાર/ ગ્રાહકની વીજકક્ષામાં ફેરફાર(હળવા દબાણના વીજ જોડાણો માટે)

પત્રક (ફોર્મ એ-૧)

અરજીની તારીખ

નોંધ : (૧) અરજદારને વિનંતી છે કે તેનું/તેણીનું પુરુ નામ અને સંપુર્ણ વિગતો સુવાચ્ય અક્ષરે દર્શાવી સહી કરવી.
(૨) લાગુ પડતા વીજદર માટે આ સાથે સામેલ માર્ગદર્શિકા એનેક્ષર-૧ જોવી.
વધુ વિગતો ....(પરવાનેદાર વેબસાઈટનું સરનામું) વેબસાઈટ પરથી ઉપલબ્ધ રહેશે.

પ્રતિ,
નાયબ ઈજનેર
વિતરણ પરવાનેદારનું નામ
પેટા-વિભાગીય કચેરી

કચેરીના ઉપયોગ માટે		
ક્રમ નંબર		અરજદારનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો
રસીદ નં. અને તારીખ		
અરજી નંબર.		
ગ્રાહક નંબર.		
કરારીત વીજભાર		
લાગુ પડતો વીજદર		

હું/ અમે આથી મારી/અમારી, માલિકીના/કબ્જાના સ્થળમાં વીજપૂરવઠો પૂરો પાડવા નવું વીજજોડાણ/પીડીસીનું પુન:જોડાણ/ હયાત જોડાણમાં ફેરફાર/હંગામી વીજ જોડાણની વિનંતી કરીએ છીએ.

અરજદાર અને સ્થળની ની વિગતો (જયાં વીજપૂરવઠાની જરૂરી છે): (લાગુ પડતા સામે √ નિશાની કરો)

૧: અરજીનો પ્રકાર;

૧	નવું વીજજોડાણ		૬.	સ્થળ ફેરફાર	
૨	વીજભાર વધારો		૭.	હંગામી પૂરવઠો	
૩	વીજભાર ઘટાડો		૮.	વીજ જોડાણમાં ફેરફાર	
૪	પુન:જોડાણ(ખેતીવાડી)		૯	ગ્રાહકની વીજકક્ષામા ફેરફાર	
૫	નામમાં ફેરફાર				

વીજભાર વધારો/વીજભાર ઘટાડો/ પુન:જોડાણ(ખેતીવાડી)/ નામમાં ફેરફાર/ સ્થળ ફેરફાર/ હંગામી પૂરવઠો/ વીજ જોડાણમાં ફેરફાર/ ગ્રાહકની વીજકક્ષામા ફેરફાર માટે;

ગ્રાહકનું નામ	ગ્રાહક નંબર

૨ : વીજવપરાશનો હેતુ :

૧	ઘરવપરાશ		૫.	ખેતીવાડી	
૨	વાણિજ્ય		૬.	પાણી પુરવઠા	
૩	ઔદ્યોગિક		૭.	સ્ટ્રીટ લાઈટ	
૪	સંસ્થાકીય		૮.	અન્ય - દર્શાવવુ	

૩:ઉદ્યોગ/વાણિજ્ય એકમ/ સંસ્થાનો પ્રકાર :

૪:અરજદારનો વૈધાનિક દરજ્જો:

☐ માલિક ☐ ભાડૂઆત બાજુના ગ્રાહક નંબર ☐

૫.:અરજદારનું પૂરૂં નામ અને સરનામું (જ્યાં વિજપૂરવઠો માંગેલ છે)

અરજદારનું નામ :

અટક	પ્રથમ નામ

મધ્ય નામ

શેરી/સોસાયટી/એપાર્ટમેન્ટ/એસ્ટેટનુ નામ :

ઘર/ફ્લેટ નંબર.

પ્લોટ સબ પ્લોટ/શેડ નંબર.

શેરી/મહોલ્લો

ગામ/નગર/શહેરનું નામ સાથે જમીન સર્વે નંબર

વોર્ડ નં/નજીકનું સીમાચિહન

ગામ/નગર/શહેર	તાલુકા	જિલ્લો	પિન કોડ

૬. હાલનું પત્રવ્યવહારનુંસરનામું (પત્રવ્યવહાર માટે)

ટેલિફોન નંબર.	**મોબાઈલ નંબર.**	**ઈ.મેઈલ એડ્રેસ**
....	....	....

૭ : વીજભારની વિગત (કિવો/એચપી)

☐ સિંગલ ફેઝ (૬ કિલોવોટ સુધી) ☐ થ્રી ફેઝ (૬ કિલોવોટથી વધુ ૧૦૦ કિલોવોટ સુધી)

વિગત	**નવું જોડાણ**	**હયાત કરારીત વીજભાર**	**વીજભાર વધારો/વીજભાર ઘટાડો**	**કુલ વીજભાર**
લાઈટ, પંખા અને અન્ય ઉપકરણો				
મોટીવ પાવર વીજભાર				
કુલ				

૮. પુન:જોડાણ/સ્થળ ફેરફાર/(ફક્ત ખેતી વિષયક વીજ જોડાણ માટે)

ગ્રાહકનું નામ (બિલની નકલ જોડવી)	ગ્રાહક નંબર

હાલનો જમીન સર્વે નંબર		નવો જમીન સર્વે નંબર (સ્થળ ફેરફારના કિસ્સામાં)	
જમીન સર્વે નંબર	ગામ	જમીન સર્વે નંબર	ગામ

૯. નામમાં ફેરફાર :

ગ્રાહક નંબર :

જૂના ગ્રાહકનું નામ :

નવા ગ્રાહકનું નામ :

૧૦. **સર્વિસ રૂપાંતર :**

૧.	જો વીજજોડાણમા ફેરફાર માટે વિનંતી હોય તો (લાગુપડે ત્યાં નિશાની કરો)	(એ) હળવા દબાણની સિંગલ ફેઝમાંથી હળવા દબાણ થ્રી ફેઝમાં બદલવા	
		(બી) હળવા દબાણ થ્રી ફેઝમાંથી હળવા દબાણ સિંગલ ફેઝમાં બદલવા	
		(સી) ભારે દબાણમાંથી હળવા દબાણમાં બદલવા	
		(ડી) અન્ય (દર્શાવવુ)	
૨	જો ગ્રાહકની વીજકક્ષામા ફેરફાર કરવાનો હોય તો કૈ વીજ કક્ષામા ફેરફાર ઈચ્છે છે તે જણાવવું.	(આ સાથે સામેલ તમામ વીજદર વર્ગની યાદી જોવી)	

૧૧. **સામેલ કરવાના દસ્તાવેજોની યાદી**

I. આ અરજીપત્રક સાથે જોડેલ ઓળખપત્ર;

- વ્યક્તિગત અરજદારના કિસ્સામાં (કોઈપણ એક)	(૧) ચૂંટણી ઓળખ કાર્ડ;	
	(૨) પાસપોર્ટ;	
	(૩) ડ્રાઈવિંગ લાઈસન્સ;	
	(૪) રેશનકાર્ડ;	
	(૫) સરકારી સંસ્થા દ્વારા અપાયેલ ઓળખ કાર્ડ;	
	(૬) પાન કાર્ડ;	
	(૭) ગ્રામ્ય કક્ષાના લાગુ પડતા સરકારી કર્મચારી દ્વારા અપાયેલ ઓળખ પ્રમાણ પત્ર;	
	(૮) આધાર કાર્ડ.	
-જો અરજદાર કંપની, ટ્રસ્ટ, શૈક્ષણિક સંસ્થા, સરકારી વિભાગ વગેરે હોય તો તેવા કિસ્સામાં	સક્ષમ સત્તાધિશે (જેમ કે બ્રાન્ચ મેનેજર, આચાર્ય, કાર્યપાલક ઈજનેર વગેરે) જરૂરી ઠરાવ/સંસ્થાના ઓથોરીટી લેટર સાથે જોડી અરજીપત્રકમાં સહી કરવી.	

II. જેને માટે વીજળી જોડાણ માંગવામાં આવ્યું તેના કબ્જાની માલિકીની સાબિતી (કોઇ એક સામે નિશાની કરો)

૧.	રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અથવા લીઝ ડીડ અથવા ખેતીવાડીના કિસ્સામાં ૭/૧૨, ૮-અ અને હકપત્રક(૬-અ)ની નકલ	
૨.	મ્યુનિસિપલ વેરાની પહોંચ અથવા માંગ નોટિસ અથવા અન્ય લાગુ પડતા દસ્તાવેજો	
૩.	ફાળવણીપત્ર	
૪	જો અરજદાર જગ્યા નો માલિક નથી પણ કબજેદાર છે તેણે ઉપરોક્ત એક થી ત્રણ માંથી કોઈપણ એક દસ્તાવેજ અને જગ્યાના માલિકનું “ના વાંધા પ્રમાણપત્ર” આપવાનું રહેશે.	

III. હાલના સરનામાનો પુરાવો (કોઈ એક સામે નિશાની કરો) :

(૧) ચૂંટણી ઓળખ કાર્ડ	
(૨) પાસપોર્ટ	
(૩) ડ્રાઈવિંગ લાઈસન્સ	
(૪) રેશનકાર્ડ	
(૫) સરકારી સંસ્થા દ્વારા અપાયેલ ઓળખ કાર્ડ	
(૬) હયાત બેન્ક ખાતાનું સ્ટેટમેન્ટ	
(૭) તાજેતરનું પાણી/ટેલીફોન/ઈલેક્ટ્રીસીટી/ગેસનાં જોડાણનું તાજેતરનુંબીલ	
(૮) ઈન્કમ ટેક્સ એસેસમેન્ટ નંબર	
(૯) આધાર કાર્ડ	

IV. લાગુ પડતા અન્ય દસ્તાવેજો (દર્શાવવું)

૧૨: ગ્રાહકના નામે પરવાનેદારની કામગીરીના વિસ્તારમાં વીજબીલના લેણા બાકી છે? : હા/ના

૧૩:વીજ જોડાણ મંગેલ જગ્યામાટે અરજી કરી હોય તે જગ્યા માટે વીજબીલના લેણા બાકી છે? : હા/ના

૧૪: ગ્રાહક જેની સાથે માલિક, ભાગીદાર, ડીરેક્ટર કે મેનેજીંગ ડીરેક્ટર તરીકે જોડાયેલ હોય તેવી કોઈ પેઢી સામે પરવાનેદારની વીજબીલના લેણા બાકી છે? : હા/ના

(પ્રશ્ન ૧૨, ૧૩ અને ૧૪ માટે જવાબ ‘હા’ હોય તેવા કોઇ પણ સંજોગોમાં અલગ કાગળ પર વિગતો દર્શાવવી)

૧૫: બાંહેધરી:

હું/અમે આ સાથે બાંહેધરી આપીએ છીએ કે,

(એ) મારી જાણકારી મુજબ આ અરજીમાં આપેલી માહિતી સાચી છે.

(બી) હું/અમો, પરવાનેદાર વીજપૂરવઠો શરૂ કરે તે તારીખ પછીનાં મહિનાનાં પ્રથમ તારીખથી બે વર્ષ સુધી વીજપુરવઠો મેળવવાની ઈચ્છા રાખીએ છીએ અને વિતરણ પરવાનેદાર સાથે તે માટે સહમત છીએ.

(સી) મે/અમો, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગુજરાત વીજળી પૂરવઠા સંહિતા) વિનિયમોનું વાંચન કરેલ છે તેમજ તેની શરતો પાળવા માટે બંધાયેલ છું/છીએ.

(ડી) હું/અમો નિયમીત રીતે વીજલેણુ લાગુ પડતા વીજદરો અને અન્ય ખર્ચ મુજબ ભરપાઇ કરીશ/કરીશું.

(ઈ) હું/અમો, મીટર, કટ-આઉટ અને સ્થાપનની સુરક્ષા અને સલામતી જવાબદારી લઉં છું/લઈએ છીએ.

તારીખ : **અરજદાર ગ્રાહકની સહી/અધિકૃત સહી**
સ્થળ: **નામ:**

(અરજદાર અંગૂઠાનું નિશાન લગાવે ત્યારે સાક્ષીની સહી તથા નામ જણાવવું જરૂરી છે.)

(પેઢી/ભાગીદારી/લિમિટેડ કંપની, વકાલતનામું ધરાવતી વ્યક્તિની સહી સાથે સંસ્થાનો અધિકૃત સીક્કો લગાવવો ફરજીયાત છે.)

નોંધ :

અરજીપત્રક સાથે ઓળખપત્ર, જગ્યાની માલીકી/કબ્જાનો પુરાવો અને હાલના સરનામાનો પુરાવો ઉપરાંત નીચેના દસ્તાવેજો મુજબના દસ્તાવેજો સામેલ કરવા :

(૧) ભાગીદારી પેઢીના કિસ્સામાં – અરજદારે ભાગીદારી દસ્તાવેજ અને અરજદારને અરજીપત્રકમાં સહી કરવાનો અને કરારનામામાં સહી કરવાનો અધિકાર આપતો પત્ર.

(૨) જાહેર અને અથવા ખાનગી લીમીટેડ કંપનીના કિસ્સામાં અરજદારે મેમોરેન્ડમ અને આર્ટીકલ ઓફ એસોસીએશન તથા સંસ્થાપન પ્રમાણપત્ર(સર્ટીફીકેટ ઓફ ઈન્કોર્પોરેશન) તેમજ અરજદારને અરજીપત્રકમાં સહી કરવાનો અને કરારનામામાં સહી કરવાનો અધિકાર આપતો પત્ર.

(૩) ચોક્કસ અરજદારના વર્ગ માટેના અન્ય દસ્તાવેજો

(૧)ઓધૌગિક ગ્રાહક: અધિકૃત ઓધૌગિક પરવાનો, જો લાગુ પડતુ હોય તો, તેમજ જમીનનો બિનખેતી હેતુ માટેના વપરાશને અધિકૃત કરતો મંજુરીપત્ર અથવા વીજ જોડાણ ચાલુ કર્યા પહેલા બિનખેતીનું પ્રમાણપત્ર આપવાની બાંહેધરી સાથે બિનખેતી કરવા માટે કરેલ અરજીની નકલ.

(૨)ખેતીવિષયક ગ્રાહક: સક્ષમ સત્તાધિશનું ટ્યુબવેલ માટેનું "ના વાંધા પ્રમાણપત્ર" જો લાગુ પડતુ હોય તો

(૩)બિનરહેણાંક અને હંગામી માળખુ: નગરનિગમ/ નગરપાલિકા/ નગરપંચાયત/ ગ્રામસભા/ ગ્રામપંચાયત/ જમીન વિકાસ સત્તામંડળ / જમીન વિકાસ સત્તાધિશનું બિનરહેણાંક અને હંગામી માળખા અંગેનું "ના વાંધા પ્રમાણપત્ર"

(૪)ગરીબી રેખાની નીચેના વર્ગનાં (બી.પી.એલ) ગ્રાહકો: સક્ષમ રાજ્ય સરકારના સત્તાધિશ દ્વારા અપાયેલ બીપીએલ કાર્ડ

(૪)વારસદાર સિવાયના નામમાં ફેરફારના કિસ્સાઓમાં: હયાત ગ્રાહકનું "ના વાંધા પ્રમાણપત્ર" જો શક્ય હોય તો અને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ/ભાડાચીઠ્ઠી દસ્તાવેજ/વારસાઇ દસ્તાવેજ/વારસાઇ પ્રમાણપત્ર (અન્ય દસ્તાવેજો હોય તો દર્શાવવા)

(૫) વારસદારનાં કિસ્સામાં નામમાં ફેરફાર માટે: રજીસ્ટર્ડ દસ્તાવેજ/વારસાઇ અથવા કાયદેસરના વારસદારનું પ્રમાણપત્ર/પરિવર્તન ખત (અન્ય દસ્તાવેજો હોય તો દર્શાવવા) અને જ્યારે કોઇ એક વારસદારના નામે નામમાં ફેરફાર થતું હોય ત્યારે અન્ય વારસદારોનું " ના વાંધા પ્રમાણપત્ર" મૃત ગ્રાહકનાં કિસ્સામાં "મૃત્યુ પ્રમાણપત્ર" જરૂરી છે.

(૬) વીજભાર વધારો/વીજભાર ઘટાડો/ પુન:જોડાણ(ખેતીવાડી)/ નામમાં ફેરફાર/ સ્થળ ફેરફાર/ હંગામી પૂરવઠો/ વીજ જોડાણમાં ફેરફાર/ ગ્રાહકની વીજકક્ષામા ફેરફાર/સ્થળ ફેરફારના કિસ્સામાં: જો ગ્રાહકના ઉપકરણોમાં ફેરફાર કરેલ હોય તો લાયસન્સ ધરાવતા ઈલેક્ટ્રીકલ કોન્ટ્રાકટરનું કામ પુરૂં કર્યાનું પ્રમાણપત્ર તેમજ ટેસ્ટ રીપોર્ટ.

(૭) નવા ઔદ્યોગિક જોડાણ અથવા વીજભાર વધારાના કિસ્સામાં: પ્રદૂષણ કે પર્યાવરણના દ્રષ્ટિકોણથી સક્ષમ સત્તાધિશનું " ના વાંધા પ્રમાણપત્ર" જરૂરી હોય તો તે જોડવાનું રહેશે.

(૮) તમામ જોડેલ દસ્તાવેજી પુરાવાઓ સ્વયં પ્રમાણિત કરવાના રહેશે.

બિડાણ : એનેક્ષર- III

જોડાણ-૨

અરજી પત્રક – નવું વીજ જોડાણ/ વીજભાર વધારો/ વીજભાર ઘટાડો/ નામમાં ફેરફાર (ભારે દબાણના/અતિ ભારે દબાણના વીજ જોડાણ માટે) પત્રક (ફોર્મ એ-૨)

એચ.ટી. જોડાણ નંબર

અરજીની તારીખ

નોંધ : (૧) અરજદારને વિનંતી છે કે તેનું/તેણીનું પુરુ નામ સંપુર્ણ વિગતો સાથે સુવાચ્ય અક્ષરે દર્શાવી સહી કરવી.
વધુ વિગતો .... (પરવાનેદાર વેબસાઈટનું સરનામું) વેબસાઈટ પરથી ઉપલબ્ધ રહેશે.

પ્રતિ,
નાયબ ઈજનેર
વિતરણ પરવાનેદારનું નામ
પેટા-વિભાગીય કચેરી

કચેરીના ઉપયોગ માટે		અરજદારનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો
ક્રમ નંબર		
રસીદ નં. અને તારીખ		
અરજી નંબર.		
ગ્રાહક નંબર.		
કરારીત વીજભાર		
લાગુ પડતો વિજદર		

હું/ અમો, આથી મારી/અમારી, માલિકીના/કબ્જાના સ્થળમાં ભારે દબાણ/અતિ ભારે દબાણનો વીજપૂરવઠો પૂરો પાડવા નવું વીજજોડાણ/ હાલના જોડાણમાં ફેરફાર/હંગામી જોડાણ આપવા માટે આપને વિનંતી કરૂં છું/કરીએ છીએ.

૧.	અરજદાર/ સંસ્થાનું નામ								
૨.	પિતા/પતિ/ડિરેક્ટર/ભાગીદાર/ટ્રસ્ટીનું નામ								
૩.	જોડાણનો પ્રકાર	☐ નવું ☐ તબદીલ ☐ વીજભાર વધારો/ઘટાડો મૂળ ગ્રાહકનું નામ							
૪.	પત્ર વ્યવહાર માટે સરનામું								
૫.	જ્યાં નવા જોડાણ માટે અરજી કરી હોય/હાલનું જોડાણ ખસેડવું જરૂરી હોય તેનું સરનામું: (સ્થળ ઓળખાણ માટે સીમા ચિન્હો દર્શાવવા)								
૬.	પૂરવઠો જે વોલ્ટેજે જરૂરી હોય તે કિ.વોલ્ટ (લાગુ પડતી કેટેગરી સામે ટીક કરવું)	૧૧ કિ. વોલ્ટ	૨૨ કિ. વોલ્ટ	૩૩ કિ. વોલ્ટ	૬૬ કિ. વોલ્ટ	૧૧૦ કિ. વોલ્ટ	૧૩૨ કિ .વોલ્ટ	૨૨૦ કિ. વોલ્ટ	૪૦૦ કિ. વોલ્ટ

૭.	પૂરવઠાનો પ્રકાર(કાયમી/હંગામી)				
૭.(અ)	પૂરવઠો હંગામી હોય તો જરૂરિયાતની મુદત નિર્દિષ્ટ કરો	તારીખથી :			
		તારીખ સુધી			
૮.	જેના માટે અરજી કરી હોય તે કરાર માંગની વિગતો : (કિ.વો./ કે.વી.એ.માં)				
૯.	વીજ જરૂરિયાત કિ.વો.માં	☐ નવું જોડાણ	☐ કરાર માંગમાં ફેરફાર		
			ચાલુ કરાર માંગ	વધારો/ઘટાડો	સુધારેલ કરાર માંગ
૧૦.	વીજ પૂરવઠો જ્યારથી જોઈતો હોય તે અંદાજીત તારીખ				
૧૧.	વીજ સ્થાપનનો હેતુ	માલ ઉત્પાદન/સેવા			
૧૨.	પસંદ કરેલ પ્રશુલ્કનો પ્રકાર				
૧૩.	કરાર માંગ પ્રોજેક્શન માટે આધાર-ધારેલો વિવિધતા પરીબળ				
૧૪.	ઉત્પાદન ક્ષમતા				
૧૫.	કામ કરતી પાળીઓ				
૧૬.	અરજદારની કાનૂની સ્થિતિ : (જેમકે, માલિકી/ ભાગીદારી/ પ્રાઈવેટ લિમિટેડ/ પબ્લિક લિમિટેડ/ મંડળી/ સરકારી વિભાગ/ સરકારી ઉપક્રમ)				
૧૬.(અ)	નોંધણી નંબર અને તારીખ				
૧૭.	ઔદ્યોગિક જગ્યાઓ વિકસાવતી સંસ્થાનું નામ				
૧૮.	કબ્જા પત્ર અથવા બિન-વાંધાપ્રમાણ પત્ર	નંબર:	તારીખ :		
૧૯.	સંસ્થાએ આપેલ નકલ જોડવી				
૨૦.	ઉપરનું યુનિટ બીજા કોઈ સ્થળે ક્યારેય કામ કરતું હતું અથવા જોડાણ માટે અરજી કરી હતી.(જો હા, તો વિગતો આપવી)	(ક) મંજૂર કરેલ વીજભાર (ખ) જોડાણ નં. (ગ) ચૂકવણી બાકી હોય તો			
૨૧.	ભૂતકાળમાં જગ્યા માટે વીજળી જોડાણની માંગણી કરી હતી: (જો હા, તો વિગતો આપવી)	(ક) મંજૂર કરેલ વીજભાર (ખ) જોડાણ નં. (ગ) ચૂકવણી બાકી હોય તો			
૨૨.	જમીન સંપાદનની સ્થિતિ				
૨૩.	વૈદ્યાનિક જરૂરીયાત મુજબ.................... પાસેથી જરૂરી સંમતિ/બિન-વાંધા પ્રમાણપત્ર મેળવેલ છે કે કેમ?(પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની યાદી પ્રમાણે લાગુ પડતું હોય તો) (જો, હા તો નકલ જોડો)				
૨૪.	પરવાનેદારની કામગીરીના વિસ્તારમાં ગ્રાહકના નામે કોઈ વીજળીની રકમ બાકી છે કે કેમ?	હા/ના			

૨૫.	જે જગ્યા માટે જોડાણની અરજી કરી હોય તેના માટે કોઇ વીજળીની રકમ બાકી છે કે કેમ?	હા/ના
૨૬.	ગ્રાહક જેની સાથે માલિક, ભાગીદાર, ડિરેક્ટર કે મેનેજીંગ ડિરેક્ટર તરીકે સંકળાયેલ હોય તેવી કોઇ પેઢી પાસે પરવાનેદારની કોઇ વીજળી રકમ બાકી છે કે કેમ?	હા/ના
(જો પ્રશ્ન ૨૪,૨૫ અને ૨૬ માટે કોઇ પણ કિસ્સા માટે જવાબ હા માં હોય તો અલગ પેપર પર વિગતો દર્શાવવી)		

બાંહેધરી:

હું/અમે આ સાથે બાંહેધરી આપીએ છીએ કે,

(એ) મારી જાણકારી મુજબ આ અરજીમાં આપેલી માહિતી સાચી છે.

(બી) હું/અમો, પરવાનેદાર વીજપૂરવઠો શરૂ કરે તે તારીખ પછીનાં મહિનાનાં પ્રથમ તારીખથી બે વર્ષ સુધી વીજપુરવઠો મેળવવાની ઈચ્છા રાખીએ છીએ અને વિતરણ પરવાનેદાર સાથે તે માટે સહમત છીએ.

(સી) મે/અમો, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગુજરાત વીજળી પૂરવઠા સંહિતા) વિનિયમોનું વાંચન કરેલ છે તેમજ તેની શરતો પાળવા માટે બંધાયેલ છું/છીએ.

(ડી) હું/અમો નિયમીત રીતે વીજલેણુ લાગુ પડતા વીજદરો અને અન્ય ખર્ચ મુજબ ભરપાઇ કરીશ/કરીશું.

(ઈ) હું/અમો, મીટર, કટ-આઉટ અને સ્થાપનની સુરક્ષા અને સલામતી જવાબદારી લઉં છું/લઇએ છીએ.

તારીખ : **અરજદાર ગ્રાહકની સહી/અધિકૃત સહી**

સ્થળ: **નામ:**

(પેઢી/ભાગીદારી/લિમિટેડ કંપની, પાવર ઓફ એટર્ની ધરાવતી વ્યક્તિની સહી સાથે સંસ્થાનો અધિકૃત સિક્કો લગાવવો ફરજીયાત છે.)

નોંધ

અરજી પત્ર સાથે નીચેના દસ્તાવેજો જોડવા :

૧. જગ્યાની માલિકીની સાબિતી :

૨. નકશામાં જગ્યાની તમામ હદો,જમીન/જગ્યાની અંદર અને બહારના માર્ગો/ જાહેર માર્ગ/માર્ગો (માર્ગ/માર્ગોનાં નામ સાથે), મકાનની જગ્યાઓ બહારની સંસ્થાની માલિકીની જમીન, માર્ગો, કોઇ હોય તો તે પણ સ્પષ્ટ રીતે બતાવાયેલ હોવા જોઇએ.

૩. જો જરૂરી હોય તો પરવાનેદાર/વૈધાનિક સત્તાધિકારી પાસેથી એન.ઓ.સી. અથવા અરજદાર પાસેથી એવું એકરાર કે તેનાં જોડાણ માટે કોઈપણ ધારાઓની અંદર એન.ઓ.સી.ની જરૂરિયાત નથી.

૪. માલિકીની પેઢી હોય તો, અરજદાર સંપૂર્ણ માલિક હોવાનું દર્શાવતી એફિડેવિટ રજૂ કરવી.

૫. ભાગીદારી પેઢીના કેસમાં, ભાગીદારી ડીડ

૬. લિમિટેડ કંપનીના કેસમાં, મેમોરેન્ડમ એન્ડ આર્ટીકલ્સ ઓફ એસોસીએશન અને સંસ્થાપન પ્રમાણપત્ર (સર્ટીફીકેટ ઓફ ઈન્કોર્પોરેશન)

૭. ગ્રાહકનું કાયમી રહેણાંકનું સરનામું અને પાન નંબર, જો હોય તો. પછીથી જો કોઇ ફેરફાર થાય તો ગ્રાહકે તરત પરવાનેદારને તેની જાણ કરવી.

૮. ઉત્પાદન/ઉત્પાદનમાં વધારાનો ઇરાદાપત્ર રજૂ કરવો.

૯. અપેક્ષિત વીજભાર સાથે સ્થાપિત કરવા વિચારેલ સાધનોની યાદી

૧૦. અધિકૃત સહી કરવા માટેનો ઠરાવ

૧૧. ઉદ્યોગ વિભાગમાં નોંધણી

૧૨. વીજળી અને પ્રક્રિયા જરૂરિયાતો સાથે સંલગ્ન પ્રોજેક્ટ અહેવાલનો સાર (ઉદ્યોગના કેસમાં)

૧૩. ચાલુ પ્રશુલ્ક હુકમની પ્રસ્તુત કલમની નકલ, જેમાં ગ્રાહકે પસંદ કરેલ પ્રશુલ્ક વર્ગની વિગતો પૂરી પાડી હોય અને તેણે તેના પર યોગ્ય રીતે સહી કરી હોય. આની સાથે બધી ઔપચારિકતાઓ પૂરી કર્યા પછી સમજૂતિ સામેલ કરવી.

જોડાણ :૩

આ જોડાણ તરીકે પરવાનેદારે લાગુ પડતાં વર્ષ માટે, તેઓના વિસ્તારમા લાગુ પડતા પ્રશુલ્કની વર્ગવાર પ્રશુલ્ક અનુસૂચિ રજૂ કરવી.

જોડાણ :૪

વીજચોરી/અનધિકૃત ઉપયોગના કેસોમાં વીજળીની આકારણી:

(૧)વીજચોરીની માટેનાં વીજળી વપરાશની આકારણી ફોર્મ્યુલા નીચે મુજબ રહેશે.

આકારેલ યુનિટ : L X H X F

જ્યાં L =કેડબલ્યુ માં વીજભાર (નિરીક્ષણ દરમ્યાન ગ્રાહકના જગ્યામાં જોડાણ કરાયેલ મળેલો વીજભાર);

ડીમાન્ડ બેઝ ગ્રાહકો માટે કેડબલ્યુ માં L એટલે નિરીક્ષણ સમયે ગ્રાહકોનાં કૂલ જોડાણ કરાયેલ વીજભારના ૭૫% અથવા કરાર માંગ, બેમાંથી જે વધુ હોય તે,

H= આ સંહિતાના ખંડ ૭.૭ પરથી ધ્યાનમાં લેવાયેલ કલાકોની સંખ્યા

F = લોડ ફેક્ટર કે જે વપરાશના જુદા જુદા પ્રકારો માટે નીચે આપ્યા મુજબ લેવામાં આવશે.

ક્રમ નં	**વિગતો**	**ઉપયોગ**	**લોડ ફેક્ટર**
૧.	(એચ. ટી) ઉદ્યોગો, રેલ્વે ટ્રેકશન અને (એચ.ટી) ખેતીવાડી	સતત પ્રક્રીયા	૧૦૦%
		એક પાળી માટે(૮ કલાક) બે પાળી માટે(૧૬ કલાક) ત્રણ પાળી માટે(૨૪ કલાક)	૩૦% ૬૦% ૯૦%
૨.	(એચ.ટી) બિન રહેણાંક ગ્રાહકો		૫૦%
૩.	(એચ.ટી) રહેણાંક ગ્રાહકો		૧૩%
૪.	(એલ.ટી) ઔદ્યોગિક ગ્રાહકો	સતત પ્રક્રિયા એક પાળી (૮ કલાક) બે પાળી (૧૬ કલાક) ત્રણ પાળી (૨૪ કલાક)	૧૦૦% ૨૫% ૩૮% ૭૫%
૫.	(એલ.ટી) બિન-રહેણાંક ગ્રાહકો		૪૫%
૬.	(એલ.ટી) રહેણાંક ગ્રાહકો	- એરકન્ડીશનીંગ સિવાયના અન્ય સાધનો	૧૩%
		- એરકન્ડીશનીંગ સાધનો ફેબ્રુઆરી-ઓક્ટોબર	૫૦%
		- એરકન્ડીશનીંગ સાધનો નવેમ્બર-જાન્યુઆરી	૦%
૭.	ખેતીવાડી મીટરયુક્ત ગ્રાહકો		૪૦%
૮.	પાણીપૂરવઠો અને ગટરના પાણીનું પંપિંગ		૫૦%
૯.	સ્ટ્રીટ લાઇટ/જાહેર વીજળી		૫૦%
૧૦.	હંગામી વીજપૂરવઠો		૫૦%
૧૧.	સીધી ચોરી-તમામ પ્રકારના વિજવપરાશ માટે		૧૦૦%

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.